સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

આસો સુદ-૪ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૭-૧૦-૨૦૨૪ -સોમવાર

**સરકારી બેન્કોમાં પણ 'અગ્નિવીર-કલાર્ક'!નોકરીની ગેરન્ટી નહિં**

**શાકભાજી-ફ્રુટના વેચાણમાં વચેટીયા જ મલાઈ તારવી જાય છે**

## તહેવારો ટાણે વેપાર ઉદ્યોગનો 'બિઝનેસ કોન્ફિડન્સ' સર્વોચ્ચ સ્તરે



### સીઆઈઆઈનો સર્વે: વૈશ્વિક પડકારો પર આંશિક ચિંતા

નવી દિલ્હી તા.૭

તહેવારોની સિઝન તથા ત્યારબાદ જોરદાર લગ્નગાળામાં ભારતીય વેપાર ઉદ્યોગને મોટો બુસ્ટર ડોઝ મળવાના સંકેતો વચ્ચે દેશમાં બિઝનેશ કોન્ફીડન્સ મજબુત હોવા છતાં વિદેશી હાલત-પડકારો ચિંતા સર્જનાર હોવાનું કારણ કન્ફેડેશન ઓફ ઈન્ડીયન ઈન્ડસ્ટ્રીઝ (સીઆઈઆર)ના સર્વેમાં નીકળ્યુ છે.

સીઆઈઆઈના રીપોર્ટમાં જણાવાયા પ્રમાણે વૈશ્વીક પડકારો વચ્ચે સારા કારોબારની સંભાવનાથી ભારતીય વેપાર ઉદ્યોગ જગતનો વિશ્વાસ વધુ મજબુત બન્યો છે. જુલાઈ-સપ્ટેમ્બરનાં ત્રિમાસીક ગાળામાં બિઝનેસ કોન્ફીડેન્સ ઈન્ડેકસ છેલ્લા છ માસનાં ઉચ્ચતમ સ્તરે પહોંચ્યો છે.સરકારી નીતિ એકસમાન બની રહી હોવાના કારણોસર ઉદ્યોગજગતમાં ઉત્સાહ વધ્યો છે. કોન્ફીડન્સ ઈન્ડેકસ ૬૮.૨ પર પહોંચી ગયો છે જે એપ્રિલ-જુનના પ્રથમ ત્રિમાસીક ગાળામાં ૬૭.૩ પર હતો ૪૯ ટકા જેટલી કંપનીઓએ નવી ભરતી માટેની હાલત સુધરવાનો આશાવાદ દર્શાવ્યો હતો.

સર્વેમાં સામેલ કંપનીઓનાં કથન મુજબ સારા ચોમાસા પછી હવે ગ્રામીણ ડીમાંડમાં સુધારો શકય બનશે. આર્થિક સુધારા તથા ખાનગી રોકાણ વધવાનો આશાવાદ હોવાથી વિકાસદર વધશે.

૫૯ ટકા કંપનીઓએ આવતા છ માસમાં ખાનગી મુડી ખર્ચમાં વધારો થવાનો આશાવાદ છે.સરકારી ખર્ચમાં વધારાથી તેનો મહત્વનો સપોર્ટ મળી જશે.જોકે ૪૦ ટકા કંપનીઓએ પોતાના રોકાણ યથાવત રહેવાનો સુર દર્શાવ્યો હતો. ૪૬ ટકા કંપનીઓએ સપ્ટેમ્બર ત્રિમાસીક ગાળામાં ઉત્પાદન ક્ષમતા ૭૫ ટકાથી ૧૦૦ ટકા રહેવાની સંભાવના દર્શાવી છે. ૭૮ ટકા કંપનીઓએ ફૂગાવો ૫ ટકાથી નીચે રહેવાનું કહ્યું હતું. ૩૪ ટકા કંપનીઓએ ડીસેમ્બર ત્રિમાસીક ગાળામાં વ્યાજદર ઘટાડાનું અનુમાન દર્શાવ્યું હતું. ૪૫ ટકા કંપનીઓએ નફામાં વધારો થવાનો સુર દર્શાવ્યો હતો. દેશમાં બિઝનેસ કોન્ફીડન્સ મજબુત હોવા છતાં વિશ્વસ્તરે ભૌગોલીક મેન્શન કોમોડીટી ભાવોમાં ઉછાળો તથા વિદેશી માર્કેટોમાં ઘટતી ડીમાંડ ત્રણ મોટા પડકારો હોવા વિશે ચિંતા દર્શાવવામાં આવી હતી. આ સ્થિતિમાં સાવધાની રાખવાનો સુર હતો.

## પૃથ્વી પરથી મંગળ ગ્રહ પર માત્ર ૧૦૦ દિવસમાં પહોંચી શકાશે



### નાસા તૈયાર કરી રહ્યું છે પાવરફુલ રોકેટ જેમાં ન્યૂક્લિયર એન્જીન હશે જે પરમાણુ ઉર્જાનો ઈંધણ તરીકે ઉપયોગ કરશે

ન્યૂયોર્ક : નાસા એક પરમાણુ રોકેટ તૈયાર કરી રહ્યું છે, જે માત્ર ૧૦૦ દિવસમાં પૃથ્વીથી મંગળ પર પહોંચી શકે છે. હાલમાં મંગળ મિશન માટે ઉપયોગમાં લેવાતાં રોકેટ ૨૧૦ દિવસમાં મંગળ ગ્રહનું અંતર કાપે છે. આ માહિતી જ્યોર્જિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીનાં ન્યુક્લિયર એન્જિનિયરિંગના એસોસિયેટ પ્રોફેસર અને નાસાના આ પ્રોજેક્ટ સાથે જોડાયેલાં વૈજ્ઞાનિક ડેન કોટલ્યારે આપી હતી. તેમણે કહ્યું,

આ ટેક્નોલોજીનું નામ ન્યુક્લિયર થર્મલ પ્રોપલ્શન છે, એટલે કે નાસા એક રોકેટ બનાવી રહ્યું છે જેમાં ન્યુક્લિયર ઈંધણનો ઉપયોગ કરવામાં આવશે.

**સૌથી મોટો પડકાર :**

પરમાણુ રોકેટ પરંપરાગત રોકેટ કરતાં બમણાં શકિતશાળી હશે, જે અડધાં સમયમાં મંગળ ગ્રહ સુધી ૪૦૦ મિલિયન કિલોમીટરની મુસાફરી કરશે. જો કે, સૌથી મોટો પડકાર રિએક્ટરની રચના કરવાનો છે જેમાંથી શકિત ઉત્પન્ન થાય છે. ડેન કોટલિયારે જણાવ્યું હતું કે, નાસા અને ડિફેન્સ એડવાન્સ્ડ રિસર્ચ પ્રોજેક્ટ્સ એજન્સી સંયુક્ત રીતે આ ટેક્નોલોજી વિકસાવી રહ્યાં છે. તેઓ ૨૦૨૭ માં અવકાશમાં આ સંબંધિત પ્રોટોટાઇપ સિસ્ટમનું પ્રદર્શન કરવાની યોજના બનાવી રહ્યાં છે.

**નાસા માનવને પણ મંગળ પર મોકલશે :**

નાસા આગામી ૧૦ વર્ષમાં મંગળ પર માનવ મિશન મોકલવાની તૈયારી કરી રહ્યું છે. જો ન્યુક્લિયર રોકેટ સમયસર તૈયાર કરવામાં આવે તો તે મંગળની મુસાફરીનો સમય ઘટાડી શકે છે. નાસા જે ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે તેમાં સ્પેસક્રાફ્ટને પૃથ્વીથી મંગળ પર જવામાં સાતથી નવ મહિનાનો સમય લાગે છે.

## રેલ્વેનો પાંચ વર્ષે 'યુ-ટર્ન' એન્જીનીયર ભરતી માટે ફરી જુની પ્રથા દાખલ

### પાંચ વર્ષ પૂર્વે કેન્દ્ર સરકારે મંજૂર કરેલી સિસ્ટમ રદ્દ



નવી દિલ્હી, તા. ૭

પાંચ વર્ષ પહેલાં રેલ્વે મંત્રાલયમાં એક નિર્ણય લેવામાં આવ્યો હતો. તે નિર્ણયમાં, રેલ્વેની તકનીકી સેવાઓને આઇઆરએમએસમાં મર્જ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૧૯માં મેનપાવર રિફોર્મના નામે રેલવેની આઠ કલાસ વન સેવાઓને એક જ સેવામાં મર્જ કરવામાં આવી હતી. હવે રેલ્વે ફરી જૂની સિસ્ટમમાં પાછી ફરી રહી છે. એવું કહેવાય છે કે આ સંબંધિત નિર્ણયને કેબિનેટે પણ મંજૂરી આપી દીધી છે. એટલા માટે તેને માત્ર બે દિવસમાં ડીઓપીટી તરફથી લીલી ઝંડી મળી ગઈ છે.

**પહેલા શું વ્યવસ્થા હતી ?**

અગાઉ રેલવેમાં કલાસ વન સેવામાં આઠ સેવાઓનો સમાવેશ થતો હતો. જેમાં સિવિલ એન્જિનિયર , મિકેનિકલ એન્જિનિયર, ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર અને એન્જિનિયર ઑફ રેલવે સ્ટોર્સ. અને ત્રણ બિન-તકનીકી સેવાઓ હતી - ટ્રાફિક સેવા, એકાઉન્ટ સેવા અને વ્યક્તિગત સેવાનો સમાવેશ થતો હતો. વર્ષ ૨૦૧૯માં, રેલ્વે બોર્ડે આ બધી સેવાઓને માત્ર એક સેવા, ભારતીય રેલ્વે મેનેજમેન્ટ સર્વિસીસમાં મર્જ કરી હતી.

પાંચ વર્ષ પછી રેલ્વે ફરીથી જૂની સિસ્ટમમાં પાછી આવી રહી છે. આ નિર્ણયને કેબિનેટની મંજૂરી પણ મળી ગઈ છે. આ વર્ષથી જ, કલાસ વન અધિકારીઓની ભરતી હવે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા હાથ ધરવામાં આવતી બે અલગ-અલગ પરીક્ષાઓ સિવિલ સર્વિસિસ અને સિવિલ એન્જિનિયરિંગ સર્વિસિસ દ્વારા કરવામાં આવશે. રેલ્વેએ હવે એન્જિનિયરિંગ સર્વિસ એક્ઝામિનેશન ૨૦૨૫ દ્વારા ૨૨૫ એન્જિનિયરોની ભરતી કરવાની માંગ કરી છે, જેનાં માટે અરજીઓ માંગાવવામાં આવશે.

કેન્દ્ર સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનિંગએ શનિવારે રેલવેની સીએસઈ અને એન્જિનિયરિંગ સર્વિસ એકઝામિનેશન દ્વારા નિમણૂકના પ્રસ્તાવને 'સૈદ્ધાંતિક રીતે' મંજૂરી આપી છે. રેલવેએ ગુરૂવારે જ આ સંબંધમાં પ્રસ્તાવ મોકલ્યો હતો. ડીઓપીટીએ બે દિવસમાં આ અંગે નિર્ણય લીધો હતો.

રેલવે નિષ્ણાતોનું કહેવું છે કે આઇઆરએમએસ હેઠળ માત્ર એક જ પરીક્ષા હતી. તે સમયે તકનીકી અને બિન-તકનીકી બેકગ્રાઉન્ડના તમામ અરજદારો માટે પાત્રતા માપદંડ સમાન હતાં. મતલબ કે જો કોઈ આઇઆરએમએસ અધિકારીએ રેલ્વે લાઈનનું મેઈન્ટેનન્સ કરવાનું હોય તો શક્ય છે કે તેને સિવિલ ઈજનેરીનો અભ્યાસ ન કર્યો હોય. તેને સમાજશાસ્ત્ર અથવા મનોવિજ્ઞાનનો અભ્યાસ કર્યા પછી યુપીએસસી પાસ કર્યું હોય. એ જ રીતે, રેલવેના રોલિંગ સ્ટોકની દેખરેખ રાખનારા આઇઆરએમએસ અધિકારીઓએ સંસ્કૃતમાં સ્નાતક કર્યું હોય શકે. આવી સ્થિતિમાં તેઓ રેલવેના ટેકનિકલ કામને સમજવામાં નિષ્ફળ જશે.



BEST CORPORATE HOTEL IN RAJKOT
RPJ HOTEL
0281-6167777

સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

આસો સુદ-૪ | પાના : ૧૮ | રૂા. ૪.૦૦ | સ્થાપક : બાબુભાઈ શાહ | તા. ૭-૧૦-૨૦૨૪ -સોમવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૪૪ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT

હરસ-મસા-ભગંદર-ફિશરની
હવે સૌરાષ્ટ્રમાં પણ USFDA એપ્રુવ્ડ લેસર મશીન દ્વારા સારવાર ઉપલબ્ધ
એપોઈમેન્ટ માટે ફોન : 97128 08524
શ્રી સહજાનંદ એનો-કેર હોસ્પિટલ
૨૦૩/૨૦૪, બિજા માળે, ગાયત્રી બિલ્ડીંગ, રજપુતપરા મેઈન રોડ કોર્નર, ભુતખાના ચોક, બસ સ્ટેન્ડ પાસે, રાજકોટ

New Dealer
રાજકોટ માટે ખુશખબર... હવે, TVS તમારી વધુ નજીક...
TVS Jupiter 125 CC
આ નવરાત્રી માં TVS ની ખરીદી કરો, મેળવો અઢળક ઓફરનો લાભ...
♦ ગજબ પ્રાઈઝ ♦ 60+ એવરેજ
♦ આ ભાવમાં સ્કૂટર અને એ પણ 125 CC
♦ બે હેલમેટ સમાઈ જાય એટલી મોટી ડેકી સ્પેશ
₹81311/- થી શરૂ...
નવા શોરૂમ ની આજે જ મુલાકાત લો...
ઓમ TVS
૧૫૦ ફૂટ રીંગ રોડ, રૈયા ટેલીફોન એક્સચેન્જ પાસે, ટોયોટા શોરૂમ સામે, રાજકોટ. Mo. 6359999413/14
₹90500/- થી શરૂ...
TVS RAIDER

### એકઝીટ પોલથી રાજકીય ઉતેજના વધી:દિલ્હીમાં બેઠકોનો દૌર

# કાલે હરિયાણા-જમ્મુ કાશ્મીર વિધાનસભા ચૂંટણીના પરિણામો

**જમ્મૂ-કાશ્મીરમાં ત્રિશંકુ સ્થિતિઃ સતાનું પત્તુ ખીણના અપક્ષો-પીડીપી પાસે રહે તેવી ધારણાઃ જોકે ભાજપ ઉપરાજયપાલના ‘પાવર’ પર મુસ્તાક**

**લોકસભા બાદ યોજાયેલી પ્રથમ ચૂંટણીઓ ‘અપસેટ’માં ના સંકેતઃ હરિયાણામાં ભાજપના ૧૦ વર્ષના શાસનનાં ચુકાદા પર મીટઃ કોંગ્રેસ-કમબેકના ઉત્સાહમાં**

**મહારાષ્ટ્ર-ઝારખંડ અને ૫૦ પેટા ચૂંટણીઓનો તખ્તો પણ તૈયારઃ દિવાળી પછી મતદાનની ધારણાઃ રાજકીય પારો સતત વધતો રહેશે.**

નવી દિલ્હી: દેશમાં ફરી એક વખત ગરમ થયેલા રાજકીય વાતાવરણમાં એક તરફ કાલે હરીયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીનાં પરીણામો જાહેર થશે અને બન્ને રાજયોના આવેલા એકઝીટ પોલથી સસ્પેન્સ વધી ગયુ છે તો બીજી તરફ હવે ચૂંટણી પંચ ગમે તે સમયે મહારાષ્ટ્ર અને ઝારખંડની વિધાનસભા ચૂંટણીની જાહેરાત કરશે અને દિવાળી પછી યોજાનારી આ ચૂંટણીની સાથે ઉતર પ્રદેશની વિધાનસભાની ૧૦ બેઠકો સહિત કુલ ૫૦ બેઠકોની પેટા ચૂંટણી પણ જાહેર કરશે.

લોકસભા ચૂંટણી બાદની યોજાયેલી હરીયાણા તથા જમ્મુ-કાશ્મીરની વિધાનસભા ચૂંટણીના મતદાન સંપન્ન થતા જ રવિવારે દર્શાવાયેલા એકઝીટ પોલમાં ભાજપની સ્થિતિ ‘‘પાતળી’ હોવાનું દર્શાવે છે. હરીયાણામાં પક્ષ ૯૦ બેઠકોમાં

(અનુસંધાન ૧૪ મા પાને)

# સેન્સેકસ ૯૫૦ પોઈન્ટ તૂટયો : ૪ લાખ કરોડ સ્વાહા

**શેરબજારમાં એકધારી આક્રમક વેચવાલીથી મંદી : ૪૧૫૪ શેરોમાંથી માત્ર ૫૪૭ જ ગ્રીન ઝોનમાં : માર્કેટ કેપ ઘટીને ૪૫૨ લાખ કરોડ**

રાજકોટ, તા. ૭

મુંબઇ શેરબજારમાં કડાકાનો દૌર આગળ વધ્યો હોય તેમ આજે વધુ ગાબડા પડયા હતા. સેન્સેકસ, ઇન્ટ્રા ડે ૯૫૦થી વધુ ગગડયો હતો. ખાસ કરીને મીડકેપ, સ્મોલકેપના શેરોનો ભુકકો બોલી ગયો હતો. ઇન્વેસ્ટરોની સંપતિમાં ચાર લાખનું ધોવાણ થઇ ગયું હતું.

શેરબજારમાં આજે શરૂઆત તેજીના ટોને થયા બાદ એકાએક વેચવાલીનો મારો શરૂ થઇ ગયો હતો અને માર્કેટ ધડામ કરતું મંદીમાં ધસી ગયું હતું. વિદેશી નાણા સંસ્થાઓની આક્રમણ વેચવાલીનો પ્રત્યઘાત ગણવામાં આવતો હતો. ઇઝરાયલ, લેબનાન, ઇરાન વચ્ચેના ટેન્શન અને યુધ્ધ વધુ ભીષણ બનવાના ભણકારાની અસર હતી. જાણીતા

(અનુસંધાન ૧૪ મા પાને)

# રાફેલે ‘પરચો’ દેખાડયોઃ ભારતે ૫૫૦૦૦ ફૂટની ઉંચાઈએ ચીનનો ‘જાસૂસી ગુબ્બારો’ તોડી પાડયો

નવી દિલ્હી : ચીન સાથેનાં સરહદી વિવાદ વચ્ચે, ભારતીય વાયુસેનાએ તાજેતરમાં પૂર્વી મોરચે ૫૫૦૦૦ ફૂટથી વધુની ઊંચાઈએ ચીનનાં જાસૂસી બલૂન જેવાં લક્ષ્યને તોડી પાડવાની તેની ક્ષમતા સાબિત કરી છે. ૨૦૨૩ ની શરૂઆતમાં, યુ.એસ. સરકારે પાંચમી પેઢીના એફ-૨૨ રેપ્ટર ફાઇટર જેટનો ઉપયોગ સમુદ્રમાં ચાઇનીઝ જાસૂસી બલૂનને મારવા માટે કર્યો હતો. ભારતીય વાયુસેના ખૂબ જ ઉંચાઈએ ઉડતાં બલૂન દ્વારા ઉભા થતાં પડકારનો સામનો કરવાના મુદ્દા પર ચર્ચા કરી રહી હતી. ભારતે ગયાં વર્ષે યુએસ એરફોર્સ સાથે પણ આ મુદ્દે ચર્ચા કરી હતી.



સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય વાયુસેનાએ થોડાં મહિના પહેલાં પૂર્વીય વાયુ કમાન્ડના ક્ષેત્રમાં ચીનનાં જાસૂસ બલૂન જેવાં લક્ષ્યને તોડી પાડવા માટે રાફેલ ફાઇટર જેટનો ઉપયોગ કર્યો હતો. વાયુસેનાએ ચીનનાં જાસૂસ બલૂનની તુલનામાં કદમાં નાનાં બલૂનનો ઉપયોગ કર્યો હતો જેને યુએસ એરફોર્સે તોડી પાડ્યો હતો. તેણે કહ્યું કે બલૂન કેટલાક પેલોડ સાથે

(અનુસંધાન ૧૪ મા પાને)

ઓફિસ વેચવાની છે
(150 ફુટ કાર્પેટ)
વીરાણી કોમ્પ્લેક્ષ, ઓફિસ નં.26,
7/12 ભકિતનગર સ્ટેશન પ્લોટ રાજકોટ
કોન્ટેક : અતુલભાઈ : 98240 58832

www.rnsbindia.com
કાર લોન માત્ર ૮ ટકાથી ૪૮ કલાકમાં
➔ ઝીરો પ્રિ-કલોઝર/પાર્ટ-પેમેન્ટ ચાર્જીસ
➔ મોર્ગેજની જરૂર નહિ
➔ ફિકસ વ્યાજદર
કારની કિંમત રૂા. ૧૦ લાખ હોય- ૭ વર્ષની લોન હોય તો અન્ય કરતા રૂા. ૪૨ હજારથી વધુનો ચોખ્ખો ફાયદો
સંપર્ક : 95707 80707
રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
સહકારથી સમૃધ્ધિ | PROUDLY CO-OPERATIVE | નાના માણસની મોટી બેંક

# રેલવે ટ્રેક પર રેતી-માટીના ઢગલા કરી દીધાઃ ટ્રેન ઉથલાવવાનુ ષડયંત્ર

**ટ્રેન ચાલકની સમયસુચકતાથી દુર્ઘટના ટળી**



રાયબરેલી : રાયબરેલીના ખીરોં પોલીસ સ્ટેશન વિસ્તારમાં રઘુરાજ સિંહ રેલવે સ્ટેશનના પૂર્વી ગેટ પર રવિવારે રાત્રે લગભગ ૮ વાગ્યે રેલવે ટ્રેક પર માટીનો ઢગલો પડ્યો હતો. તે નસીબદાર હતું કે રાયબરેલી-રઘુરાજ સિંહ પેસેન્જર ટ્રેનનાં લોકો પાઇલટને માટીનાં ઢગલા પર નજર પડી હતી. જેનાં કારણે ઇમરજન્સી બ્રેક લગાવીને ટ્રેનને રોકી દેવામાં આવી હતી અને ટ્રેન પાટા પરથી ઉતરતાં બચી હતી. લગભગ ૨૦ મિનિટ બાદ ટ્રેન રવાનાં કરવામાં આવી હતી.

રવિવારે રાત્રે ટ્રેન નંબર ૦૫૨૫૧ રાયબરેલી-રઘુરાજ સિંહ પેસેન્જર લગભગ ૮:૦૩ વાગ્યે રઘુરાજ સિંહ રેલવે સ્ટેશન પર આવી રહી હતી. જેવી ટ્રેન રેલ્વે ફાટક પાસે પહોંચી કે તરત જ લોકો પાયલટ સંજીવ કુમાર અને સહાયક લોકો પાયલટ સૌરભ કુમાર સિંહે રેલ્વે ટ્રેકની વચ્ચે માટીનો મોટો ઢગલો જોયો હતો. પાયલોટે તરત જ ટ્રેન રોકી અને રઘુરાજ સિંહ રેલ્વે સ્ટેશનના આસિસ્ટન્ટ સ્ટેશન

(અનુસંધાન ૧૪ મા પાને)

# ઈરાનના કુદત ફોર્સનાં વડા લાપતાઃ ચાર દિ’થી સંપર્ક તૂટતા ઈઝરાયેલ પર વાર




બૈરૂત તા.૭

મધ્યપૂર્વમાં ટેન્શન સતત વધી રહ્યું છે અને યુદ્ધ વધુને વધુ ભડકી રહ્યું છે. તેવા સમયે ઈરાનનાં કુદસ ફોર્સનાં વડા ભેદી રીતે લાપતા બનવા ગંભીર સુચિતાર્થ ગણાવાય છે. આ મામલે ઈઝરાયેલ તરફ આંગળી ચીંધવામાં આવી રહી છે.

ઈરાને ગત ૧લી ઓકટોબરે ઈઝરાયેલ પર જોરદાર મિસાઈલ હુમલો કર્યો હતો તેના બે દિવસ બાદથી ઈરાનનાં શકિતશાળી કુદત ફોર્સનાં વડા ઈસ્માઈલ કદની લાપતા છે. ઈરાન તેમની સાથે સંપર્ક કરી શકતુ નથી એવુ બહાર આવ્યું છે કે હિઝબુલ્લાહ વડા હસન નાસરલ્લાહના મોત બાદ તેઓ લેબનોન ગયા હતા અને ત્યારપછી તેનો કોઈ અતોપતો નથી.

ઈરાનના સંરક્ષણ અધિકારીઓએ કહ્યું કે ઈઝરાયેલની બૈરૂત પરની એરસ્ટ્રાઈક બાદ ઈસ્માઈલ કાનીનો કોઈ અતોપતો નથી તેઓ છેલ્લે બૈરૂતના દરીયા ક્ષેત્રમાં હતા અને તે સમયે જ આ ક્ષેત્રમાં ઈઝરાયેલે મિસાઈલ હુમલો કર્યો હતો આ હુમલામાં હિઝાબુલ્લાહના ઉતરાધિકારી સફીદીનનો ખાત્મો થયાનો દાવો છે.

રાજશૃંગી બેઝમેન્ટ પેલેસ રોડ, રાજકોટ
આ વર્ષે ફકત એક જ શો-રૂમ પર
આજ થી શુભારંભ
નવરાત્રી સ્પેશીયલ ખરીદીનો લ્હાવો
ફરી શુધ્ધ ચાંદીના સંગાથે
પોપ્યુલર પાયલ તથા એકસકલુઝીવ 92.5 સીલ્વર જવેલરી મેલા
પાયલ ની જોડી સાથે ચાંદીનો સિકકો ફ્રી 1 Gms.
તા.07 થી 12 ઓકટોબર, 2024
સવારે 10:30 થી રાત્રે 8:30
Popular The Jewel Shopee Payal Mela 2024 ફ્રી
AN EXCLUSIVE GOLD&SILVER ART SHOPEE
popular® THE JEWEL SHOPEE
રાજશૃંગી, બેઝમેન્ટ, પેલેસ રોડ, રાજકોટ. Mo. 9724457575
Art in Silver popular Group SINCE 1963
ADEX



અર્જુનનો એક જ વાયદો
51% નો FLAT ફાયદો
કોઇપણ જ્વેલરીની ઘડામણ પર
Arjun Jewellers® PRIVATE LIMITED
ARJUN GREAT WEDDING FESTIVAL 2024
GREATEST OFFERS. EVERY YEAR.
+91-76230-18189 | RAJKOT - Nana Mava Branch - Mavdi Branch

# મેટોડામાં જૂની અદાવતનું સમાધાન કરવા ભેગાં થયેલા મિત્રો વચ્ચે બઘડાટીઃ ત્રણ ઘવાયા

## લોધિકાના ખિરસરામાં રહેતાં નિલેશ સાગઠિયા અને તેના બે મિત્રો પર હિતેષ વાઘેલા સહિતના શખ્સોનો હિંચકારો હુમલોઃ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ હાથ ધરી

રાજકોટ. તા.૭

મેટોડામાં જૂની અદાવતનું સમાધાન કરવાં ભેગાં થયેલા મિત્રો વચ્ચે બઘડાટી બોલતાં ત્રણ ઘવાયા હતાં. લોધિકાના ખિરસરામાં રહેતાં નિલેશ સાગઠિયા અને તેના બે મિત્રો પર હિતેષ વાઘેલા સહિતના શખ્સોનો હિંચકારો હુમલો કરતાં ઘવાયેલા યુવાનોને સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે મેટોડા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે લોધિકાના ખિરસરામાં રહેતાં નિલેશભાઈ અરવિંદભાઈ સાગઠીયા (ઉ.વ.૨૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે હિતેષ વાઘેલા, રાજ વાઘેલા, ખુશાલ વાઘેલા, નંદુ ઉર્ફે લખો અને વિશાલ વાઘેલાનું નામ આપી જણાવ્યું હતું કે, તે હાલ ચારેક મહીનાથી મેટોડા જી.આઈ.ડી.સી. ગેઈટ નં.૦૩ માં આવેલ વેસ્ટન ફર્નીચરમા નોકરી કરે છે. ચારેક મહીના પહેલા તે મેટોડા જીઆઈડીસીમાં આવેલ કારખાનામાં કામ કરતો હતો ત્યારે તેને મિત્રતા ત્યા કામ કરતા હિતેષ વાઘેલા સાથે થયેલ હતી. એક દિવસ મસ્તીમાં તેમની બન્ને વચ્ચે બોલાચાલી થયેલ હતી. ત્યારબાદ તે વેસ્ટર્ન ફર્નીચરમા નોકરીએ લાગી ગયેલ હતો. પાંચ દિવસ પહેલા કારખાનામાં નોકરી કરતો તેમના અન્ય મિત્રએ કહેલ કે, હીતેષ તારા વીષે ખરાબ બોલી ગાળો આપતો હતો.

જેથી હીતેષને ફોન કરી મારા વિશે કેમ ખરાબ બોલે છે આપડે સમાધાન કરી લઈએ તું મેટોડા જીઆઈડીસી ગેઈટ નંબર ૦૩ માં આવેલ મુરલીધર કાંટા પાસે આવજે તેમ કહી ગઈ તા.૦૪ ના સવારના તે તેમના મિત્ર રોહિત અને કલ્પેશ ત્યાં ગયેલ ત્યારે આરોપી વચ્ચે સમાધાનની વાત ચાલતી હતી. દરમિયાન હિતેષ વાઘેલા ઉશ્કેરાઈ ગયેલ જેથી તેને ત્યાથી જતા રહેવા કહેતા તે જતો રહેલ હતો. બાદમાં બીજા દિવસે હિતેષ વાઘેલાનો ફોન આવેલ કે, આપણે સમાધાન કરી લેવુ છે તું મુરલીધર કાંટા પાસે ફરીથી આવજે જેથી તે ફરીવાર મિત્ર સાથે ગયેલ તો થોડી વારમાં ત્યાં સમાધાનની વાતચીત ચાલું હતી દરમિયાન હિતેષના મિત્રો રાજ વાઘેલા, ખુશાલ વાઘેલા ધસી આવેલા અને ઉશેકરાઈ જઈ ગાળો બોલી આરોપીઓ લોખંડનો ધોકો લઈ રોહિતને અને કલ્પેશને માર મારવા લાગેલ હતા.ઝઘડો ચાલુ હતો દરમ્યાન હિતેષ વાઘેલાના બે મિત્ર નકુ ઉર્ફે લખો તથા વિશાલ વાઘેલા પણ દોડી આવેલા અને ધોકાથી ફટકારવા લાગ્યાં હતાં. દરમિયાન લોકો એકઠાં થતાં આરોપીઓ નાસી છૂટ્યા હતાં. બાદમાં ત્રણેય ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં.બનાવ અંગેની ફરીયાદ પરથી મેટોડા પોલીસે પાંચ શખ્સો સામે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# શાપરમાં પ્રકૃતિ વેલનેસ બોડી મસાજ પેઢીમાં પરપ્રાંતિય કર્મચારીઓની નોંધણી પોલીસમાં ન કરાવતા ગુનો દાખલ

## અન્ય રાજ્યોના કર્મચારીઓને કામે રાખી પોલીસને જાણ ન કરનાર યુનિટોમાં ચેકીંગ હાથ ધરાયુ હતું

રાજકોટ, તા.૭

શાપરમાં પ્રકૃતિ વેલનેસ બોડી મસાજ પેઢીમાં પરપ્રાંતિય કર્મચારીઓની નોંધણી પોલીસમાં ન કરાવતા ગુનો દાખલ થયો છે. અન્ય રાજ્યોના કર્મચારીઓને કામે રાખી પોલીસને જાણ ન કરનાર યુનિટોમાં ચેકીંગ હાથ ધરાયુ હતું.




આ અંગે પોલીસ સુત્રોમાંથી મળેલી માહિતી મુજબ, રાજકોટ જિલ્લામાં આવેલ તમામ કારખાનેદાર, મકાન બાંધકામ બિલ્ડર્સ, ફાઉન્ડ્રી ઉદ્યોગ, હીરા ઉધોગ, ખેતીકામ તથા અન્ય વેપાર ધંધા સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેક્ટરના માલિકો અને મેનેજમેન્ટ કે જેઓના યુનિટમાં કર્મચારીઓ, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ કરી રહ્યા હોય, તેની નોંધણી સંબંધિત પોલીસ સ્ટેશને કરાવવા રાજકોટ જિલ્લા અધિક મેજીસ્ટ્રેટનું જાહેરનામું છે. જાહેરનામાની ચુસ્ત પણે અમલવારી કરાવવા શાપર વેરાવળ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. ચેકીંગ દરમિયાન વેરાવળ ગામ મેઈન રોડ પર આવેલા પ્રગતિ મોલના ત્રીજા માળે પ્રકૃતિ વેલનેસ નામની પેઢી આવેલી હોય ત્યાં તપાસ કરતા પેઢીમાં રહેલ કર્મચારીઓનું પોલીસ વેરીફીકેશન કરાવેલ નહીં હોવાનું જાણવા મળ્યું હતું. જેથી બોડી મસાજનું કામ કરતી પ્રકૃતિ વેલનેસ નામની પેઢીના સંચાલક કરણવીર લખમા રામજી માલી (ઉ.વ.૨૬, રહે.હાલ- વેરાવળ ગામ મેઈન રોડ પ્રગતિ મોલના ત્રીજા માળે આવેલ દુકાનમાં, મુળ જિ.જાલોર રાજસ્થાન) સામે પોલીસે જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી સંચાલકની અટકાયત કરી હતી.

# હાથમાં ઈજાની સારવાર કરાવી પરત ફરતા ટ્રેકટરે ઠોકર મારી, બે બહેનોના એકના એક ૧૮ વર્ષીય ભાઈનું મોત

## રાજકોટમાં અકસ્માતનું એપી સેન્ટર બનેલા કોઠારીયા રોડ રણુજા મંદિર પાસેની ઘટનાઃ મૃતક મિહિર વેગડાનો પરિવાર મૂળ પોરબંદરનો વતની : હાલ મૃતક શાપર રહેતો

## મિહિરની સારવાર કરાવી મિત્ર અજયસિંહ સોઢાની રિક્ષામાં પરત આવતા હતા, બહેન દિવ્યા અને માતા નંદુબેનની નજર સામે જ બનાવ બન્યો

રાજકોટ, તા.૭

રાજકોટમાં અકસ્માતનું એપી સેન્ટર બનેલા કોઠારીયા રોડ રણુજા મંદિર પાસે વધુ એક અકસ્માત મોતની ઘટના બની છે. હાથમાં ઈજાની સારવાર કરાવી પરત ફરતા ટ્રેકટરે ઠોકર મારતા બે બહેનનોના એકના એક ૧૮ વર્ષીય ભાઈનું મોત થયું છે. મૃતક મિહિર રાણાભાઈ વેગડા (ઉં. વ.૧૮)નો પરિવાર મૂળ પોરબંદરનો વતની છે. તે હાલ મૃતક શાપર વેરાવળ ખાતે તેમના બહેન સાથે રહતો હતો. મિહિરની સારવાર કરાવી મિત્ર અજયસિંહ સોઢાની રિક્ષામાં પરત આવતા હતા ત્યારે બહેન દિવ્યા અને માતા નંદુબેનની નજર સામે જ બનાવ બન્યો હતો. આ અંગે ટ્રેક્ટર ચાલક સામે ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદી દિવ્યાબેન રાણાભાઈ વેગડા (ઉં.વ.૨૦, રહે. શાંતિધામ ગેટ નંબર ૧, મફતિયાપરા વેરાવળ - શાપર)એ ફરિયાદમાં જણાવ્યું કે, તા.૫/૧૦/૨૦૨૪ ના સવારના ૧૦ વાગ્યે હું તથા મારા માતા નંદુબેન તથા બહેન અવનીબેન તથા ભાઈ મિહિર અમે ચારેય મારા ભાઈ મિહિરના મિત્ર અજયસિંહ ભીખુભા સોઢાની ઓટો રીક્ષા નંબર જીજે - ૦૩ બીએલ - ૯૬૪૦ માં રાજકોટ કોઠારીયા રોડ લોટસ હોસ્પિટલ ખાતે મારા ભાઈ મિહિરને જમણા હાથમાં ઈજા થયેલ હોય જેથી બતાવવા આવેલ હતા. સારવાર કરાવી હોસ્પિટલથી શાપર જતા હતા ત્યારે આશરે સાડા બાર વાગ્યે કોઠારીયા રોડ પર રણુજા મંદિર પાસે પુલ ઉપર પહોંચતા સામેથી અજાણ્યા ટ્રેક્ટરનો ચાલક પૂર ઝડપે બેફિકરાયથી ચલાવી અમારી રીક્ષાની જમણી બાજુ ઠોકર મારતા મારા ભાઈને જમણા હાથમાં તથા માથાના ભાગે ગંભીર ઈજા થતા અમે તેને સારવાર માટે લોટસ હોસ્પિટલ ખાતે લઈ ગયેલ જ્યાં ચાલુ સારવાર દરમ્યાન ડોકટરે મારા ભાઈ મિહિરને અકસ્માતમાં માથાના ભાગે તથા જમણા હાથમાં ગંભીર ઈજા થવાથી તેનું મૃત્યુ થયું હોવાનું જાહેર કર્યું હતું.

આજીડેમ પોલીસને જાણ કરવામાં આવતા મિહિરના મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. અજાણ્યા ટ્રેક્ટરના ચાલક સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. મિહિરના માતા નંદુબેન તથા પિતા રાણાભાઈ પોરબંદર રહે છે. મિહિર શાપરમાં તેમના બહેન સાથે રહેતો હતો. તે બે બહેનોનો એકનો એક ભાઈ હતો. બનાવથી પરિવારમાં કલ્પાંત છવાયો છે.

# જિલ્લા-તાલુકાની અદાલતોમાં દિવાળી વેકેશનના દિવસો વધારોઃ બીસીજીની માંગ

## હાઈકોર્ટે પાંચ દિવસનું વેકેશન જાહેર કરતા રજાઓ લંબાવવા માંગઃ ચીફ જસ્ટિસને રજુઆત કરતું બાર કાઉન્સિલ ઓફ ગુજરાત

રાજકોટ તા.૭

જિલ્લા-તાલુકાની અદાલતોમાં હાઈકોર્ટ દ્વારા આ વર્ષે પાંચ દિવસનું વેકેશન અપાયું છે. જેને લઈ રાજયના વકીલ આલમમાં વેકેશનના દિવસો વધારવા માંગણીનો સૂર ઉઠયો છે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાત દ્વારા સળંગ ૯થી ૧૦ દિવસનું વેકેશન આપવા માંગ કરાઈ છે.



ચેરમેન જે.જે. પટેલ, વા.ચેરમેન મુકેશભાઈ કામદાર

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન જે.જે. પટેલ વાઈસ ચેરમેન મુકેશ સી. કામદાર, એકઝીકયુટીવ કમીટીના ચેરમેન નલીન ડી. પટેલ તથા ફાઈનાન્સ કમીટીના ચેરમેન અનીલ કેલ્લાએ જણાવ્યું હતું કે, દિવાળીના સત્રમાં સામાન્ય ક્રમમાં તાલુકા અને જિલ્લાની અદાલતોમાં ૧૦ દિવસનું સળંગ વેકેશન આપવામાં આવે છે. પરંતુ વર્ષે ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા.૨૯/૧૦/૨૪થી તા.૨/૧૧/ ૨૦૨૪ સુધી એમ ૫ દિવસનું દિવાળી વેકેશન આપવામાં આવેલ છે. નીચલી અદાલતોમાં કયારેય દિવાળી સિવાય સળંગ ૯થી ૧૦ દિવસનું ધારાશાસ્ત્રીઓને વેકેશનનો સમયગાળો મળતો નથી અને ગુજરાતની અંદર દિવાળી મહાપર્વ તરીકે ઉજવાય છે અને આ જ દિવાળીના અરસામાં ધારાશાસ્ત્રીઓ પોતાના કુટુંબીજનો સાથે સહેલાઈથી ધાર્મિક પ્રસંગોમાં ધાર્મિક જગ્યાએ તેમજ સામાજીક કામો કરી શકતા હોય છે. જુદા જુદા તાલુકા અને જીલ્લાના બાર એસોસીએશનો દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતને આ બાબતે રજુઆતો કરવામાં આવેલ જેમાં હાઈકોર્ટ દ્વારા તા.૪/૧૧/૨૦૨૪ તા.૫/૧૧/ ૨૦૨૪ અને તા.૬/૧૧/૨૪ સુધી જો દિવાળી વેકેશન લંબાવી આપવામાં આવે તો તેના વિકલ્પે તાલુકા અને જીલ્લા અદાલતોના ધારાશાસ્ત્રીઓ બીજા અને ચોથા શનિવારે પણ હાઈકોર્ટ ને વ્યવસાયીક સેવા બજાવવા માટે પોતાની તૈયારી બતાવેલ છે. જેથી આવા સંજોગોમાં ગુજરાતના તાલુકા અને જીલ્લાની અદાલતોમાં ધારાશાસ્ત્રીઓને સળંગ ૯થી ૧૦ દિવસનું દિવાળી વેકેશન મળી રહે તે માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત તરફથી ગુજરાતની વડી અદાલતના ચીફ જસ્ટીસને રજીસ્ટ્રાર જનરલ મારફતે દિવાળીની રજાઓ લંબાવી આપવા લેખીત માંગણી કરાઈ છે. તેમ બીસીજીના ઈન્ચાર્જ સેક્રેટરી સિધ્ધિ ડી. ભાવસારની યાદીમાં જણાવાયું છે.

# અવસાન નોંધ

**રાજકોટઃ** રાજકોટ નિવાસી સ્વ. હીનાબેન અનિલભાઈ વણઝારા (ઉ.૬૦) તે અનિલભાઈ જમનાદાસભાઈ વણઝારાનાં ધર્મપત્નિ તેમજ અમીબેન તથા માનસીબેનના માતુશ્રી તથા ઋષભભાઈ, અનિષભાઈના સાસુનું તા.૫ને શનિવારના રોજ અવસાન પામેલ છે. સદગતનું ટેલીફોનીક બેસણું તા.૭ને સોમવારના રોજ બપોરે ૪થી ૬ રાખેલ છે.

**સલાયાઃ** સ્વ. પરસોતમ ગોકલદાસ ગાંધીના પુત્ર ગુલાબરાય (ઉ.૭૫) તે જેન્તીભાઈ, હરીશભાઈ, જગદીશભાઈ, મુકેશભાઈના ભાઈ તથા અલ્પેશ, સ્વ. દિવ્યેશ (ટીનો), નિલેશના પિતાશ્રી, સ્વ. વલ્લભદાસ રૂગનાથ પોપટ (પોરબંદરવાળા) હાલ રાજકોટના જમાઈ તા.૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા.૭ના ૪થી ૪-૩૦ લાલજી મંદિરે માતુશ્રી પ્રેમબાઈ પ્રાર્થના હોલમાં રાખેલ છે. સસરા પક્ષની સાદડી સાથે રાખેલ છે.

**રાજકોટઃ** દિપકભાઈ બાબુભાઈ ચાવડા (ઉ.૫૮) તે બાબુભાઈ ભાણજીભાઈ ચાવડાના પુત્ર, સ્વ. નંદકીશોરભાઈ, કોકીલાબેન, અલકાબેનના નાના ભાઈ તથા પ્રેમજીભાઈ, મનુભાઈના ભત્રીજાનું તા.૫ના અવસાન થયું છે. બેસણું ૪૦ ફુટ રીંગ રોડ, માટેલ સોસાયટી, શેરી ન.૫, ખોડીયાર મંદિર પાસે, રાજકોટ સાંજે ૪થી ૬ રાખેલ છે. મો.૯૫૧૨૬ ૦૫૬૦૯.

**મોરબીઃ** મોરબી નિવાસી (મુળ ધ્રાંગધ્રા) સ્વ. રતિલાલ માણેકચંદ સંઘવીના પુત્રવધૂ તથા ઈન્દુભાઈ સંઘવીના ધર્મપત્ની પ્રેમિલાબેન (ઉ.૮૮) તે નીખીલભાઈ (સંઘવી કોમ્પ્યુટર સેન્ટર પ્રા.લી. મોરબીવાળા)ના માતુશ્રી તેમજ રજનીભાઈ, અરવિંદભાઈના ભાભી, વઢવાણ નિવાસી સ્વ. ચીમનલાલ હેમચંદ વોરાના પુત્રીનું તા.૬ના અવસાન થયેલ છે.

**ઉપલેટાઃ** ઉપલેટા તાલુકાના જામટીંબડી નિવાસી જયેશભાઈ વિનોદભાઈ પંડયાના પિતાશ્રી વિનોદભાઈ દેવશંકરભાઈ પંડયા (ઉ.૬૮)નું તા.૫ને શનિવારના રોજ અવસાન થયેલ છે. બેસણું તા.૭ના ત્રણથી છ કડવા પટેલ સમાજ જામટીંબડી મુકામે રાખેલ છે.

**ઉપલેટાઃ** ઉપલેટા તાલુકાના મોજીરા નિવાસી સ્વ. શામજીભાઈ પરસોતમભાઈ રામાણી (ઉ.૭૫) તે અરવિંદભાઈ રામાણી તથા ચંદુભાઈ રામાણીના ભાઈ, કનુભાઈ તથા બહાદુરભાઈ, દિપકભાઈના પિતાશ્રીનું તા.૫ના અવસાન થયું છે. બેસણું તા.૭ના આહીર સમાજ મોજીરા ખાતે ૪થી ૫ રાખેલ છે.

**ઉપલેટાઃ** ઉપલેટા નિવાસી બાવાજી સ્વ. કિશોરનાથ શંભુનાથ વૈરાગી (ઉ.૬૧) તે મનોજનાથનાભાઈ, ક્યુરનાથ વૈરાગી, મીતલબેન પ્રતિકગીરી ગોસ્વામીના પિતાશ્રી, ધર્મેન્દ્રનાધ, હિરેનનાથના કાકા, જયદીપનાથના બાપુનું તા.૫ના અવસાન થયું છે. બેસણું તા.૭ના ૪થી ૬ ત્રિલોકનાથ મહાદેવ મંદિર ઉપલેટા રાખેલ છે.

**જુનાગઢઃ** મુળ સરાડિયા હાલ સુરત નિવાસી અ.સૌ. સુધાબેન અજીતભાઈ લખલાણી (ઉ.૫૪) તે અજીતભાઈ નરભેરામભાઈ લખલાણીના પત્નિ, શૈલેષભાઈ, નિતિનભાઈ (સુરત), યોગેશભાઈ (ચકકો) લખલાણી, બુધ્ધીબેન કેલૈયા, કૈલાશબેન ધાનાણી (માંગરોળ)ના ભાભી અને સુનિલભાઈ, કશ્યપભાઈના માતા તેમજ પંકિતાના સાસુમાનું તા.૩ને ગુરૂવારના રોજ સુરત મુકામે અવસાન થયું છે. સદગતનું બેસણું તા.૧૦ને ગુરૂવારના રોજ સરાડિયા શ્રી કૃષ્ણ મંદિર (ચોરો) ખાતે સવારે ૯થી સાંજના ૬ દરમ્યાન રાખેલ છે.

**રાજકોટઃ** સોની દક્ષાબેન દિનેશભાઈ ફિચડિયા (ઉ.૪૬) તે સોની હરજીવન ડાયાભાઈના પુત્રવધુ દિનેશભાઈના ધર્મપત્ની તથા રશેસ કાલિંદી તથા કૌશલના માતુશ્રી તા.૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે શાન્તીલાલ લક્ષ્મીચંદ ધોળકિયાની દિકરી તથા શૈલેષભાઈના મોટાબેન થાય. પીયર પક્ષની સાદડી સાથે સદગતનું બેસણું તા.૭ના સોમવારના રોજ સાંજે ૪થી ૬ તેમના નિવાસસ્થાને રાધાક્રિષ્ના પાર્ક શેરી નં.૨, માં કોમ્પ્લેકસ, સાધુ વાસવાણી કુંજ રોડ, રેલનગર ખાતે રાખેલ છે.

**જસદણઃ** રાજગોર બ્રાહ્મણ (કાઠીગોર) ભાવેશભાઈ તેરૈયા (દકાભાઈ ઉ.૪૫) તે નવલશંકરભાઈ તેજાગોરભાઈ તેરૈયાના પુત્ર, સપનાબેન, જાનવીબેન, પ્રેમભાઈના પિતાશ્રીનું તા.૪ને શુક્રવારના રોજ જસદણ અવસાન થયેલ છે.

# ખંભાત સંપ્રદાયના પૂ.વસુબાઈ મહાસતીજી કાળધર્મ પામ્યા

રાજકોટ તા.૭



ખંભાત સંપ્રદાયના મહાનવૈરાગી પૂ.કાંતિઋષિજી મ.સા.ના આજ્ઞાનુવર્તી પ્રખર વકતા પૂ. શારદાબાઈ મ.સ.ના સુશિષ્યા મધુરવકતા પૂ.વસુબાઈ મહાસતીજી અમદાવાદ-મણીનગર સુધર્મ સ્થા.જૈન સંઘ, ગોરના કૂવા પાસે તા.૬/૧૦ના રાત્રે ૧૦-૨૨ કલાકે સંથારા સહત કાળધર્મ પામ્યા છે. પાલખી યાત્રા આજે તા.૭ના સોમવારે સવારે ૧૦ કલાકે નીકળી હતી. કલકત્તામાં પૂ.શ્રી ધીરજમુનિ મ.ની નિશ્રામાં કાલે તા.૮ને મંગળવારે ગુણાંજલિ રાખેલ છે.

## દુઃખદ અવસાન ટેલિફોનિક બેસણું



**સ્વ.હીનાબેન અનિલભાઈ વણઝારા**

સ્વ.તા.૦૫-૧૦-૨૦૨૪ શનિવાર (ઉ.વ.૬૦)

દિલગીરી સાથે જણાવવાનું કે સ્વ.હીનાબેન અનિલભાઈ વણઝારા (ઉ.વ.૬૦) તે અનિલભાઈ જમનાદાસભાઈ વણઝારાનાં ધર્મપત્નિ તેમજ અમીબેન તથા માનસીબેનનાં મમ્મી તા.૦૫-૧૦-૨૦૨૪ને શનિવારનાં રોજ શ્રીજી ચરણ પામેલ છે. પ્રભુ તેમના આત્માને ચિર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

::: લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. :::

સદ્‌ગતનું ટેલીફોનિક બેસણું તા.૦૭ ને સોમવારનાં રોજ બપોરે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે રાખેલ છે.

**શોકાતુર**

અનિલભાઈ જમનાદાસભાઈ વણઝારા
અમી ઋષભ શુકલ — માનસી અનિષ ભોસલે
ઋષભ દિપકભાઈ શુકલ — અનિષ વિક્રમભાઈ ભોસલે
વણઝારા પરિવારનાં જયશ્રી કૃષ્ણ

Mob.: 83204 77446 / 94282 99621
94277 25067

Manish Ads

# રાજાવડલા ગામની સીમમાં તીનપતીનો જુગાર રમતા આઠ બાજીગરો ઝડપાયા

## જસદણ પોલીસે રૂા.૧૬૨૦૦ની મતા જપ્ત કરી

રાજકોટ તા.૭

જસદણના રાજાવડલા ગામની સીમમાં તીનપતીનો જુગાર રમતા ૮ શખ્સોને પોલીસે પકડી રૂા.૧૬૨૦૦ની મતા કબ્જે કરી હતી.

દરોડાની વિગત મુજબ જસદણ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે મળેલ ચોકકસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી રાજાવડલા ગામની સીમમાં જાહેરમાં પતા ટીંચતા પ્રકાશ ધનજી વાવડીયા, વલ્લભ લીંબા વાવડીયા, રમેશ નાથા (રહે. ત્રણેય કુંદણી, જસદણ), વિપુલ ભુરા રામાણી (રહે. કમળાપુર), કેશુ કરશન ગોહીલ (રહે.રાજાવડલા), ભરત દેવજી રાવ (રહે.કણકોટ) અને હસુ પ્રાગજી હોડી (રહે.કનેસરા, જસદણ)ને રૂા.૧૬૨૦૦ની મતા સાથે દબોચી લીધા હતા.

## સ્મરણાંજલિ



જય...જય....

**સ્વ.રામકિશોર રતિલાલ કેસરીયા**

સ્વ.તા.૦૭/૦૯/૨૦૨૪, શનિવાર

સ્નેહના સાગર, હરકોઈના પ્રિય, પ્રેમાળ હૈયુ,
સદા સ્મીત, મોજીલા, સેવાભાવ, નિખાલસ,
સદા સરળ જીવન જીવ્યા...
અમે ન ભુલિયે તમોને તમારા સત્કર્મોને...

શોભના રામકિશોર કેસરીયા
કૃણાલ રામકિશોર કેસરીયા
દિના કૃણાલ કેસરીયા
દિયા કૃણાલ કેસરીયા
રેયાંશ કૃણાલ કેસરીયા

શિતલ ચંદ્રેશકુમાર સેદાણી
અદિતિ આશિષકુમાર વસાણી
ખ્યાતિ તેજસકુમાર ઠક્કર
અમી ઈલેશકુમાર કુરાણી
જય, કિર્તન, વિશ્વા, ધ્યેય, દિલેન

# ઘંટેશ્વરમાં સજ્જનબેન અણેવાડીયાને હુમલો આવતાં મોત

રાજકોટ તા.૭

શહેરનાં ઘંટેશ્વર ૨૫ વારિયામાં રહેતાં રહેતાં સજ્જનબેન અણેવાડીયાને હાર્ટ એટેક આવતા મોત નિપજ્યું હતું. બનાવ પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઇ ગઇ છે.બનાવની પ્રાપ્ત વિગત મુજબ ઘંટેશ્વર ૨૫ વારિયામાં રહેતાં સજ્જનબેન જેન્તીભાઈ અણેવાડીયા (ઉ.વ.૪૯) તેઓ ગઈ કાલે પોતાનાં ઘરે હતાં ત્યારે રાત્રીના દોઢ વાગ્યાની આસપાસ હુમલો આવતાં બેભાન થઈ ગયા હતા. બાદ તેઓને તાકીદે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યા હતા. તેઓને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું મૃતકનાં પરિવારજનોએ જણાવ્યું હતું.

### રાજકોટ-જામનગર રોડ પર આવેલ

# ગ્રીન લિફ વોટરપાર્કમાં શેડ પર વેલ્ડીંગ કામ કરતી વેળાએ પટકાતા શ્રમિક યુવકનું કરૂણ મોત

## મૂળ ઉત્તરપ્રદેશનો ૨૪ વર્ષીય સાજન શેડના ત્રીજા માળે કામ કરતો હતો ત્યારે પગ લપસતા નીચે ખાબક્યોઃ ઘટનાસ્થળે જ દમ તોડ્યોઃ છ માસની પુત્રી અને એક વર્ષના પુત્રએ પિતાની છત્રછાયા ગુમાવતાં પરીવારમાં કલ્પાંત

રાજકોટ. તા.૭

રાજકોટ-જામનગર રોડ પર આવેલ ગ્રીન લિફ વોટરપાર્કમાં કરૂણ ઘટના ઘટી હતી. વોટરપાર્કમાં આવેલ લોખંડના શેડ પર ત્રીજા માળે વેલ્ડીંગ કામ કરતી વેળાએ એકાએક નીચે પટકાતા શ્રમિક યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા પોલીસ સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટમાં મોટા મવામાં ગોલ્ડન આર્કની બાજુમાં રહેતો સાજન મુન્નાભાઈ રામ (ઉ.વ.૨૪) ગઈકાલે સવારે તે જામનગર રોડ પર બી.એ.ડાંગર કોલેજ પાછળ આવેલ ગ્રીન લિફ વોટરપાર્કમાં વેલ્ડિંગ કામ કરવા ગયેલ હતો. દરમિયાન તે વોટરપાર્કમાં આવેલ લોખંડના શેડ પર ત્રીજા માળે કામ કરતો હતો ત્યારે અચાનક પગ લપસતા તે નીચે પટકાયો હતો અને માથાના ભાગે અને શરીરે ગંભીર ઈજા પહોંચી હતી. બનાવ સ્થળે એકઠાં થયેલ લોકોએ ૧૦૮ ને બોલાવી યુવાનને સારવાર અર્થે એઈમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં ફરજ પરના તબીબોએ તેને તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઇ ડી.બી.કારેથા અને સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમમાં ખસેડાયો હતો. વધુમાં મળેલ વિગત મુજબ, મૃતક મૂળ ઉત્તરપ્રદેશનો વતની છે અને અહીં તે એકલો રહી મજૂરીકામ કરતો હતો. મૃતકને સંતાનમાં છ માસની પુત્રી અને એક વર્ષનો પુત્ર છે. જેમને પિતાની છત્રછ્યા ગુમાવતાં પરીવારમાં કલ્પાંત છવાયો હતો.

# રીક્ષા ચોરીના ગુનામાં બગસરાના મોણપરનો આરોપી વિરમ ઉર્ફે રાજેશ સાથરીયા દબોચાયો

## જેતપુર ઉદ્યોગનગર પોલીસે રીક્ષા કબ્જે કરી, ગેસ એજન્સીના ગોડાઉન ખાતેથી ચોરી થઈ હતી

રાજકોટ, તા.૭

રીક્ષા ચોરીના ગુનામાં બગસરાના મોણપરના આરોપી વિરમ ઉર્ફે રાજેશ સાથરીયાને પોલીસે દબોચી લીધો હતો. જેતપુર ઉદ્યોગનગર પોલીસે રીક્ષા કબ્જે કરી હતી.

જેતપુરના રબારીકા રોડ પર ભારત ગેસ ગોડાઉન પાસેથી તા.૩/૧૦ની રાત્રીના સમયે ગેસના સિલિન્ડર હેરફેરમાં ઉપયોગ લેવાતી છકડો રીક્ષાની ચોરી થઈ હતી. જે અંગે ભાવેશભાઈ લાખાભાઈ સાકરીયા (ઉં. વ.૪૮, રહે. જેતપુર, અમરનગર રોડ, શિવમ પાર્ક)એ અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી. જે અંગે જેતપુર ઉદ્યોગનગર પોલીસની ટીમ ગુનાનો ભેદ ઉકેલવા અને આરોપીની શોધખોળમાં તપાસમાં હતી. સર્વેલન્સ ટીમ હ્યુમન સોર્સ તથા ટેકનીકલ સોર્સ તથા સી.સી.ટીવી. મારફતે અલગ-અલગ દીશામાં ગુનો શોધી કાઢવા પ્રયત્નશીલ હતી. દરમ્યાન હેડ કોન્સ. રીઝવાનભાઇ સિંજાતને મળેલ હકીકત આધારે ચોરાઉ છકડો રીક્ષા સાથે આરોપી વિરમ ઉર્ફે રાજેશ જેન્તી સાથરીયા (હાલ રહે. જેતપુર બસ સ્ટેશનમાં, મુળ રહે. મોણપર ગામ, તા.બગસરા, જિ.અમરેલી)ને ઝડપી લેવાયો હતો. અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ કામગીરી લમાં. જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકના પીઆઈ ડો.એમ.એમ.ઠાકોર, પીએસઆઇ કે.એસ.ગરચર, હેડ કોન્સ્ટેબલ રીઝવાનભાઇ સિંજાત, હરદેવસિંહ ચુડાસમા, હિતેષભાઇ વરૂ, કોન્સ્ટેબલ ચેતનભાઇ ઠાકોર, મિરલભાઈ ચંદ્રવાડીયા, હેડ કોન્સ્ટેબલ ધવલભાઈ ગાજીપરા (જેતપુર સીટી), ભાવેશભાઇ મકવાણા (એલ.સી.બી.) વગેરે ફરજમાં રહ્યા હતા.

# આજીડેમ ચોકડી પાસેથી રૂા.૧.૪૦ લાખનો દેશી દારૂ ભરેલ બોલેરો ઝડપાઈ

## આજીડેમ પોલીસે દરોડો પાડતાં જ દારૂનો ધંધાર્થી નાસી છૂટ્યોઃ ૭૦૦ લિટર દારૂ સહિત રૂ.૩.૪૦ લાખનો મુદામાલ કબ્જે કરી પોલીસે બોલેરો ચાલકની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૭

આજીડેમ ચોકડી પાસેથી રૂ.૧.૪૦ લાખનો દેશી દારૂ ભરેલ બોલેરો ગાડીને પોલીસે ઝડપી પાડી કુલ રૂ.૩.૪૦ લાખનો મુદામાલ કબ્જે કરી નાસી છૂટેલા દારૂના ધંધાર્થીની શોધખોળ હાથ ધરી હતી.

દરોડાની વિગત મુજબ, આજીડેમ પોલીસ મથકના પીઆઈ એ.બી.જાડેજાની રાહબરીમાં પીએસઆઇ જનકસિંહ રાણા ટીમ સાથે પેટ્રોલિંગમાં હતાં ત્યારે સાથેના એએસઆઇ હારુનભાઇ ચાનીયા તથા રવિ વાંક અને કોન્સ્ટેબલ દેવા ધરજીયાને આજીડેમ ચોકડી પાસે રામવનના ખુણા પાસે એક બોલેરો પડેલ છે તેમાં દેશી દારૂનો જથ્થો ભરેલ છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડતાં ગાડી પાસે કોઇ હાજર મળેલ નહી રેઢી મળી આવેલ અને ગાડીમાંથી કેફી પ્રવાહીની વાસ આવતી હોય જેથી ગાડીની અંદર તપાસ કરતાં તેમાં પ્લાસ્ટીકની નેટ ઢાકેલ હોય જે હટાવી જોતા સફેદ પ્લાસ્ટીકના બાચકા ૨૮ માંથી કુલ બુંગીયા નં.૧૪૦, ૭૦૦ લીટર દેશી દારૂ મળી આવતાં રૂ.૧.૪૦ લાખનો દેશી દારૂ, બોલેરો સહિત રૂ.૩.૪૦ લાખનો મુદામાલ કબ્જે કરી નાસી છૂટેલા બોલેરો ચાલકની શોધખોળ હાથ ધરી હતી.

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્કયુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેકસઃ ૦૨૮૧-૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

### સીંગદાણા-સીંગતેલમાં ભરપૂર પોષક દ્રવ્યો; વપરાશ વધારવા માટે અભિયાન ચલાવવા આહ્‌વાન

# ગુજરાતમાં મગફળીનું ૪૦.૫૬ લાખ ટન ઉત્પાદનનો અંદાજ ભાવ જળવાશે

**ગુજરાત સ્ટેટ એડીબલ ઓઇલ્સ એન્ડ ઓઇલસીડઝ એસોસીએશની વાર્ષિક સભામાં અંદાજ રજુ કરતાં સમીર શાહઃ તેલ ઉદ્યોગના પ્રશ્નોની વિસ્તૃત છણાવટઃ ગોંડલ યાર્ડ મગફળી માટે તમામ સુવિધા આપશે-ચેરમેન અલ્પેશ ઢોલરીયાની જાહેરાત**










**જીલ્લાવાર કેટલુ ઉત્પાદન**

| જીલ્લો | ઉત્પાદન (લાખ ટન) |
|---|---|
| કચ્છ | ૧.૫૦ |
| બનાસકાંઠા | ૩.૯૭ |
| મહેસાણા | ૦.૩૯ |
| સાબરકાંઠા | ૧.૭૫ |
| અરવલ્લી | ૧.૩૦ |
| ગાંધીનગર | ૦.૨૪ |
| સુરેન્દ્રનગર | ૦.૬૪ |
| રાજકોટ | ૫.૩૭ |
| જામનગર | ૩.૯૮ |
| પોરબંદર | ૧.૬૧ |
| જુનાગઢ | ૪.૭૫ |
| ભાવનગર | ૨.૩૩ |
| અમરેલી | ૪.૧૮ |
| મોરબી | ૧.૩૦ |
| ગીર સોમનાથ | ૧.૮૮ |
| દેવભુમિ દ્વારકા | ૪.૮૯ |

રાજકોટ, તા.૭

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ચોમાસાનો વરસાદ ભરપૂર થવા સાથે મગફળીનું ઉત્પાદન પણ ૪૦.૫૬ લાખ ટનના રેકોર્ડબ્રેક સ્તરે રહેવાનો અંદાજ ગુજરાત સ્ટેટ એડીબલ ઓઇલ્સ એન્ડ ઓઇલસીડઝ એસોસીએશનની વાર્ષિક સામાન્ય સભામાં મુકવામાં આવ્યો હતો.

જાણીતા તેલમીલર તથા સંગઠનના પ્રમુખ સમીર શાહે ગોંડલ ખાતે યોજાયેલી સંગઠનની એજીએમમાં ખાદ્યતેલ ઉદ્યોગની વિવિધ સમસ્યા તથા સંભવિત પાક થવાનો છે જ્યારે ખેડૂતોને યોગ્ય ભાવ મળે તે માટે ભાવાંતર યોજના લાગૂ કરવા રજુઆત કરવામાં આવી હતી પરંતુ સરકારે તેનો સ્વીકાર ન કરવા વિશે વસવસો દર્શાવ્યો હતો.

મબલખ પાક છતાં નવી સીઝનના સંભવિત ભાવ વિશે તેઓએ કહ્યું કે સીંગખોળના ભાવ ઘણા નીચા હોવાથી સીંગતેલના ભાવ બહુ નીચા આવવાની સંભાવના નથી. સીંગખોળના ભાવ વધે તે માટે નિકાસ પર ડ્યુટી ડ્રો બેક જેવા લાભ આપવાની માંગ કરી હતી. પશુઓને કપાસિયાખોળની જેમ સીંગખોળનો ઉપયોગ કરવા આહવાન કર્યું હતું.

તેઓએ કહ્યું કે મગફળીના જંગી ઉત્પાદન વચ્ચે તેનો સરળતાથી નિકાલ થાય તે માટે સીંગતેલ-સીંગદાણામાં રહેલા પોષક દ્રવ્યો અને તેના આરોગ્ય લાભાભાલ વિશે લોકોને અવગત કરાવવા તથા પધ્ધતિસરનું અભિયાન છેડવા સૂર વ્યકત કર્યો હતો. આયાતી ખાદ્યતેલો પરની જકાતમાં વધારાના કેન્દ્ર સરકારના નિર્ણયને આવકાર આપતો ઠરાવ કરાયો હતો.

સીંગદાણા તથા સીંગતેલમાં રહેલા પોષક દ્રવ્યો વિશે પણ ઉપયોગી માહિતી આપવામાં આવી હતી. સીંગદાણામાં પ્રોટીન, કેલ્શીયમ, પોટેશીયમ વિટામીન ભરપૂર હોય છે અને કેન્સર હૃદયની બિમારી સામે પણ રક્ષણ આપે છે.

રાજ્યમાં બનાસકાંઠા, રાજકોટ, જામનગર, જુનાગઢ તથા દેવભૂમિ દ્વારકામાં મોટુ ઉત્પાદન થવાનો અંદાજ છે.

આ તકે અતિવિશેષ તરીકે હાજર ગોંડલ માર્કેટ યાર્ડના ચેરમેન અને જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશ ઢોલરીયાએ મગફળી-સીંગતેલમાં રહેલા પોષક દ્રવ્યોની વાતને સમર્થન આપ્યું હતું. ગોંડલ યાર્ડમાં મગફળીના વેપાર માટે તમામ સુવિધા આપવાની ખાતરી આપી હતી. વિસાવદર માર્કેટ યાર્ડના પ્રમુખ વિનુભાઇ હાપાણી તથા મહુવા યાર્ડના ચેરમેન ઘનશ્યામભાઇએ પ્રાસંગિક સંબોધન કર્યા હતા. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાંથી મોટી સંખ્યામાં તેલમીલરો-વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# રાજસ્થાનમાં નવરાત્રી કાર્યક્રમમાં નશામાં ધૂત કારચાલકે ૧૨ લોકોને કચડી નાખ્યા

**કારની હડફેટમાં આવેલી એક ગાયનુ મોતઃ ચારની ગંભીર હાલતઃ પોલીસે ડ્રાઈવરની ધરપકડ કરી**

બારાં (રાજસ્થાન)તા.૭

ગુજરાત સહિત રાજસ્થાનમાં પણ નવરાત્રિની ઉજવણી ચાલી રહી છે ત્યારે રાજસ્થાનમાં પણ ઠેર ઠેર મંડપ અને શણગારની વ્યવસ્થા કરવામાં આવી છે. આ દરમિયાન અહીં બારાં જિલ્લાના અટરુ વિસ્તારમાં ચાર રસ્તા પર લોકો જ્યારે નવરાત્રિ માટે તૈયાર કરવામાં આવેલી ઝાંકી જોઈ રહ્યા હતા ત્યારે જ લોકોની ભીડ પર નશામાં ધૂત વ્યક્તિએ કાર ફેરવી નાખી હતી. આ દુર્ઘટનામાં ૧૨ લોકોને કચડી નાખ્યા હતા જેમને હોસ્પિટલમાં ખસેડાયા છે. જેમાંથી ૪ની હાલત ગંભીર જણાવાઈ રહી છે.



કોન્સ્ટેબલ મનોજ ગુર્જરે જણાવ્યું કે કાર ચાલક હાનિ હેડાનો છે જે લગભગ રાતે ૧૦ વાગ્યે બસ સ્ટેન્ડ તરફથી નશામાં ધૂત થઇને પૂરપાટ ઝડપે કાર ચલાવીને આવી રહ્યો હતો. ત્યારે જ ચાર રસ્તા પર માતાની ઝાંકીમાં આરતીમાં સામેલ અનેક લોકો પર કાર લઈને ફરી વળ્યો હતો. આ કારની લપેટમાં એક ગાય પણ આવી ગઇ હતી જે મૃત્યુ પામી. જેના લીધે અફરાતફરી મચી ગઇ હતી.

આ અકસ્માત બાદ અફરાતફરી વચ્ચે ભીડ વિફરતાં લોકોએ નશામાં ધૂત ડ્રાઈવરને બહાર કાઢીને બરાબરનો મેથીપાક આપ્યો હતો. ઘાયલોને અટરુ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. પોલીસે આ મામલે કાર્યવાહી કરતાં કાર જપ્ત કરી લીધી છે અને આરોપીની ધરપકડ કરી હતી.

# 'ચીન સાથે દોસ્તી છે પણ....' ભારતમાં ઈશારામાં ડ્રેગનને મુઈજજુએ સંદેશો આપી દીધો

નવી દિલ્હી, તા.૭

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મોઇજજુ અને માલદીવની પ્રથમ મહિલા સાજિદા મોહમ્મદ રવિવારે ભારતની મુલાકાત દરમ્યાન વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે મુલાકાત કરી હતી.



દરમ્યાન મીડિયા સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતું કે માલદીવ ક્યારેય એવો નિર્ણય નહીં લે, જે ભારતની વિરુધ્ધ હોય કે બન્ને દેશો વચ્ચે સંબંધો નબળા બને.

ખરેખર તો જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે હાલના સમયમાં માલદીવ અને ચીનના સંબંધો ઘણા બહેતર છે, તો ભારતએ ભરોસો કરી શકે છે કે માલદીવ કંઇક એવું નહીં કરે, જેથી ભારતની સુરક્ષા નબળી પડે. જેના જવાબમાં મુઇજજુએ કહ્યું હતું કે ભારત અમારો મહત્વનો ભાગીદાર છે. તો ભારત એ ભરોસો કરી શકે છે કે માલદીવ ક્યારેય એવું કંઇ નહીં કરે, જેથી ભારતની સુરક્ષા નબળી પડે.

# લુધિયાણામાં 'આપ' સાંસદ સંજીવ અરોરાના ઘરે ઈડીના દરોડા

**સિસોદીયાએ લખ્યું - આજે ફરી મોદીજીએ તેના તોતા-મેનાને ખુલ્લા મૂકી દીધા, પણ અમે ઝુકશું નહીં**

લુધિયાણા, તા.૭

લુધિયાણામાં આમ આમદી પાર્ટીના રાજ્યસભા સભ્ય સંજય અરોરાને ઘેર ઇડીએ દરોડા પાડ્યા હતા. આ ઉપરાંત ફાયનાન્સર હેમંત સૂદના ઠેકાણાઓમાં પણ ઇડીએ દરોડા પાડ્યા હતા. આ દરોડાને લઇને આમ આદમી પાર્ટીના નેતા મનીષ સિસોદીયાએ પ્રતિક્રિયા આપતા ટ્વીટ કર્યું હતું કે આજે ફરી મોદીજીએ તોતા-મેનાને ખુલ્લા છોડી દીધા છે. આજે સવારે ઇડીએ આમ આદમી પાર્ટીના રાજ્યસભા સાંસદ સંજીવ અરોરાજીના ઘેર રેડ કરી છે. છેલ્લા બે વર્ષથી તેમણે અરવિંદ કેજરીવાલના ઘેર, મારા ઘેર, સંજયસહિના ઘેર, સત્યેન્દ્ર જૈનના ઘેર રેડ કરી પણ ક્યાંયથી કંઇ નથી મળ્યું. પણ પૂરા જોરથી મોદીજીની એજન્સીઓ લાગી ગઇ છે. આમ આદમી પાર્ટીને તોડવા માટે આ લોકો કોઇપણ હદે જઇ શકે છે પણ કેટલી પણ કોશિષ કરી લો આમ આદમી પાર્ટીવાળાને ના રોકશે, ન ઝૂંકશે, ના ડરશે.



જ્યારે સંજીવ અરોરાએ જણાવ્યું હતું કે હું કાયદાનું પાલન કરનારો નાગરિક છું. એજન્સીઓને પૂરેપૂરો સહયોગ કરીશ અને તેમના બધા પ્રશ્નોના ઉત્તર આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ઇડીની ટીમોએ અરોરાના કેટલાક નજીકના વ્યાપારિક ભાગીદારોને ત્યાં રેડ કરી હતી. હેમંત સૂદ પૂર્વ કેબિનેટ મંત્રી ભારત ભૂષણ આશુનો નજીકનો છે. અનાજ પરિવહનના કેસમાં આશુનું નામ આવ્યા બાદ થયેલી તપાસ બાદ હવે હેમંત સૂદ પર કાર્યવાહી કરાઇ છે. તપાસમાં વિદેશી લેવડ-દેવડ બહાર આવી છે.

# કોંગ્રેસની વોટબેંક ન બનતાં કિરણ રીજીજુની મુસ્લિમોને ચિમકી

**રિજિજુએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં કહ્યું કે રાહુલ ગાંધીને એસસી, એસટી અને ઓબીસીની સમસ્યાઓની એબીસીડી ખબર નથી**

હરિયાણા :

મોદી સરકારમાં વરિષ્ઠ મંત્રી અને સંસદીય કાર્ય મંત્રીની જવાબદારી સંભાળતા કિરેન રિજિજુએ હરિયાણા અને જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણી પહેલાં મોટી ચેતવણી આપી છે. તેમણે એક ઈન્ટરવ્યુમાં કોંગ્રેસ પાર્ટી પર હિન્દુઓમાં ભાગલા પાડવાનો અને મુસ્લિમોનું તુષ્ટીકરણ કરવાનો આરોપ લગાવ્યો હતો. આ સાથે વિડિયો શેર કરતી વખતે રિજિજુએ અંગ્રેજીમાં બે લાઈન લખી હતી. પહેલાં તેમણે મુસ્લિમોને ચેતવણી આપી અને કહ્યું, 'મુસલમાનોને મારી ચેતવણી : કોંગ્રેસની વોટબેંક ન બનો!' બીજી પંક્તિમાં તેમણે હિંદુઓ અને અન્યોને ચેતવણી આપતાં કહ્યું કે કોંગ્રેસ પાર્ટીની ભાગલા પાડો અને રાજ કરોની નીતિનો શિકાર ન બનો.

રિજિજુએ ઈન્ટરવ્યુમાં કહ્યું કે કોંગ્રેસ પાર્ટીએ મુસ્લિમોનો વોટ બેંક તરીકે ઉપયોગ કર્યો છે. કોંગ્રેસ પાર્ટી પણ ચૂંટણી દરમિયાન કહે છે કે તેની ૧૫ ટકા મુસ્લિમ વોટ બેંક અનામત છે. આ કોંગ્રેસની વિચારસરણી છતી કરે છે. કોંગ્રેસ પાર્ટી મુસ્લિમોને વોટબેંકના દષ્ટિકોણથી જુએ છે તે હકીકત છે. મુસ્લિમો માટે પણ આ મોટું નુકસાન છે.



તેમણે કહ્યું કે કોંગ્રેસની યોજનાનો એક ભાગ મુસ્લિમોને વોટ બેંક તરીકે રાખવા અને હિંદુઓમાં ભાગલા પાડવાનો છે. તેથી જ આ દિવસોમાં રાહુલ ગાંધીના મોઢામાંથી એસસી-એસટી, ઓબીસી જેવા શબ્દો નીકળી રહ્યાં છે. રાહુલ ગાંધીને એસસી, એસટી અને ઓબીસીની સમસ્યાઓની એબીસીડી પણ ખબર નથી, પરંતુ તેમના મોઢામાંથી આ સતત નીકળતાં રહે છે. તેમને એ જ શીખવવામાં આવ્યું છે. તેઓએ મુસ્લિમોને વોટબેંક બનાવી અને હવે હિંદુઓને પણ એસસી-એસટી અને ઓબીસીમાં વહેંચીને વોટ મેળવવા માંગે છે. તેનાથી દેશને મોટું નુકસાન થઈ શકે છે. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ પાર્ટી આ દેશનાં ટુકડા કરવા માંગે છે. કોંગ્રેસે અંગ્રેજોની ભાગલા પાડો અને રાજ કરોની નીતિ હેઠળ આટલાં વર્ષો સુધી શાસન કર્યું અને દેશને ગરીબ રાખ્યો. મુસ્લિમ અને બૌદ્ધ સમુદાયનાં લોકોને પછાત બનાવવાનું કામ કોંગ્રેસ પાર્ટીએ કર્યું છે. હું સમાજનાં દરેક વર્ગને અપીલ કરવા માંગુ છું કે કોંગ્રેસ પાર્ટી દ્વારા ગેરમાર્ગે ન દોરાય. કોંગ્રેસને વોટ આપવો એ સૌથી મોટી ભૂલ સાબિત થશે.

### બનાસકાંઠામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો

# ચારસવારી બાઈકને પૂરઝડપે આવતી કારે ટકકરે લેતા ત્રણ યુવાનોના ઘટનાસ્થળે મોત, એક ગંભીર

**યુવાનો ધાનેરાના ખીમંત ગામે ગરબી જોઈને પરત ફરી રહ્યા હતા ત્યારે અકસ્માત સર્જાયોઃ કારચાલક કાર રેઢી મૂકી નાસી છૂટયોઃ કાર એટલી સ્પીડમાં હતી કે કારની સાથે ૨૦૦ મીટર સુધી બાઈક ઢસડાયું**

ડીસા તા.૭

નવરાત્રિ દરમિયાન રાતે રસ્તા પર વાહનો બેફામ દોડતા જોવા મળે છે જેના કારણે એક્સિડન્ટ થવાની શક્યતા વધી જાય છે. બનાસકાંઠાના ધાનેરાના ખીમત પાસે શનિવારે રાતે એક ફોચ્ર્યુનર કારે એક મોટરસાઇકલને ટક્કર મારતા ત્રણ યુવકોના મોત નીપજ્યા છે, જ્યારે એક યુવકને ગંભીર ઈજા થઈ છે. પ્રાથમિક માહિતી પરથી એવું લાગે છે કે એક જ મોટરસાઈકલ પર ચાર યુવાનો એક સાથે સવારી કરતા હતા અને ફોચ્ર્યુનર કારે તેમને ટક્કર મારી હતી.

આ અકસ્માત એટલો પ્રચંડ હતો કે ફોચ્ર્યુનર કારના આગળના ભાગ અને મોટરસાઇકલના કટકા થઈ ગયા હતા. એક્સિડન્ટ કરનાર કાર પર કોઈ નંબર પ્લેટ ન હતી, પરંતુ કારની અંદરથી એક જ સરખા નંબરની ત્રણ નંબર પ્લેટ મળી આવી હતી. કાર એક્સિડન્ટ કરીને ડ્રાઈવર કાર મૂકીને ભાગી ગયો હતો. પોલીસે આપેલી માહિતી પ્રમાણે બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ઘાડા ગામના ચાર યુવાનો આ અકસ્માતનો ભોગ બન્યા જેમાં ત્રણના મોત થયા હતા અને એકને ગંભીર ઈજા થઈ હતી.



મહીપતસિંહ વાઘેલા, પંકજસિંહ વાઘેલા, યોગેન્દ્રસિંહ વાઘેલા અને મહાવીરસિંહ વાઘેલા નામના યુવાનો પોતાની મોટરસાઇકલ લઈને ધાનેરાના ખીમંત ગામે ગરબા જોવા માટે ગયા હતા. રાત્રિના સાડા અગિયાર વાગ્યાના અરસામાં ગરબા જોઈને ચારેય મિત્રો પરત પોતાના ગામ ઘાડા જઈ રહ્યા હતા. આ સમયે ખીમંત ગામના ઉમેદપુરાના પાટિયા પાસે સામેથી આવી રહેલી ફોચ્ર્યુનર કારના ચાલકે ટક્કર મારતા રસ્તા પર જ તેમના મોત થયા હતા.મહીપતસિંહ વાઘેલા, પંકજસિંહ વાઘેલા અને યોગેન્દ્રસિંહ વાઘેલાના મોત થયા છે જ્યારે મહાવીરસિંહ વાઘેલાને ઈજા થઈ છે. એવું જાણવા મળ્યું છે કે ફોચ્ર્યુનરના ચાલકે એટલી સ્પીડમાં ગાડી ચલાવી હતી કે મોટરસાઇકલને ૨૦૦ મીટર સુધી ઢસડ્યું હતું. તેમાં મહાવીર સિંહ વાઘેલા ફેંકાઈ ગયા જ્યારે બાકીના ત્રણ યુવકો મોટરસાઇકલ સાથે જ ઢસડાયા હતા અને ઘટના સ્થળે જ મોત થયું હતું.

આ અકસ્માત કરનાર કારમાં કેટલા લોકો હતા અને એક્સિડન્ટ પછી કેવી રીતે ભાગી ગયા તે જાણી શકાયું નથી. પરંતુ ફોટો પરથી જાણવા મળે છે કે કારની આગળ કે પાછળ કોઈ નંબર પ્લેટ ન હતી. કારની અંદર દારૂની બોટલો હતી તેવી વાતો સોશિયલ મીડિયા પર વહેતી થઈ છે, પરંતુ તેની પુષ્ટિ કરી શકાઈ નથી.



# મચ્છરોના રાસ ચાલુ-ડેંગ્યુના નવા ૨૬, સિઝનલ રોગચાળાના ૧૮૨૫ કેસ

## મેલેરીયાના પણ બે દર્દીની નોંધ : શરદી-ઉધરસના ૧૦૦૬, ટાઈફોઈડના પાંચ દર્દી સારવારમાં : બેદરકારી બદલ ૪૯૩ આસામીને નોટીસ-૬૨ હજારનો દંડ

રાજકોટ, તા. ૭

રાજકોટમાં નવરાત્રીના દિવસોમાં પણ મચ્છરજન્ય ડેંગ્યુના કેસ યથાવત રહ્યા છે. છેલ્લા અઠવાડિયામાં નવા ૨૬ કેસ સાથે ચાલુ ૨૦૨૪ના વર્ષમાં ડેંગ્યુના કુલ ૨૪૮ દર્દી નોંધાઇ ચૂકયા છે. તો શરદી, ઉધરસ, તાવના પણ હજારથી વધુ સહિત સીઝનલ રોગચાળાના ૧૮૨૫ દર્દી ચોપડે ચડયા છે.

આજે મનપાની આરોગ્ય અને મેલેરીયા શાખાએ જાહેર કરેલી વિગત મુજબ તા.૩૦-૯થી ૬-૧૦ના સમયગાળા દરમ્યાન ડેંગ્યુના ૨૬ કેસ આવ્યા છે. તો મેલેરીયાના પણ વધુ બે દર્દીની નોંધ થઇ છે. અઠવાડિયામાં શરદી-ઉધરસના ૧૦૦૬, સામાન્ય તાવના ૬૩૧, ઝાડા-ઉલ્ટીના ૧૮૩ દર્દી વધ્યા છે. તો ખતરનાક ટાઇફોઇડના વધુ પાંચ દર્દી નોંધાયા છે. જોકે અઠવાડિયામાં ચીકનગુનીયા, કમળો, મરડો કે કોલેરાના કોઇ દર્દીની નોંધ થઇ નથી. તો અઠવાડિયામાં મચ્છર ઉત્પતિ બદલ ૪૯૩ આસામીઓને નોટીસ અપાઇ છે.

ડેંગ્યુ એડીસ મચ્છર દિવસના સમયે કરડે છે અને એક સાથે વધુ લોકોને કરડતો હોવાથી વધુ જનસમુદાય હોય તેવા સ્થળોએ આવા રોગ ફેલાવવાનો જોખમ વધુ રહે છે. આરોગ્ય તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે વાહક નિયંત્રણની કામગીરી હેઠળ સપ્તાહમાં આશાવર્કર તથા વી.બી.ડી. વોલેન્ટીયર્સ સહિત ની ૩૬૦ ટીમો દ્વારા ૯૩,૯૬૨ ઘરોમાં પોરાનાશક તથા ફિલ્ડવર્કરો દ્વારા ૬૫૭૮ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી હતી. સંવેદનશીલ સોસાયટી, મુખ્ય મંદિરો, બગીચા, ખુલ્લા પ્લોટ, સરકારી શાળાઓ, જાહેર રસ્તાઓ તથા



વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારોને સઘન ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.



ડેંગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે બેદરકારી બદલ નોટીસ તથા વહિવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં

### રોગચાળાના કેસની વિગત

| રોગ | સાપ્તાહિક કેસ | ચાલુ વર્ષના કેસ |
|---|---|---|
| મેલેરીયા | ૨ | ૨૮ |
| ડેંગ્યુ | ૨૬ | ૨૪૮ |
| ચીકનગુનીયા | ૦ | ૨૭ |
| શરદી-ઉધરસ | ૧૦૦૬ | ૩૮૯૭૬ |
| સામાન્ય તાવ | ૬૩૧ | ૧૫૦૩૩ |
| ઝાડા-ઉલ્ટી | ૧૮૩ | ૧૦૬૧૮ |
| ટાઇફોઇડ | ૫ | ૭૬ |

આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાક સિવાય અન્ય ૩૪૦ સ્થળે મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં મચ્છર ઉત્પતિ સબબ રહેણાંક માં ૩૬૫ અને કોર્મશીયલ ૧૨૮ આસામીને નોટીસ અપાતા રૂા.૬૨,૩૫૦નો વહિવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. હાલ નવરાત્રીનો ઉત્સવ ઉજવાઇ રહ્યો છે. લોકો મોડી રાત સુધી ઉજાગરા અને તે બાદ બહાર ખાન-પાન કરતા હોય છે. આથી સીઝનલ રોગચાળાની ઝપટમાં આવતા બચવા અને દિવસે પણ મચ્છરથી બચવાના પ્રયાસો કરવા આરોગ્ય વિભાગે જાહેર અપીલ કરી છે.

# મોરબી રોડ પર હદપાર શખ્સ ચોરાઉ બાઇક સાથે ઝડપાયો

રાજકોટ:૭

મોરબી રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહેતા અને હદપાર કરાયેલા શખસને બી ડિવિઝન પોલીસે ચોરાઉ બાઇક સાથે ઝડપી લઇ જરૂરી કાર્યવાહી કરી હતી.પ્રાપ્ત વિગતો મુજબ, બી ડિવિઝન પોલીસ મથકના પીઆઇ એસ.એસ.રાણેની રાહબરી હેઠળ પીએસઆઇ જે.આર. સોલંકી તથા તેમની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન કોન્સ્ટેબલ રાજદીપ પટગીર અને પંકજ માળીને મળેલી બાતમીના આધારે રાજકોટ શહેરમાંથી હદપાર કરાયેલા કૃષાલ અનિલભાઈ વિસપરા(ઉ.વ ૩૪ રહે. મોરબી રોડ, ગ્રીનલેન્ડ ચોકડી પાસે લક્ષ્મણ પાર્ક ૨)ને ઝડપી લીધો હતો. પોલીસે આરોપી પાસે રહેલ બાઈક અંગે પૂછતાછ કરતા તે સંતોષકારક ઉત્તર આપી શક્યો ન હતો. જેથી પોલીસે તેની પાસે રહેલા બાઇકની ખરાઈ કરતા આ બાઈક ચોરીનું હોવાનું અને જે અંગે વાપી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હોવાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે આરોપી પાસેથી આ ચોરાઉ બાઇક કબજે કર્યું હતું. આરોપી કૃશાલ સામે અગાઉ રાજકોટના ભક્તિનગર, બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં દારૂ-જાહેરનામા ભંગ સહિતના ૬ ગુના નોંધાઇ ચુક્યા હોવાનું જાણવા મળ્યું છે.

# આશાપુરાનગરમાં જુગાર રમતા ૭ મહિલા સહિત ૮ પકડાયા

રાજકોટ, તા.૭

ભક્તિનગર પોલીસના પી.આઈ. મયુરધ્વજસિંહ સરવૈયાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઇ. એમ. એન. વસાવાએ તેમની ટીમ સાથે આશાપુરા નગર શેરી નં.૧૬ માં રહેતા ફાઇનાન્સના ધંધાર્થી હરપાલસિંહ જુવાનસિંહ વાળાના ઘરમાં જુગાર રમતા હરપાલસિંહ ઉપરાંત શાંતુબેન જસાભાઈ હેરભા, શાંતાબેન લક્ષ્મણભાઈ આડેસરા, નિશાબેન રામસિંગભાઈ ઠકુડી, આરતીબેન શાંતિલાલ રાયચુરા, હંસાબેન શ્રીપ્રસાદ રાણા, મીનાબા હરિશ્ચંદ્રસિંહ પરમાર અને સવિતાબેન પ્રતાપપુરી ગોસ્વામીને ઝડપી લઇ રૂ.૧૮,૨૫૦ ની રોકડ કબજે કરી હતી.

# કોંગ્રેસની પ્રદેશ નેતાગીરી સાંજે રાજકોટમાં: કાલે જીલ્લાવાઇઝ બેઠક

## પ્રભારી મુકુલ વાસ્નીક, પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ, વિપક્ષી નેતા અમીત ચાવડા, મનીષ દોશી વગેરેનું ગ્રીનલેન્ડ ચોકડીએ ભવ્ય સ્વાગત કરાશે: કોંગ્રેસ કાર્યકરોમાં થનગનાટ

## સંગઠન તથા આગામી ચૂંટણી વિશે ચર્ચા-વિચારણા થશે: કાલે રાજકોટમાં ૪ જિલ્લા તથા બુધવારે અમરેલીમાં ૪ જીલ્લાના આગેવાનો સાથે બેઠક

રાજકોટ, તા.૭

ગુજરાતમાં પંચાયતોની આગામી ચૂંટણી તથા સંગઠન મજબુત બનાવવામાં ઉદેશ સાથે કોંગ્રેસે ઝોનદીઠ જીલ્લાવાર બેઠકો શરુ કરી છે તેના ભાગરૂપે પ્રદેશ નેતાગીરી બે દિવસ સૌરાષ્ટ્રમાં મુકામ કરશે. આજે રાજકોટમાં ચાર જીલ્લાના આગેવાનો સાથે વારાફરતી બેઠક કરશે. બુધવારે અમરેલીમાં બીજા અન્ય જીલ્લાની બેઠકો થશે.

કોંગ્રેસના સૂત્રોએ કહ્યું કે ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસ્નીક, પ્રદેશ પ્રમુશ શક્તિસિંહ ગોહિલ, વિપક્ષી નેતા અમીત ચાવડા, મુખ્ય પ્રવકતા મનીષ દોશી સહિતની આખી પ્રદેશ ટીમ બે દિવસ સુધી સૌરાષ્ટ્રમાં મુકામ કરશે. રાજ્યભરમાં સંગઠન શક્તિશાળી બનાવવા માટે કવાયત કરવામાં આવી રહી છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાતના જીલ્લાઓના રાઉન્ડ અગાઉ પુરા કરી લેવામાં આવ્યા હતા. હવે સૌરાષ્ટ્રનો વારો લેવામાં આવ્યો છે. રાજકોટમાં કાલે, મોરબી, રાજકોટ શહેર, રાજકોટ જિલ્લા તથા જુનાગઢ એમ ચાર જિલ્લાના આગેવાનો સાથે બેઠક કરવામાં આવશે.







સંગઠનલક્ષી બેઠકમાં તાલુકાસ્તર સુધીના આગેવાનોને બોલાવવામાં આવ્યા છે અને તમામ પાસેથી સંગઠનનો રીપોર્ટ માંગવામાં આવશે. નબળી કામગીરી ધરાવતા તાલુકામાં ફેરબદલીની પણ ચીમકી અપાશે.

રાજકોટ બાદ બુધવારે અમરેલીમાં નેતાગીરીનો મુકામ રહેશે જ્યાં અમરેલી, ભાવનગર, બોટાદ જેવા જીલ્લાના આગેવાનો સાથે બેઠક કરાશે. દરેક જીલ્લામાંથી તાલુકાદીઠ ૫૦થી વધુ આગેવાનોને હાજરી આપવા કહેવાયું છે. એનએસયુઆઇ, યુવક કોંગ્રેસ, મહિલા સેલ સહિત તમામ મોરચાના હોદેદારો હાજર રહેશે.

દરમ્યાન પ્રદેશ નેતાગીરી સાંજે રાજકોટ આવશે. જ્યારે તમામનું ગ્રીનલેન્ડ ચોકડીથી જ જોરદાર સ્વાગત કરવાનો કાર્યક્રમ નક્કી કરાયો છે. શહેર કોંગ્રેસના પ્રમુખ અતુલ રાજાણીએ કહ્યું કે પ્રભારી મુકુલ વાસ્નીક પ્રથમ વખત રાજકોટ આવી રહ્યા છે. સાંજે ૭.૧૫ વાગ્યે એરપોર્ટ પર આગમન થયા બાદ રાજકોટ આવશે. જ્યારે ગ્રીનલેન્ડ ચોકડી ખાતે જ તેઓનું જોરદાર સ્વાગત કરાશે. શહેર કોંગ્રેસના હોદેદારો, વિવિધ મોરચાના આગેવાનો તથા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને આવકારશે. તેઓએ રાત્રિ રોકાણ રાજકોટમાં જ કરવાના છે અને આવતીકાલે જુદા-જુદા જીલ્લાના આગેવાનો સાથે વારાફરતી બેઠક કરશે. સંગઠન ઉપરાંત આગામી પંચાયત-કોર્પોરેશન ચૂંટણી વિશે ચર્ચા-વિચારણા કરીને માર્ગદર્શન આપશે.

# વડોદરામાં સગીરા પર ગેંગરેપ કરનાર ૩ વિધર્મી સહિત ૫ આરોપી પકડાયા

## ભાયલી ગામની સીમમાં પોલીસના નામે રૂઆબ છાંટી બોયફ્રેન્ડને બાનમાં લઈને નરાધમોએ સગીરા પર સામૂહિક દુષ્કર્મ ગુજારેલું: ૪૨ કલાકમાં વડોદરા અને અમદાવાદની પોલીસે ગુનાનો ભેદ ઉકેલ્યો: ત્રણ વિધર્મી આરોપીઓ યુપીના હોવાનું જાહેર

વડોદરા, તા.૭

વડોદરાના ભાયલી ગામની સીમમાં પોલીસના નામે રૂઆબ છાંટી સગીરા છાત્રાના બોયફ્રેન્ડને બાનમાં લઈ સગીર છાત્રા પર સામુહિક દુષ્કર્મ આચરનાર પાંચ નરાધમોને પોલીસે પકડી પાડ્યા છે. જેમાં ત્રણ વિધર્મી ઉત્તર પ્રદેશના છે. ગેંગરેપના આરોપીઓને પોલીસે ૪૮ કલાકમાં ઝડપી પાડ્યા છે.

નવરાત્રિના બીજા નોરતે સગીરા પર ગેંગરેપ કરનાર સંસ્કારી નગરીના રાક્ષસોને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યા છે. ૫ આરોપી પૈકી ૩ ઉત્તરપ્રદેશના વિધર્મી હોવાનું સામે આવ્યું છે.

આરોપીઓને હાલ મેડિકલ ચેકઅપ માટે સયાજી હોસ્પિટલ લઈ જવાયા છે. એક આરોપીને સ્ટ્રેચર પર લઈ જવાયો છે. કુલ ત્રણ આરોપીને મેડિકલ માટે સયાજી હોસ્પિટલ લાવવામાં આવ્યા છે. તો બીજી તરફ વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિંમ્હા કોમાર આ સાથે રેન્જ આઇજી અને જિલ્લા પોલીસવડા વડોદરા ક્રાઈમ બ્રાન્ચ કચેરી ખાતે પહોંચ્યા છે, જ્યાં તેઓ થોડીવારમાં પત્રકાર પરિષદ યોજશે હતા

દુષ્કર્મ આચરનાર ત્રણ આરોપી વિધર્મી આરોપીઓ લઘુમતી વસતિ ધરાવતા તાંદલજા વિસ્તારના હોવાનું જાણવા મળ્યું છે. ત્રણ નરાધમ સહિત તમામ પાંચ આરોપીને ઝડપી લેવાયા છે. ઝડપાયેલા આરોપીઓમાંથી દુષ્કર્મ આચરનારા ત્રણ આરોપી વિધર્મી હોવાનું સામે આવ્યું છે અને આ વિધર્મીઓ મૂળ ઉત્તરપ્રદેશના રહેવાસી છે. તેઓ ઘણા સમયથી તાંદલજા વિસ્તારમાં રહે છે. લઘુમતી વસતિ ધરાવતો તાંદલજા વિસ્તાર ભાયલીથી



અંદાજે ત્રણથી સાડા કિલોમીટરના અંતરે છે.

જિલ્લા પોલીસવડા રોહન આનંદે જણાવ્યું હતું કે હાલ પોલીસતંત્ર દ્વારા આરોપીઓને વેરિફાઈ કરવામાં આવી રહ્યા છે. વેરિફાઈ થઈ ગયા બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આરોપીઓ ડ્ઘડ કરવાના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાનું પણ તેમણે જણાવ્યું છે.વડોદરા તાલુકા પોલીસ મથકથી અઢી કિલોમીટર દૂર ભાયલી-બીલ રોડ વિસ્તારમાં નવરાત્રિના બીજા નોરતે એટલે કે ૪ ઓક્ટોબરની રાત્રે ૧૧.૩૦ વાગ્યાના સુમારે સૂમસામ અંધકારમય રોડ ઉપર ધોરણ ૧૧માં અભ્યાસ કરતી ૧૬ વર્ષની સગીરા અને તેનો ૧૬ વર્ષનો મિત્ર બેસવા માટે ગયાં હતાં અને રાત્રે ૧૨થી ૧ વાગ્યાના સુમારે શરમજનક ગેંગરેપની ઘટના બની હતી. સગીરા અને તેનો મિત્ર પશ્ચિમ વિસ્તારનાં રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવની ફરિયાદ તાલુકા પોલીસ મથકમાં નોંધાઈ હતી.ભાયલી-બીલ રોડ ઉપર જ્યાં દુષ્કર્મની ઘટના બની હતી ત્યાં નજીકમાં રોડના ડિવાઈડર ઉપર અગાઉથી ૫ યુવાન દારૂની મહેફિલ માણતા હતા. આ ૫ યુવાને ડિવાઈડર ઉપર બેસી વાતો કરી રહેલાં સગીરા અને તેના મિત્રને જોયાં હતાં. ૫ યુવાન પૈકી ૨ યુવાનો બાઈક લઈ જતા રહ્યા હતા, જ્યારે નશામાં ચૂર ત્રણ યુવાન સગીરા અને તેના મિત્ર પાસે પહોંચી ગયા હતા અને અભદ્ર વર્તન કર્યું હતું. આ દરમિયાન એક યુવાને સગીરાના મિત્રને પકડી રાખ્યો હતો અને બાકીના બે યુવાનો સગીરાને નજીકમાં ખેંચી જઈ દુષ્કર્મ આચર્યું હતું. પછી આ લોકો ત્યાંથી નીકળી ગયા હતા. બાદમાં પીડિતાએ પોતાની જાતને સંભાળીને મિત્ર સાથે જાણ કરતાં પોલીસે પહોંચી ઘટનાસ્થળને કોર્ડન કરી લીધું હતું. સ્થળ પરથી ઘણા બધા પુરાવા મળ્યા હતા.

# અંબાજી પાસે માઁ અંબાના દર્શન કરી પરત ફરતા યાત્રિકોની બસને અકસ્માત: ચારના મોત

## ૨૫થી વધુ યાત્રિકો ઘાયલ: ચાલકે સ્ટીયરીંગ પર કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો: ડ્રાઈવર નશામાં હોવાની આશંકા

**અંબાજી** તા.૭

હાલ નવરાત્રી પર્વ ચાલી રહ્યો છે જેથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુંઓ મા અંબાના દર્શનાર્થે જતા હોય છે. ત્યારે માં અંબાના દર્શન કરી પરત ફરતાં શ્રદ્ધાળુઓની બસને અંબાજીમાં અકસ્માત નડ્યો હોવાની વિગતો સામે આવી છે. આ ગમખ્વાર અકસ્માતમાં ૪ લોકોના મોત થયા છે જ્યારે ૨૫ થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ અંબાજી દાંતા વચ્ચે ત્રિશુળિયા ઘાટ પાસે આવેલા હનુમાન મંદિર પાસે મા અંબાના દર્શન કરી પરત ફરી રહેલી શ્રદ્ધાળુઓ ભરેલી લકઝરી બસનો અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૪ લોકોના મોત થયા હતા અને ૨૫થી વધુ લોકો ઘાયલ થયાં છે. આ અકસ્માતમાં હજુ મૃતકઆંક વધવાની શક્યતાઓ છે.

જાણવા મળી રહ્યુ છે કે, ખેડા જિલ્લાના કઠલાલના ભક્તો માં અંબાના દર્શન કરીને પરત ફરી રહ્યા હતા આ દરમિયાન અંબાજી દાંતા વચ્ચે ત્રિશુળીયા ઘાટ પાસે આવેલા હનુમાન મંદિર પાસે શ્રદ્ધાળુઓને અકસ્માત નડ્યો હતો. લક્ઝરી બસના ડ્રાઈવરે બસ પરથી કાબુ ગુમાવ્યો હતો જેને આ અકસ્માત સર્જાયો હતો.અકસ્માત કેવી રીતે સર્જાયો તે અંગે મુસાફરોને પૂછતા બસનો ડ્રાઈવર નશામાં હોવાનું જાણવા મળ્યું છે. કહેવામા આવી રહ્યુ છે કે,આ બસમાં ૫૦થી વધુ મુસાફરો સવાર હતા.હાલમાં ૧૦૮ એમ્બુલન્સ સહિત પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો છે. બચાવકાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે.

# સફાઈ કામદાર મહિલાની પજવણી કરતા સુપરવાઈઝર સામે પોલીસ મથકે-હલ્લાબોલ

## વોર્ડ નં.૧૦માં છેલ્લા છ માસથી સુપરવાઈઝર મહિલાઓ પાસે બિભત્સ માંગણી કરી હેરાન કરે છે: સફાઈ કામદારનું ટોળું યુનિ. પોલીસ મથકે ફરીયાદ કરવા દોડી ગયું તો પોલીસે ગુનો નોંધવાને બદલે સમાધાન કરાવી નાંખ્યુ

રાજકોટ તા.૭

પોલીસ મહિલાઓની પજવણી, બિભત્સ માંગણી કરતા શખ્સો સામે ગુનો નોંધવાને બદલે સમાધાન કરાવી બીજી વખત ધ્યાન રાખવાનું કહી જવા દઈ ભોગ બનનાર લોકો સાથે મજાક કરતા હોય તેવું ચીત્ર સામે આવ્યું છે. ત્યારે વોર્ડ નં.૧૦માં છેલ્લા છ માસથી મહિલા સફાઈ કામદારની પજવણી કરતા સુપરવાઈઝરથી કંટાળી સફાઈ કામદારોએ યુનિ. પોલીસ મથકે હલ્લાબોલ કરી ફરીયાદ નોંધવાની ગુહાર લગાવી હતી. પરંતુ અંતે પોલીસે જતું કરવાની ભાવના રાખવાની વાત કરી બન્ને પક્ષે સમાધાન કરાવી ઘીના ઠામમાં ઘી પાડી દીધું હતું.

પ્રાપ્ત વિગત મુજબ કાલાવડ રોડ પર રહેતા પૂર્વ સફાઈ કામદારે જણાવ્યું હતું કે તે અને તેમની પત્ની વોર્ડ નં.૧૦માં કાલાવડ રોડ પર આવેલ જડુસ હોટલથી એ.જી. ચોક સુધીના વિસ્તારમાં સફાઈ કામ કરવા માટે છ માસ પહેલા કોન્ટ્રાકટ બેઈઝથી જોડાયા હતા. ત્યારથી વોર્ડ સુપરવાઈઝાર તરીકે પરસાણાનગરમાં રહેતા યોગેશ પરમાર કામ કરે છે. સુપરવાઈઝર તેમની પત્ની સહિતની મહિલા સફાઈ કામદારો પાસે બિભત્સ માંગણી કરી પજવણી કરતો હતો.

દરમ્યાન સફાઈ કામદારે તેનો વિરોધ કરતા સુપરવાઈઝરે તેમને નોકરીમાંથી કાઢી મુકયો હતો. જે બાદ મહિલાઓની પજવણી કરતા સુપરવાઈઝર વિરૂધ્ધ અનેકવાર વોર્ડ ઓફીસરને પણ ફરીયાદ કરતા તેઓએ પણ કંઈ ધ્યાન ન આપી આંખ આડા કાન કર્યા હતા.

જે બાદ પણ સુપરવાઈઝરનો ત્રાસ યથાવત રહેતા આજે મહિલા સફાઈ કામદારો સહિતના લોકો યુનિ. પોલીસ મથકે દોડી ગયા હતા. અને સુપરવાઈઝર વિરૂધ્ધ ફરીયાદ નોંધવા ગુહાર લગાવી હતી. પરંતુ પોલીસે પણ ન્યાય અપાવવાની જગ્યાએ બન્ને પક્ષને સામે બેસાડી સુપરવાઈઝરને બીજીવાર આવું નહિ કરવાનું કહી બંને વચ્ચે સમાધાન કરાવી નાખ્યું હતું.

સામાન્ય મહિલાઓ શોષીત બનતી રહેશે અને પોલીસ જજની ભુમીકામાં આવી આરોપીઓના સમર્થનમાં સમાધાન કરાવતી રહેશે તો નારી તું, ના હારી ને બદલે નારી તું હારી જેવું સુત્ર લાગુ થઈ જશે.

# રેશનીંગના દુકાનદારોની હડતાલ સાતમાં દિ'માં પ્રવેશી: જામકંડોરણા-જેતપુર વિસ્તારમાં તડા!

## મામલતદારોના સમજાવટના પ્રયાસોથી કેટલાક વેપારીઓ દ્વારા પુરવઠાની પરમીટ જનરેટ કરવાનું શરૂ

રાજકોટ તા.૭

રાજકોટ સહિત રાજયભરના રેશનીંગના દુકાનદારોની હડતાલ આજે સાતમાં દિવસમાં પ્રવેશી છે. દરમિયાન પુરવઠા અધિકારી અને મામલતદારો દ્વારા વેપારીઓની સમજાવટના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. જેના પગલે તડા પડતા જેતપુર- જામકંડોરણા પંથકમાં કેટલાક વેપારીઓએ રેશનીંગના પુરવઠાની પરમીટ જનરેટ કરવાનું શરૂ કરી દીધાનું જાણવા મળ્યું છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે રાજકોટ સહિત રાજયભરના રેશનીંગના દુકાનદારો દ્વારા રેશનીંગના પુરવઠાનું મીનીમમ ૯૭ ટકા વિતરણ કરવાની જે શરત મૂકી છે તે રદ કરવા તેમજ મીનીમમ કમિશનના મામલે આ આંદોલનના મંડાણ કર્યા છે.

નવરાત્રીના તહેવારો પર જ ઓલ ગુજરાત ફેર પ્રાઈઝ શોપ એસો. અને ગુજરાત ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર્સ એસો.ની. આગેવાની હેઠળ રેશનીંગના દુકાનદારો સરકારનું નાક દબાવવા હડતાલ પર ઉતરી જતા રાજકોટ સહિત રાજયભરની રેશનીંગની દુકાનો પર નવરાત્રીના તહેવારો પર જ પુરવઠાનું વિતરણ ઠપ્પ થઈ જતા દેકારો બોલી જવા પામેલ છે.

જયારે બીજી તરફ પુરવઠા વિભાગ દ્વારા રેશનીંગ કાર્ડ હોલ્ડરો માટે ચાલુ ઓકટોબર માસનો અનાજનો પુરવઠો ઠાલવી દેવાતા ગોડાઉનો જણસીઓના બારદાનથી હાઉસફૂલ બની ગયા છે.

જોકે રાજકોટ જિલ્લામાં મામલતદારોના પ્રયાસોથી હવે જેતપુર-જામકંડોરણા વિસ્તારમાં કેટલાક વેપારીઓ દ્વારા રેશનીંગના પુરવઠાની પરમીટ જનરેટ કરવાનું શરૂ કરી દીધાનું જાણવા મળ્યું છે.

# કલેકટર ત્રણ દિ'ની રજા પર, ગુરૂ-શુક્રવારે ગાંધીનગર કોન્ફરન્સમાં ભાગ લેશે

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં રાજયના કલેકટરો અને પોલીસ અધિકારીઓની કોન્ફરન્સ : કાયદો- વ્યવસ્થા અને મહેસુલી કામગીરીની થશે સમીક્ષા

રાજકોટ, તા. ૭

રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશી આજથી ત્રણ દિવસની પારિવારિક કારણોસર રજા પર ઉતરી ગયા છે. તેમનો ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગોવ્હાણેને સોંપવામાં આવેલ છે. તેમજ આગામી તા. ૧૦ને ગુરૂવારથી બે દિવસ ગાંધીનગરમાં આયોજિત કરાયેલ કોન્ફરન્સમાં તેઓ ભાગ લેવા જનાર છે.

જેમાં તા. ૧૦ને ગુરૂવારના રાજકોટ સહિત રાજ્યભરના કલેકટરો તેમજ એસ.પી. અને સી.પી. (કમિશ્નર ઓફ પોલીસ)ની કોન્ફરન્સ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ યોજવામાં આવેલ છે. ગૃહવિભાગ દ્વારા યોજાનાર આ કોન્ફરન્સમાં



રાજયની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવનાર છે.

જયારે તા. ૧૧ને શુક્રવારે રાજયના મહેસુલ વિભાગના એડીશનલ ચીફ સેક્રેટરી જયંતિ રવિની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજયભરના કલેકટરોની કોન્ફરન્સ યોજવામાં આવી છે. જેમાં મહેસુલી કામગીરીની સમીક્ષા કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

દરમિયાન કલેકટર પ્રભવ જોશી આજથી આજે તા. ૭થી ત્રણ દિવસની રજા પર ઉતરી જતા તેઓનો ચાર્જ ત્રણ દિવસ માટે જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગોવ્હાણેના હવાલે કરવામાં આવેલ છે.

# નવી ઘાંચીવાડમાં સાત દિવસથી ચાલતી જુગાર કલબમાં દરોડો: ૧૦ શખ્સો ઝડપાયા

## અબ્દુલ અજીમ ચીચોદરા પોતાના મકાનમાં જુગાર રમાડતો'તો: ક્રાઇમ બ્રાંચની ટીમે રૂા.૧.૩૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો

રાજકોટ, તા.૭

નવી ઘાંચીવાડમાં સાત દિવસથી ચાલતી જુગાર ક્લબમાં દરોડો પાડી ક્રાઇમ બ્રાન્ચની ટીમે ૧૦ શખ્સોને દબોચી રુા.૧.૩૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

દરોડાની વિગત મુજબ ક્રાઇમ બ્રાંચના એમ.આર. ગોંડલીયા, ડામોરની રાહબરીમાં એએસઆઇ રણજીતસિંહ, વાલાભાઇ ડાભી, તુલીસ ચુડાસમા સહિતના સ્ટાફે મળેલ બાતમીના આધારે નવી ઘાંચીવાડ શેરી નં.૫ના ખુણે રામનાથપરા રોડ પર રહેતા અબ્દુલ અજીત ચીચોદરાના મકાનમાં જુગાર કલબમાં દરોડો પાડી અબ્દુલ અજીત હારૂન જીમાં ડેલા, મહમદ હુસેન આમદ, સોયબ યુસુફ મોરવાડી, અલ્તાફ અગવાન, મહેમુદ અમરેલીયા, મહમદ દાઉદ ફલાચી, ઈમરાન મકવાણા, જાવેદ મેતર અને ગુલમહમદ વલી (રહે. તમામ નવી ઘાંચીવાડ શેરી)ને દબોચી રોકડ રુા. ૭૪૯૦૦, ૮ મોબાઇલ મળી કુલ રુા.૧.૩૦ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.

### રાજકોટ મહાપાલિકા અને જર્મન એજન્સી દ્વારા 'કમ્પલીટ સ્ટ્રીટ ડેવલપમેન્ટ' પર વર્કશોપ યોજાયો : નિષ્ણાંતોની હાજરીમાં રસ્તાની વાસ્તવિક ડિઝાઇન પર ચર્ચા

# અંધજનો-દિવ્યાંગો માટે રોડ કેટલા કામના? ઇજનેરોને આંખે પાટા બાંધી-વ્હિલચેરમાં બેસાડીને ટ્રેનિંગ!

## અધિકારીઓને રાહદારીઓ, સાયકલસવારો સહિતના વર્ગની જરૂરીયાત સમજાવાઇ : માત્ર ખાડારહિત રોડ એ પુરતું નથી : હવે તમામ વર્ગને ઉપયોગી ડિઝાઇન બનાવવા કમિશ્નરની સૂચના

રાજકોટ, તા. ૭

રાજકોટ સહિતના કોઇપણ મહાનગરોમાં ખાડા વગરના રોડને આદર્શ ગણી લેવામાં આવે છે. પરંતુ અંધ સહિતના દિવ્યાંગો, વ્હીલચેર પર જતા લોકો, ટ્રોલીમાં બેસાડીને લઇ જવામાં આવતા ભુલકાઓ, સાયકલ, રાહદારીઓ માટેની જગ્યા પણ રોડ પર હોય તો જ તે આદર્શ ગણી શકાય તેવો નવો વિચાર છે. આ વિષય સાથેના 'કમ્પલીટ સ્ટ્રીટ ડેવલપમેન્ટ' અંગે જર્મનીની એજન્સી અને કેન્દ્ર સરકાર દ્વારા મનપા અધિકારીઓ માટે બે દિવસના વર્કશોપ અને પ્રેકટીલ તાલીમનું આયોજન કરાયું હતું. જેના અંતે કમિશ્નરે તમામ વર્ગના લોકો માટે ઉપયોગી બને તેવી રસ્તાની ડિઝાઈન બનાવવા ઇજનેરોને જણાવ્યું છે.

વર્કશોપ બાદ મનપાના ઇજનેરોને નિષ્ણાંતોની ટીમે પ્રેકટીકલ અનુભવ પણ કરાવ્યા હતા. જેમાં ઇજનેરોને આંખે પાટા બાંધી રસ્તે ચાલવા કહેવાતા તેમને અંધજનોની હાલત માલુમ પડી હતી. વ્હીલચેર પણ ચલાવવા આપતા દિવ્યાંગોને રસ્તેથી પસાર થવામાં કેવી મુશ્કેલી પડે તેવો અનુભવ થયો હતો. આથી રાજકોટમાં નવા રસ્તા દરેક વર્ગના લોકોને અનુકુળ બનવા જોઇએ તેવું તારણ નીકળ્યું હતું.

જર્મનીની એજન્સી જીઆઇઝેડના સમર્થન સાથે કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય જર્મન ફેડરલ મિનિસ્ટ્રી ફોર ઇકોનોમિક કો-ઓપરેશન દ્વારા કમિશન્ડ કરાયેલ 'સસ્ટેનેબલ અર્બન મોબિલિટી, એરકવોલિટી, કલાઇમેટ એક્શન અને એક્સેસિબિલિટી' સંબંધિત ક્ષેત્રના પ્રોજેક્ટની અમલવારી માટે ટેકનીકલ સહયોગ મળી રહ્યો છે. આ પ્રોજેક્ટ ભારતના પાંચ રાજ્યો (ઓડિશા, ગુજરાત, કેરળ, કર્ણાટક અને મેઘાલય)માંથી પસંદ કરેલા નવ શહેરોમાં લાગુ કરવામાં આવ્યો છે. જેમાં ગુજરાતમાંથી રાજકોટ અને સુરત શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે.



રાજકોટના રસ્તાઓ દિવ્યાંગો, અંધજનો, વૃધ્ધોને પણ કામ આવવા જોઇએ એ વિચાર સાથે મનપાના અધિકારીઓ માટે જર્મનીની એજન્સી દ્વારા તાલીમ વર્કશોપ યોજવામાં આવ્યો હતો. તેમાં સાથે અધિકારીઓને આ વર્ગની જરૂરીયાત અને મુશ્કેલી પણ આ રીતે સમજાવવામાં આવી હતી. **(તસ્વીર : પંકજ શીશાંગીયા)**

આ પ્રોજેક્ટ અંતર્ગત થોડા સમય પહેલા યોજાયેલા વર્કશોપમાં કમ્પ્લીટ સ્ટ્રીટના સિદ્ધાંતોની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી તે અનુસંધાને કોર્પો. અને જીઆઇઝેડ દ્વારા તા. ૫ અને ૬ના રોજ કોર્પો.ના અધિકારીઓ માટે વર્કશોપ યોજાયો હતો. જેમાં કમિશનર દેવાંગ દેસાઈ, ડે.કમિશનર સ્વપિનલ ખરે, ચેતન નંદાણી, સિટી એન્જી. વાય.કે. ગોસ્વામી, પરેશ અઢિયા તેમજ ટીમ લીડર મંજુનાથ શેખર, નિલેશ પ્રજાપતિ અને ફરાઝ અહમદ વગેરે હાજર રહ્યા હતા.

કમિશ્નરે રાજકોટના રસ્તાઓ, તમામ ઉપયોગકર્તાઓના ઉપયોગને ધ્યાને લઇ ડિઝાઇન કરવા જણાવ્યું હતું. રસ્તાઓની ડિઝાઇન દરમ્યાન બાળકો, મહિલાઓ, વૃદ્ધો અને દિવ્યાંગોની જરૂરતોને ધ્યાનમાં રાખી અનુમાનિત વાહનોની સ્પીડ, રસ્તાની પહોળાઈ, આસપાસમાં આવેલ બિલ્ડીંગના વપરાશકર્તા તેમજ અંડર ગ્રાઉન્ડ યુટીલીટી સર્વિસીસ પર ધ્યાન આપવા કહ્યું હતું. રાજકોટના તમામ પ્રકારના રસ્તાઓની street Typologies ફિક્સ કરીને તેને લગત એક મોડલ ડિઝાઇન તૈયાર કરવા પણ જણાવેલ હતું.

આ વર્કશોપ ટેન્ડર 'સ્યોર' મેથડ પર કેન્દ્રિત રહી હતી. જેમાં કોર્પો.ના સ્ટાફને કમ્પ્લીટ સ્ટ્રીટ ડેવલોપમેન્ટ માટેના આયોજન, ડિઝાઇન, નિર્માણ, સંચાલન અને જાળવણી માટેના વિવિધ અભિગમો વિષે માર્ગદર્શન અપાયું હતું. વર્કશોપમાં શહેરી રસ્તાઓના પ્રોજેક્ટ અમલીકરણ દરમ્યાન ટેન્ડર 'સ્યોર'ની માર્ગદર્શિકા થકી યુનિફોર્મ ટ્રાવેલ લેન, સંગઠિત ભૂગર્ભ ઉપયોગિતાઓ, સલામત માર્ગ જંકશન અને નોન-મોટરાઇઝ્ડ ટ્રાન્સપોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવા બાબતે ચર્ચા અને નિષ્ણાતો દ્વારા પ્રોજેક્ટ મેનેજમેન્ટ અંગે જાણકારી આપવામાં આવી હતી.

# ખેલૈયાઓને રાહત : નવરાત્રીના બાકીના દિવસોમાં પણ વરસાદી વિઘ્ન નહીં આવે : ૧૨-૧૩મીએ કયાંક ઝાપટા પડશે

### જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલની આગાહી : બે-ત્રણ દિવસમાં સમગ્ર રાજયમાંથી ચોમાસુ પાછુ ખેંચાઇ જશે

રાજકોટ, તા. ૭

નવરાત્રીમાં મેઘરાજા વિઘ્ન નાંખશે કે કેમ તેની ચિંતા વચ્ચે અડધા દિવસો પૂર્ણ થઇ ગયા છે અને બાકીના દિવસોમાં પણ વરસાદી વિઘ્ન આવવાની ખાસ શકયતા ન હોવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે કરી છે. જોકે ૧૨ અને ૧૩ ઓકટોબરે અમુક સીમીત વિસ્તારોમાં સામાન્ય ઝાપટા પડી શકે તેમ હોવાની સંભાવના પણ દર્શાવી છે.



તેઓએ આજે વાતચીતમાં જણાવ્યું હતું કે ચોમાસાની વિદાય રેખા ૨૯ ઉત્તર અને ૮૪ પૂર્વ પર સુલતાનપુર, પન્ના, નર્મદાપુરમ, નંદનબાર અને નવસારીથી ૨૦ ડિગ્રી નોર્થ અને ૭૦ ડિગ્રી વેસ્ટમાંથી પસાર થાય છે. આવતા બે ત્રણ દિવસમાં ગુજરાતના બાકીના ભાગો તથા મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાંથી પાછુ ખેંચાવાના પરીબળો ઉભા થઇ જશે. આ સિવાય અન્ય પરિબળોમાં અપર એર સાયકલોનીક સરકર્યુલેશન દક્ષિણ કેરળ પાસે છે અને નીચલા મીડ લેવલ સુધી વિસ્તારેલુ છે. આ ઉપરાંત એક ટ્રફ દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડીથી દક્ષિણ તામિલનાડુ તથા લક્ષદ્વીપ સુધી પહોંચે છે તેના પ્રભાવથી ૯મી ઓકટોબર આસપાસ લક્ષદ્વીપ તથા આસપાસના વિસ્તારો અને મધ્ય પૂર્વ અરબી સમુદ્રમાં લો પ્રેસર ઉભુ થવાની સંભાવના છે અને તે ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે.

તા.૭ થી ૧૩ ઓકટોબરની આગાહી કરતા તેઓએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આ દરમ્યાન વરસાદી વિરામ જ રહેવાની સંભાવના છે અને આ સમયગાળા દરમ્યાન સમગ્ર ગુજરાતમાંથી ચોમાસુ વિદાય લઇ લેશે. વાતાવરણ પણ મુખ્યત્વે સુકકુ અને સ્વચ્છ રહેશે. જોકે ૧૨ અને ૧૩ ઓકટોબરે અમુક સીમીત વિસ્તારોમાં છુટાછવાયા ઝાપટા પડી શકે છે. આ દરમ્યાન અરબી સમુદ્રમાં લોપ્રેસર ઉભુ થવાની પણ સંભાવના છે.

### આગમના એંધાણ : ૧૪ થી ૨૦ દરમ્યાન કમોસમી વરસાદના સંજોગો

#### અરબી સમુદ્રનું લોપ્રેસર પ્રભાવ પાડશે

જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઇ પટેલે આગમના એંધાણ રૂપ આગોતરી આગાહીમાં એવો નિર્દેશ કર્યો છે કે ૧૪ થી ૨૦ ઓકટોબર દરમ્યાન રાજયમાં કમોસમી વરસાદના સંજોગો ઉભા થઇ શકે છે. જોકે આવી શકયતા ૬૦ ટકા છે અને તે લોપ્રેસર સિસ્ટમની મજબુતી તથા અન્ય સંલગ્ન પરિબળો આધારીત રહેશે. તેમણે કહ્યું કે આવતા દિવસોમાં ઉભી થનારી લોપ્રેસર સિસ્ટમ મજબુત થઇને ઉતર-પશ્ચિમ તરફ ગતિ કરે તેવું અનુમાન છે. જોકે વિવિધ ફોરકાસ્ટ મોડેલમાં ઘણો તફાવત માલુમ પડી રહ્યો છે. વરસાદ કયા અને કેટલા પ્રમાણમાં થાય છે તેનો આધાર સિસ્ટમની મજબુતી અને તેને સંલગ્ન પરિબળો આધારીત રહેશે.

# ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી બુધવારે રાજકોટમાં: 'સાંજ સમાચાર' સહિત નવરાત્રી રાસોત્સવમાં હાજરી આપશે



### પ્રાચીન-અર્વાચીન ગરબી આયોજનો નિહાળવા ખાસ આયોજન

રાજકોટ તા.૭

રાજકોટ સહીત સમગ્ર ગુજરાતમાં નવરાત્રી મહોત્સવ હવે જામી ગયો છે અને પ્રાચીન-અર્વાચીન ગરબીઓમાં મોટી સંખ્યામાં ભકતો ઉમટે છે.તે સમયે ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી બુધવારે રાજકોટ આવી રહ્યા છે અને તેઓ 'સાંજ સમાચાર' આયોજીત બામ્બુ બિટસ રાસોત્સવ અને લાયન્સ કલબ 'સાંજ સમાચાર' આયોજીત મહોત્સવ સહીતનાં આયોજનોમાં તેઓ ઉપસ્થિત રહેશે. રાજકોટના પ્રાચીન અર્વાચીન ગરબા આયોજનો સમગ્ર ગુજરાતમાં જાણીતા છે અને દરેક સમયે રાજ્ય સરકારના સિનિયર પ્રતિનિધિઓ તે નિહાળવા આવે છે તેમાં આ વર્ષે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે બુધવારે તેઓ રાજકોટ આવીને 'સાંજ સમાચાર' આયોજીત નવરાત્રી મહોત્સવમાં હાજરી આપશે. 'સાંજ સમાચાર' દ્વારા શ્રી સંઘવીને આ ખાસ આમંત્રણ પાઠવાયું હતું તથા તેઓ અન્ય આયોજનો જેવા પ્રાચીન-અર્વાચીન મહોત્સવમાં હાજરી આપશે આ વર્ષે મેઘરાજાએ પણ આયોજકોને માટે વિરામ લીધો છે તે સમયે આયોજનો ખુબ ખીલ્યા છે અને હવે આગામી ચાર દિવસમાં લોકો મનભરીને નવરાત્રી માણશે તે નિશ્ચિત છે.

# ફાયર NOC માટે ફટાકડાના ધંધાર્થીઓમાં દોડાદોડી

### નવરાત્રિ આયોજનોની જેમ જ નિયમોની કડક અમલવારીઃ પોલીસની મંજૂરીમાં કડકાઇઃ જાહેરમાં બજાર નહીં ભરાય?

રાજકોટ, તા.૭

રાજકોટમાં ચાલુ વર્ષે નવરાત્રીના દિવસોમાં પણ ફાયર નિયમોનો કડ્ક અમલ કરાયો છે ત્યારે ફટાકડાના ધંધાર્થીઓ માટે આકરા નિયમોની અમલવારી થવાની છે. જેનાથી ફાયર બ્રિગેડ શાખામાં ધંધાર્થીઓની અવર-જવર વધી ગઇ છે.

ફટાકડાના ધંધા માટે અને હંગામી સ્ટોલ માટે પણ ફાયર એનઓસી લેવામાં આવે છે. આ વર્ષથી આ હંગામી ધંધા માટે પણ કડક નિયમો અમલમાં મુકાયા છે. જે કારણે રસ્તા ઉપર તેમજ જાહેરમાં પ્લોટમાં ફટાકડાના સ્ટોલ નહીવત જોવા મળે તેવી શક્યતા છે. કારણ કે રસ્તા પર વેચાતા ફટાકડા અને આવા જાહેર સ્થળે સલામતી સાથે પ્રશ્ન રહે તેમ છે.

જાણવા મળ્યા મુજબ શહેરમાં એકાદ હજારથી વધુ ફટાકડાના સ્ટોલને મંજુરી આપવામાં આવે છે. સદર, સામાકાંઠાથી માંડી મવડી સુધી આવા સ્ટોલ ઉભા થાય છે. પરંતુ આ વખતે નિયમોનું કડક પાલન થાય તો બહુ ઓછા સ્ટોલને એનઓસી મળે તેમ છે. નવરાત્રીની જેમ જ ફાયર બ્રિગેડના સર્ટીફીકેટ બાદ પોલીસની મંજુરી મળે તેવું બનવાનું છે. તેમાં પણ બંને ખાતાની સ્થળ તપાસ મહત્વની બનશે.

માત્ર સિઝનલ નહીં પરંતુ બારે મહિના ધંધો કરતા વેપારીઓ પણ હાલ ચિંતામાં હોવાનું જાણવા મળ્યું છે.

### કયા ધારાસભ્યએ કેટલા સભ્ય બનાવ્યા! વડાપ્રધાન મોદીએ રીપોર્ટ માગ્યાની ચર્ચા

# કાઢી મેલે તો કાઢી મેલે! ઋષિકેશ પટેલનો બિન્દાસ જવાબ

### લક્ષ્યાંક મુજબ સભ્ય બનાવવામાં પાછળ રહેલા કેબીનેટ મંત્રીએ કહ્યું ૯૦૦૦૦ મત મળ્યા પછી ૫૦-૬૦ ટકા જ સભ્યો થયા છે! બધી વિધાનસભામાં આ હાલત છે

### સભ્યો બનાવવામાં ભાજપનાં નેતાઓ ભારે દબાણ હેઠળ હોવાના ચિત્ર પાર્ટી 'બેસતી' જાય છે તેથી હવે રીપોર્ટ માગ્યો હોવાનો વિશ્વકર્માનો મત

રાજકોટ:

ગુજરાતમાં ભાજપના સદસ્યતા અભિયાનમાં રાજયમાંથી ૨ કરોડ નવા સભ્યો બનાવવાની ઝુંબેશમાં એક તરફ રાજકોટ શહેરનાં બે ધારાસભ્યો કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા અને રાજકોટ- ૩૮ ના ધારાસભ્ય ઉદય કાનગડે લક્ષ્યાંક કરતાં પણ વધુ સભ્યોની નોંધણી કરીને સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવ્યુ છે તો બીજી તરફ રાજયના અનેક સીનીયર મંત્રીઓ તેમના ટાર્ગેટને હાંસલ કરવામાં હાફી રહ્યા હોવાના અહેવાલો છે અને સભ્ય બનાવવા પડતા શ્રમથી અનેક મંત્રીઓ હવે જે થાય તે તેમ કહીને હાથ ઉંચા કરી રહ્યા હોવાના અહેવાલ છે. તે વચ્ચે હાલમાં જ બે સીનીયર મંત્રી આરોગ્ય વિભાગ સંભાળતા શ્રી ઋષિકેશ પટેલ અને રાજયમંત્રી જગદીશ વિશ્વકર્માની વાતચીતનો ઓડીયો વિડીયો વાયરલ થયો છે કોઈ કાર્યક્રમમાં સાથે સાથે બેસેલા આ બન્ને મંત્રીઓ સામે માઈક પડયા હતા અને તેમાં એક માઈક ચાલૂ હતા તેમાં બન્નેની ખાનગી વાત કેદ થઈ છે અને તે વાયરલ થઈ છે જેમાં શ્રી વિશ્વકર્મા તેમના સાથ ઋષિકેશ પટેલને પૂછી રહ્યા છે કે તમોએ કેટલાં સભ્ય બનાવ્યા તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ



મોદીએ પૂછાવ્યુ છે આ સાંભળી પહેલા તો શ્રી પટેલ સ્તબ્ધ થઈ જાય છે પછી જવાબ વિચારતા હતા ત્યાં જ જગદીશ વિશ્વકર્માએ કહ્યું કે સાહેબે વિધાનસભા વાઈઝ રીપોર્ટ માગ્યો છે તમારા વોટર્સ કેટલા અને કેટલા ટકા થયા તે પુછાવ્યુ છે કન્ફર્મ ન્યુઝ છે એકદમ તો ઋષિકેશ પટેલ કહે છે કે તેનાથી શુ સાબીત થશે. પણ વિશ્વકર્માએ પાર્ટી રીતે બીજી રીતે એનાલીસ કરે છે પાર્ટી બેસતી જાય છે અને તે રીતે થઈ રહી છે. ગઈકાલની પત્રકાર પરિષદમાં આ ઓડીયો-વિડીયો વાયરલ થયો છે.

શ્રી ઋષિકેશ પટેલે કહ્યું કે મારે ૯૦૦૦૦ મત મળ્યા છે અને ૫૦-૬૦ ટકા થયા છે જોકે મોટાભાગની વિધાનસભામાં ૩૦.૩૨ ટકા અને કેટલાક ૪૦-૫૦ ટકા નોંધાયા છે.

પછી ઋષિકેશ પટેલે કહ્યું કે જે થાય તે કાઢી મેલે તો કાઢી મેલે.....આમ કહીને તેઓએ સભ્ય લક્ષ્યાંક પુરો કરવાનું મુશ્કેલ હોય તે સ્પષ્ટ સંકેત આપી દીધો છે. જોકે ગુજરાત ભાજપના મોટાભાગનાં ધારાસભ્યોની પણ હાલત છે તો રાષ્ટ્રીય કક્ષાએ પણ પક્ષને સભ્યો બતાવવા ખૂબ જ મુશ્કેલી પડી રહી હોય તેવુ સ્પષ્ટ ચિત્ર છે.

# રૈયા રોડની શાંતિ નિકેતન સોસાયટીની વિવાદાસ્પદ દિવાલનું અંતે ડિમોલીશન : સૂર્યોદયમાં બંગલો સીલ

### વોર્ડ નં.૧માં સોસાયટીના હલણ બંધ કરી દેવાતા રજૂઆતો થઇ હતી : કાલાવડ રોડની સોસાયટીમાં મકાનને સીલ મરાયા





રાજકોટ, તા. ૭

મ્યુનિ. કોર્પોરેશનની ટીપી શાખા ગેરકાયદે બાંધકામો સામે હવે ધીમે ધીમે કડક કાર્યવાહી ત્રણે ઝોનમાં આગળ વધારવામાં આવી રહી છે. આજે વેસ્ટ ઝોનમાં નાના છતાં ખુબ ચર્ચામાં આવેલા મીની ડીમોલીશન કરવામાં આવ્યા હતા. જેમાં લતાવાસીઓ અને કોર્પોરેટરોની રજુઆત બાદ હલણ વચ્ચેની દિવાલ પણ તોડી પાડવામાં આવી છે. તો વોર્ડ નં.૮માં ગેરકાયદે બાંધકામ સીલ કરાયું હતું.

વેસ્ટ ઝોન ટીપી શાખાએ આજે કરેલી આ કામગીરીની વિગત મુજબ વોર્ડ નં.૧માં રૈયા રોડ પર આવેલી આલાપ એવન્યુ સોસાયટી પાછળ શાંતિ નિકેતન સોસાયટીથી અમૃત પાર્કને જોડતો રસ્તો જાય છે. આ સોસાયટી વચ્ચે વિસ્તારમાં રહેતા ચાર-પાંચ લોકોએ પાકી દિવાલ બનાવી દીધી હતી. અહીંથી પાંચેક સોસાયટીનો અવરજવરનો રસ્તો હતો જે દોઢ માસથી બંધ કરી દેવાતા ભારે તકલીફ પડતી હતી. થોડા દિવસો પહેલા આ અંગે વોર્ડના કોર્પોરેટર હિરેન ખીમાણીયા સાથે લતાવાસીઓએ પદાધિકારીઓ અને અધિકારીઓને રજુઆત કરી હતી.

કમિશ્નર સુધી આ વાત પહોંચતા તેમણે ચકાસણી કરાવી હતી અને તપાસમાં અવરજવરનો રસ્તો બંધ થઇ ગયાનું દેખાયુ હતું જેથી આજે આ દિવાલ તોડીને રસ્તો ખુલ્લો કરાવતા લતાવાસીઓને રાહત થઇ છે.

આ સિવાય વોર્ડ નં.૮માં કાલાવડ રોડ પર આવેલી સુર્યોદય સોસાયટી શેરી નં.૨માં પણ ટીપી શાખાએ કાર્યવાહી કરી હતી. આ સોસાયટી ભુપતસિંહ વાઘેલા નામના આસામીએ બંગલામાં ગેરકાયદે બાંધકામ ખડકી દીધુ હતું જે અંગે નોટીસ અપવા છતાં આ વધારાનું મોટુ બાંધકામ નહીં તોડતા આ મિલ્કત સીલ કરી દેવામાં આવી છે. આ કાર્યવાહી એટીપી એમ.આર.શ્રીવાસ્તવ, એસ.જે.સીતાપરા, ટેકનીકલ અને એસ્ટેટ વિભાગ દ્વારા વિજીલન્સ બંદોબસ્ત સાથે કરવામાં આવી હતી.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૫૩૫-૨૫૮૪ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૪૩૫-૨૫૩૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૮૦-૨૨૩૦ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૩૦-૨૧૮૦ |
| પામોલીયન તેલ | ૨૦૬૦-૨૦૬૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૯૦-૨૧૧૦ |
| સનફ્લાવર તેલ | ૧૯૧૦-૧૯૪૦ |
| મકાઇ તેલ | ૧૯૫૦-૧૯૭૦ |
| વનસ્પતિ ઘી | ૨૧૮૦-૨૨૨૦ |
| કોપરેલ | ૩૦૦૦-૩૦૫૦ |
| દિવેલ | ૨૨૩૦-૨૨૫૦ |



### સોનુ-ચાંદી

| | |
|---|---|
| સોનુ (૧૦ ગ્રામ) | ૭૮૪૦૦(-) |
| ચાંદી | ૯૪૭૫૦(-૬૫૦) |

# મવડીમાં સાડા સાત મીટરના રસ્તે બિલ્ડરે પ્રોજેકટ અને દિવાલ ખડકી દીધા : ફરિયાદ

### કલેકટરના હુકમનો પણ ભંગ : મ્યુનિ. કમિશ્નરને રજૂઆત કરતા આસામી

રાજકોટ, તા. ૭

મવડીના સર્વે નં.૪૧૨માં બિનખેતી જગ્યાના ૭.૫૦ મીટરના રસ્તા પર બિલ્ડરે કરેલા કહેવાતા દબાણ અને બાંધકામ અંગે મહિલા આસામીના નામે મ્યુનિ. કમિશ્નરને ફરિયાદ કરવામાં આવી છે જેમાં આ દબાણ અંગે કલેક્ટરે કરેલા હુકમનો અમલ કરવા માંગણી કરવામાં આવી છે.

મ્યુનિ.કમિશ્નરને પાઠવેલા પત્રમાં જણાવ્યું છેકે મવડી ૪૧૨, બિનખેતીના ૭.૫૦ મીટરના રસ્તા પર રૂલ્સનો ભંગ ન થાય તે રીતે બાંધકામ કરવા શરત રાખવામાં આવી હતી. ૯ વર્ષથી આ રજુઆત થઇ રહી છે જેમાં હયાત રસ્તો સાર્વજનીક પ્લોટ ગણાય. પરંતુ કોર્પો.ની મીલીભગતથી સાર્વજનીક જમીનને ખાનગી જમીન તરીકે બિલ્ડરને સસ્તા ભાવમાં વેંચી દેવામાં આવી છે. આરોગ્ય કેન્દ્ર બનાવવામાં આવ્યું નથી. આ જમીનમાંથી રસ્તો પસાર થતો હોય, બાંધકામની મનાઇ કરી પાણીના વહેણ માટે ખુલ્લુ રાખવા જણાવાયું હતું. ટીપી સ્કીમમાં આવાસ માટેની જમીન ઉપરાંત આ સાર્વજનીક જમીન અનામત રાખવા હુકમ છતાં બિલ્ડરોને લાભ કરાવવામાં આવ્યો છે. અહીં પ્રોજેક્ટ બનાવી સરકારી જમીન પરથી કરોડોની કમાણી કરવામાં આવી છે. આવાસ અને ટીપી વિભાગે કલેકટરના હુકમનો આજ સુધી અમલ કર્યો નથી. સાડા સાત મીટરના રસ્તા પર સબ પ્લોટીંગ કરી બિલ્ડીંગ બનાવાયું છે. દિવાલ ઉભી કરી દેવામાં આવી છે છતાં તે હટાવવામાં આવી નથી.


## -:: જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવાની કે ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ રાજકોટ, સબ ડીસ્ટ્રીકટ રાજકોટ, રાજકોટ શહેરમાં સમાવેશ કરવામાં આવેલ ગામ રૈયાના રે.સ.નં. ૧૫૧/૧ની બીનખેડવાણ અને ઈમારત બાંધવાની મંજુરીવાળી જમીન ઉપર આવેલ 'શાંતિનિકેતન પાર્ક' તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ પ્લોટસ પૈકી પ્લોટ નં. કે/૫ ની જમીન માંહેથી પશ્ચિમ તરફની જમીન ઉપરના બ્લોક નં. ડી/૫ ની જમીન ચો.વા.આ. ૮૨-૨૪ જેના ચો.મી.આ. ૬૮-૮૦ ઉપર બાંધવામા આવેલ ઉભા ઈમલા સહિતના મકાન અમો મનિષા નિલેશભાઈ શાહ વિગેરેની માલિકી, કબ્જા ભોગવટાની આવેલ છે. તેઓ પાસેથી સદરહું મિલ્કત મારા અસીલે ખરીદ કરવાનુ નકકી કરેલ છે.

સદરહું મિલ્કત અંગે કે તેના ઉતરોતર દસ્તાવેજો અંગે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો, તકરાર હોય કે હકક, હિત, હિસ્સો, અગ્રહકક, લીયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેલ **દિવસ-૭ (સાત)**માં નીચે દર્શાવેલ સરનામે લેખિત આધાર-પુરાવા સાથે જાણ કરવી. જો નિયત સમયમાં કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નહી આવે તો કોઈને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર નથી અને હોય તો તે જતો (WAIVE) કરેલ છે તેમ સમજી મારા અસીલ શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે સદરહું મિલ્કત ખરીદ કરવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરશે. ત્યારબાદના કોઈના કોઈપણ પ્રકારના વાંધો તકરાર મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ, જેની લાગતા વળગતાએ સ્પષ્ટ નોંધ લેવી.

રાજકોટ. તા.૦૭/૧૦/૨૦૨૪ — તે વેચનારની સુચના અનુસાર

**ધર્મેશ જી. સખીયા**
**તુષાર સી. સખીયા**
**નિખીલ જી. ઝાલાવાડિયા (એડવોકેટસ)**

૩૦૯/૧૦, શ્યામલ પ્લાઝા, રૈયા ચોકડી પાસે, રૈયા રોડ, રાજકોટ
મો.નં. ૯૯૯૮૯ ૮૮૯૦૭/ ૯૯૭૪૯ ૯૦૦૦૭










### આસમાની રંગની ચુંદડી રે.. માઁની ચુંદડી લહેરાણી...

# શનિ-રવિવારના 'સાંજ સમાચાર' 'લીયો લાયન્સ'નું ગ્રાઉન્ડ ખેલૈયાઓથી હાઉસફૂલ

## પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી 'સાંજ સમાચાર' પરિવારના કરણભાઈ શાહ, પોલીસ કમિશ્નર બ્રજેશકુમારઝાએ નવરાત્રી મહોત્સવ નિહાળ્યો

રાજકોટભરમાં નવરાત્રીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. ત્યારે ખેલૈયાઓનું એકમાત્ર વિશ્વાસપાત્ર સ્થળ એટલે 'સાંજ સમાચાર' 'લીયો લાયન્સ' નવરાત્રી ઉત્સવમાં શનિવાર અને રવિવારના ગ્રાઉન્ડ હાઉસફૂલ રહ્યું હતું. હજારો ખેલૈયાઓ ગરબે ઝુમવા ઉમટી પડયા હતા. ખેલૈયાઓ મન મુકીને ઘુમ્યા હતા. ગાયક કલાકારોએ પણ લોક ગીતોની જમાવટ કરી હતી.

આ ભવ્ય આયોજનને નિહાળવા પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા શનિવારે 'સાંજ સમાચાર' 'લીયો લાયન્સ'ના ગ્રાઉન્ડમાં પહોંચ્યા હતા અને ભવ્યાતિભવ્ય આયોજનને નિહાળ્યું હતું. આયોજનની સુવ્યવસ્થાને આવકારી હતી અને મુખ્ય આયોજક જયેશ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

આ ઉપરાંત 'સાંજ સમાચાર' પરિવારના કરણભાઈ શાહે પણ લીયો લાયન્સ નવરાત્રી મહોત્સવની મુલાકાત લીધી હતી. મુખ્ય આયોજક જયેશભાઈ પટેલે પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા અને 'સાંજ સમાચાર' પરિવારના કરણભાઈ શાહનું ફુલનું બુકે આપી અભિવાદન કરવામાં આવ્યું હતું. ગઈકાલે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, 'સાંજ સમાચાર' પરિવારના કરણભાઈ શાહ, ભાજપ અગ્રણી નીતિન ભારદ્વાજ, પૂર્વ મેયર પ્રદીપ ડવઅગણી એડવોકેટ સુરેશભાઇ ફળદુ સહિતના મહેમાનોએ 'સાંજ સમાચાર-લીયો લાયન્સ' નવરાત્રી મહોત્સવની મુલાકાત લીધી હતી અને સમગ્ર આયોજનને નિહાળ્યું હતું. ભવ્ય આયોજન નિહાળી તેઓ અભિભૂત થયા હતા. જયેશભાઈ પટેલ દ્વારા પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું બુકેથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્રીજા નોરતે શનિવાર હોવાથી રાજકોટના ખેલૈયાઓએ ગરબાને ભરપુર માણ્યો હતો. તેમજ ગઈકાલે ચોથા નોરતે રવિવાર હોવાથી બહોળી સંખ્યામાં ખેલૈયાઓ ઉમટી પડયા હતા. 'છોગાડા તારા.. માટે સહિયરને સંગાથ ટેટુડો લેવો છે.. જેવા ગીતો પર ગરબાની રમઝટ બોલાવી હતી.સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે જયેશ ફ્રૂટેલ, ભાવેશ ફ્રૂટેલ, મયુર ફ્રૂટેલ, કુમાર વાસદેવાણી સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

### તુ તો કાળીને કલ્યાણી રે... માઁ

# સોરઠીયાવાડી ગરબી મંડળ માટેલ ચોકની જોગણીયુનો મહાકાળી અસુરવધ રાસને લોકોએ અપલક નિહાળ્યો





નવરાત્રીમાં નવ દિવસ જોગણીયુઓ અવનવા પ્રાચીન રાસ રજુ કરી લોકોને મંત્રમુગ્ધ કરે છે. ત્યારે રાજકોટના સોરઠીયાવાડી માટેલ ચોકમાં છેલ્લા ૬૩ વર્ષથી યોજાતી સોરઠીયાવાડી ગરબી મંડળની બાળાઓ રોજ અદભુત રાસ રજુ કરે છે. જેમાં માતાજીની વાર્તા અને પરચા દર્શાવવામાં આવે છે. ગઇકાલે મહાકાળી અસુર વધ રાસ રજુ કરવામાં આવ્યો હતો. આ રાસ જોવા લોકો દુર દુરથી ઉમટયા હતા અને બાળાઓને રાસ નિહાળ્યો હતો. મહાકાળી અસુર વધ રાસ ૨૦ મીનીટ સુધી ચાલ્યો હતો અને લોકોએ અપલક રાસ નિહાળ્યો હતો દર વર્ષે આ રાસ બાળાઓ દ્વારા રજુ કરવામાં આવે છે. આજે પંચેશ્વરી પંચમહાભુત રાસ, શુંભ નીશુંભ અસુર વધ રાસ રજુ કરવામાં આવશે તેમજ આગામી નવરાત્રીના દિવસોમાં ગળધરી વાળીનો ખોડીયાર રાસ, પ્રાચીન અડીંગો રાસ રજુ કરાશે. બાળાઓ આ રાસ માટે એક માસથી પ્રેકટીસ કરે છે. પંચેશ્વરી પંચમહાભુત રાસ એક કલાક અને શુંભ નીશુંભ અસુર વધ રાસ દોઢ કલાક રજુ થાય છે. રાસ દ્વારા સમગ્ર વાર્તા લોકો સમક્ષ પહોંચાડવામાં આવે છે.



### રૂડે ગરબે રમે છે... દેવી અંબિકા રે લોલ...

# પાંચ દાયકાથી યોજાતી જંકશન પ્લોટની ગરબીના દોરી ગુથવાનો અઠંગા રાસ, તરણેતરનો હુડા રાસ જોવા દૂર દૂરથી લોકો ઉમટી પડ્યા

## ૧૦ દીકરીઓથી શરૂ કરેલ ન્યુ ગરબી મંડળની પ્રાચીન ગરબીમાં ૭૦ થી ૮૦ જેટલી બાળાઓ તેમજ યુવકો બેડા રાસ, રાજસ્થાની રાસ, મિશ્રા રાસ હાલરી, પંચાલી રાસ, રાધા-કાન ગરબાની રમઝટ બોલાવે

રાજકોટ, તા.૭

ન્યુ ગરબી મંડળ જંકશન પ્લોટ-રાજકોટ જેની સ્થાપના સને-૧૯૭૧માં સ્વર્ગસ્થ દિલાવરસિંહજી જાડેજા અને તેમના મિત્રો દ્વારા ઘર આંગણે ગરબો પધરાવી ને કરવામાં આવી હતી. એ સમયે ૧૦ દીકરીઓ થી શરૂ કરેલ આ પ્રાચીન ગરબીનું આજે રાજકોટની અવ્વલ પ્રાચીન ગરબીમાં નામ આવે છે. ન્યુ ગરબી મંડળ દ્વારા નોરતા દરમ્યાન માં ની આરાધના ના આ અનોખા આસ્થાયગ્ન ની પરંપરાને આજે ૫ દાયકાઓથી પણ વધુ સમય થઈ ગયેલ છે જે નોંધનીય છે.

આ ગરબીના દોરી ગુથવાનો અઠંગા રાસ, તરણેતરનો હુડા, ટિપ્પણી રાસ, બેડા રાસ, રાજસ્થાની રાસ, મિશ્રા રાસ હાલરી, પંચાલી રાસ, રાધા-કાન રાસ, દિવડા રાસ, મંજીરા રાસ જોવા માટે લોકો દૂર-દૂર થી ઉમટી પડે છે. ઉપરોક્ત રાસ તથા ગરબા દ્વારા માતાજીની આરાધના કરવામાં આવે છે.જેમાં હિન્દુ મુસ્લિમ નાત-જાતના ભેદભાવ વગર આશરે ૭૦ થી ૮૦ જેટલા ખેલૈયાઓ' (બાળાઓ તેમજ યુવકો) રાસ ગરબાની રમજટ બોલાવે છે. અહીના ગાયકવૃંદા ના કલાકારોને પણ અહી માતાજી ની આરાધના કરતાં ૩ થી ૪ દાયકા વીતી ચૂક્યા છે. તેમજ ઉપરોક્ત બધા રાસ ગરબા સંપૂર્ણ રાગ-રાગિણી આધારિત તૈયાર કરવામાં આવે છે.

ન્યુ ગરબી મંડળ આયોજકો, ખેલૈયાઓ, ગાયક વૃંદ તેમજ ન્યુ ગરબી મંડળ સમગ્ર કાર્યકર ટિમ નવરાત્રિ પૂર્વે એક મહિનો પ્રેક્ટિસ કરી આ કળાને જાળવી રાખવા તેમજ યુવા વર્ગ ને આપણી પ્રાચીન સંસ્કૃતિ સાથે જોડી રાખવા જેહમત ઉઠાવે છે. જેમાં ડો. તારાબેન ગાંધી, બહાદુરસિહ જાડેજા, ભારત ભાઈ ગાંધી, દિગ્વિજય સિહ જાડેજા (IAS), હરેશ ભાઈ રાજ્યગુરુ, અશ્વિન ભાઈ સેદાણી, આશિષ નાણાવટી સહિત ના લોકો જહેમત ઉઠાવે છે.અત્રે ઉલ્લેખનીય છે કે સને ૧૯૭૧માં જંકશન પ્લોટ-રાજકોટ થી શરૂ થયેલ આ સફર આ રાસ-ગરબાની અનોખી કળા આંતરરાષ્ટ્રીય સ્તર પર પહોચડવામાં ન્યુ ગરબી મંડળ સફળ રહ્યું છે. જેમાં વિવિધ ઇવેન્ટ જેવી કે અફ્રો-એશિયન ગેમસમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ, મલવાઉત્સવ (મધ્યપ્રદેશ), વસંતઉત્સવ (ગાંધીનગર), તરણેતર ઉત્સવ-થાન તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા સ્વતંત્યતા દિવસ તેમજ ગણતંત્ર દિવસ ની રાજ્ય કક્ષા ની તેમજ જિલ્લા કક્ષા ની ઉચ્ચસ્તરીય ઉજવણી ના કાર્યક્રમોમાં પણ પોતાની પ્રાચીન કળા પીરસી છે જે રાજકોટ માટે એક ગૌરવ ની વાત છે.




### આવ્યા દિવડીએ ઝગમગતા માઁના નોરતા રે...

# બજરંગ ગરબી મંડળની ૬ બાળાઓએ સળગતી ઈંઢોણી અને હાથમાં ધગધગતી મશાલ લઈને ગરબા કર્યા

રાજકોટના વિવિધ વિસ્તારોમાં આજે પણ પ્રાચીન ગરબીનું મહત્ત્વ અને આયોજન જોવા મળી રહ્યું છે. નવલા નોરતામાં પ્રાચીન રાસ ગરબાનું મહત્વ આજે પણ અકબંધ રહેલું છે. શહેરના મવડી ચોક વિસ્તારમાં બજરંગ ગરબી મંડળ દ્વારા છેલ્લા ૧૬ વર્ષથી આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ૧૭મા વર્ષે પણ ગરબીનું આયોજન કરવામાં આવ્યું છે. નવરાત્રીના નવેય દિવસ અહીં હજારોની સંખ્યામાં ભાવિકો માઁની આરાધનામાં લીન બનીને ગરબે ઘૂમતી બાળાઓને નિહાળવા આવે છે. બજરંગ



ગરબી મંડળમાં દર વર્ષે બાળાઓ દ્વારા સળગતી ઈંઢોણી રાસ બાળાઓ દ્વારા રજૂ કરવામાં આવે છે. બજરંગ ગરબી મંડળમાં ૬ બાળા પોતાના હાથમાં મશાલ, માથે સળગતી ઈંઢોણી અને સળગતા ગરબા સાથે ગરબે ઘૂમે છે. આ સમયે માં દુર્ગાની જાણે આ બાળાઓમાં પ્રચંડ શક્તિ સમાઇ હોય તેવા દ્રશ્યો નિહાળવા મળે છે. આ ગરબી મંડળની બાળાઓ સતત ૨૦ મિનિટ સુધી આગને પોતાના મસ્તક પર ધારણ કરે છે. ત્યારે માનાં ચરણમાં આપોઆપ નતમસ્તક થવાનું મન થાય છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)

# રાજકોટમાં કોળી સમાજ માટે વન ડે રાસોત્સવના જાજરમાન આયોજનો

રાજકોટ, તા.૭

શહેરમાં કોળી સમાજની વિવિધ સંસ્થાના માધ્યમથી અલગ અલગ સ્થળે જુદા જુદા દિવસે એક દિવસીય વન ડે બાય-બાય નવરાત્રીના આયોજનો થશે તેની તૈયારી ચાલી રહી છે. જેમાં કોળી સેના દ્વારા તા.૧૩ ને રવિવારનાના રોજ વિરાણી ગ્રાઉન્ડ ખાતે એક દિવસીય વન ડે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ચુંવાળીયા કોળી સમાજ દ્વારા તા.૧૫ ને મંગળવારના રોજ આર.કે.વર્લ્ડ ટાવરની પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે રાજકોટના કોળી સમાજના સૌ પ્રથમ દાંડીયારાસની શરૂઆત કરનાર સ્પંદન રાસોત્સવ છે. ગુજરાત કોળી ઠાકોર સેના દ્વારા આ વર્ષે તા.૧૬ બુધવારના રોજ શીતલ પાર્ક પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ ખાતે આયોજન થશે અને માંધાતા ગ્રુપ ગુજરાત દ્વારા તા.૧૮ ને શુક્રવારના રોજ લીંબડા ચોક, શાસ્ત્રી મેદાન, રાજકોટ ખાતે ગુજરાતના કોળી સમાજનું સૌથી વિશાળ અને નંબર વન થનગનાટ રાસોત્સવનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે.

# હાટકેશ્વર પાટોત્સવ સમિતિ દ્વારા આયોજિત શારદીય નવરાત્રી મહોત્સવમાં સમૂહ આરતી યોજાઈ

રાજકોટ, તા.૭

હાટકેશ્વર પાટોત્સવ સમિતિ અને શારદીય નવરાત્રી મહોત્સવ સમિતિ આયોજિત શારદીય નવરાત્રી મહોત્સવ ૨૦૨૪ અંતર્ગત ગઇકાલ તા.૬ને રવિવારના રોજ બાલકુંજ હોબી સેન્ટર, રાજકોટ ખાતે માતાજીના સ્થાપન સમક્ષ હર્ષોલ્લાસ સાથે ભાવપૂર્ણ રીતે સમૂહ આરતીનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં હાટકેશ્વરજનોએ ખુબજ બહોળી સંખ્યામાં હાજર રહી સમૂહ આરતીનો લાભ મેળવ્યો. આ સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ઘણા સ્વયંસેવકોએ પોતાની નિ:સ્વાર્થ સેવાનો પણ લાભ આપ્યો.



### મોતી વેરાણા ચોકમાં.. આવ્યા અંબે માં..

# પ્રાચીન ગરબીમાં અનેરૂ સ્થાન ધરાવતી કોઠારીયા કોલોની ગરબી મંડળ

રાજકોટ તા.૭

કોઠારીયા કોલોની ગરબી મંડળ દ્વારા ૬૭ વર્ષથી માં જગદંબાની ઉપાસના કરવામાં આવે છે. કોઠારીયા કોલોની ગરબી મંડળ પ્રાચીન લોક સંસ્કૃતિ ઉજાગર કરે છે. દરરોજ માતાજીના ગરબા, છંદ, સ્તુતી, મહાઆરતી, તથા અવનવા પ્રાચીન પરંપરાગત રાસો રજુ કરવામાં આવે છે. ગરબીના મુખ્ય રાસોમાં દાંડીયા રાસ, કરતાલ રાસ, મંજુરા રાસ, ટીપ્પણી રાસ, દિવડા રાસ, મોગલમાંનો રાસ, ચોકડી રાસ, બાદશાહ રાસ, કાઠીયાવાડી રાસ, ગામઠી રાસ, ખોડલ ખમકારી રાસ, શિવ લહેરી રાસ, શાસ્ત્રીય નૃત્ય, ઘુમ્મર રાસ, કરવામાં આવે છે. રાસની કલાકૃતિ નિહાળી લોકો મંત્રમુગ્ધ થઈ જાય છે.



ધર્મપ્રેમી ભાવિકોને પ્રાચીન ગરબી નિહાળવા કોઠારીયા કોલોની ગરબી મંડળના પ્રમુખ અનોપસિંહ જાડેજા, બટુકસિંહ જાડેજા, દિલીપસિંહ જાડેજા, પ્રવીણમામા, કિરીટસિંહ જાડેજા, વિક્રમસિંહ જાડેજા (શિવ ઉપાસક), મહેન્દ્રસિંહ જાડેજા, ક્રિપાલસિંહ જાડેજા, વિશાલભાઈ ચૌહાણ, જયેન્દ્રસિંહ જાડેજા, હેમલ ચૌહાણ, સબીરભાઈ સવાણ, રશ્વીનભાઈ જાદવ, હિતેષભાઈ સોલંકી, શકિતસિંહ ગોહિલ, સીધ્ધરાજ સિંહ જાડેજા, કલ્પેશભાઈ ઠાકર, જય આસોડીયા, શનિ જાદવ, યશપાલસિંહ ઝાલા, પ્રવિણસિંહ જાડેજા, પાર્થ વાળા, ધર્મદીપસિંહ જાડેજા, મનોજ મકવાણા, કુલદીપસિંહ ઝાલા, મુન્નાભાઈ, વિશ્વજીતસિંહ જાડેજા, રાજુભાઈ પારેખ, હિતેશભાઈ મીસ્ત્રી, ધર્મદીપ પરમાર, અશરફભાઈ, પારસભાઈ સહિતનાએ અનુરોધ કરેલ છે.

# શરદપૂનમના પુનિત ધામ - રતનપર દ્વારા ‘દમયજ્ઞ’નુ આયોજનઃ લાભ લેવા અનુરોધ

રાજકોટ તા.૭

શરદપૂર્ણિમા તે પૂનમ બાર મહિનાની બાર પૂર્ણિમામાં સૌથી મોટી પૂનમ ગણાય છે. ‘રોગાણાં શારદી માતા’ વધુમા વધુ રોગોનો ઉપદ્રવ શરદઋતુમાં થાય છે તેથી શરદઋતુને રોગોની ઉપમા આપવામા આવી છે.વર્ષાઋતુમાં ચોમાસા દરમ્યાન સારા વરસાદથી જળાશયોમાં જૂના પાણીમાં નવુ પાણી ભળે છે જેને લીધે જમીનમા રહેલ અનેક તત્વો અને વનસ્પતિના મુળીયાના સંપર્કમાં આવી આજના પ્રદુષણોથી દુષિત થઈ તે જળ જળાશયમાં આવતુ હોય ઉકાળેલુ નહી પીવાથી તે ભારે હોય છે, જંતુયુકત હોય છે જે પીવાથી અગ્નિ મંદ કરી અનેક રોગોને નિમંત્રણ આપે છે. જવર-અતિસાર મરડો વગેરે આ ઋતુમાં કફપ્રધાન માનવીને શરદી, સળેખમ, ઉધરસ, શ્વાસ, દમ બહુ જ પરેશાન કરે છે. પ્રાચીન કાળથી આયુર્વેદ પરંપરા મુજબ શરદપૂર્ણિમાના દિવસે દમયજ્ઞનુ આયોજન કરવામા આવે છે અને સોળે કળાએ પ્રકાશમાન ચંદ્રના કિરણો શરીર પર તેમજ ઔષધી પર પડે તેમ ચંદ્રમાનો ઉદય થાય ત્યારથી રાત્રીના ૧૨ સુધી તે અમૃત કિરણોની સિધ્ધ થયેલ ઔષધીનુ પાન કરાવે છે. આ ક્રિયાને વિષસ્થ વિષ ઔષધમનો સિધ્ધાંત કામ કરે છે. ઝેરનુ ઔષધ ઝેર ચંદ્રમા મનસો જાત ચંદ્રમા મનના દેવતા છે. સૂર્યનારાયણ ચક્ષુના દેવતા છે.



કોરોના થયા પછી શ્વાસનળીઓમાં સોજો આવી ગયેલ હોવાથી નળીઓ ફૂલવા લાગે છે ને અંદરથી સંકોચાય છે. તેથી રોગીને ભીતરના આવણમાં સોજો આવે છે જેને લીધે ઓકસીજન ફેફસામાં ખેંચવામાં રોગીને ખૂબ જ તકલીફ થતી હોય છે.

પંચકર્મ ચિક્તિસાના વમનકર્મ દ્વારા ખૂબ જ સારી રીતે ફાયદો થાય છે. વમનથી છાતીથી શુધ્ધિ થાય છે જે કફનુ સ્થાન છે. ગરમ પાણીમાં સુંઠ મીલાવીને ઉકાળેલુ પાણી અકસીર છે. છાતીએ વાંસામાં પડખે સરસવાનુ તેલ ૧૦૦ મી.લી., સિંધાલુણ ૧૦ ગ્રામ મીલાવી ગરમ કરી તેનુ માલીશ કરવુ તેમજ ગોળ પાંચ ગ્રામ અને એક ચમચી સરસવાનુ તેલ સવારે ચાંટી જવુ જેનાથી કફ શરીરમાંથી નીકળી જાય છે. તે સિવાય હળદરનો પાવડર રોજ ૧૦ ગ્રામ મધમાં ભેળવી ચાટી જવો.દમ યજ્ઞમાં અપાતી આયુર્વેદિક ઔષધી ચંદ્રમાના કિરણો ખીર ઉપર પડે તેમ અગાસીમાં વાસણમાં લઈ જઈ તેના પર સફેદ કપડુ ઢાંકી અને રાખવી. શ્વાસ, ખાસી, ઉધરસ તેમજ કોરોના થયાબાદ ફેફસાના વ્યાધિને દૂર કરવા માટે ઉપરોકત ઔષધી અકસીર છે. આ સેવા કરવા માટે દંતવૈદ્ય લાભશંકરભાઈ શુકલ વતી દંતવૈદ્ય પુનિત એલ. શુકલ, ડો.સિધ્ધાર્થ શુકલ, પ્રવિણભાઈ વસાણીએ જહેમત ઉઠાવેલ છે.ઉપરોકત ઔષધી વ્યાજબી ભાવે ‘પુનિતધામ’ મોરબી હાઈવે રતનપર તેમજ રાજકોટ પૂજા સ્ટોર્સ આયુર્વેદિક ઔષધીની દુકાને ઢેબર રોડ, એ ડીવીઝન સામે, ‘સંસ્કૃતિ’ બાજુમાંથી મળશે.

### આર્ટ ઓફ લિવિંગ રાજકોટ પરિવારના ઉપક્રમે

# આવતીકાલથી ત્રણ દિવસ પારંપારિક પૂજા તથા હવન સાથે ઉજવાશે નવરાત્રી પર્વઃ જાહેર નિમંત્રણ

## બેંગ્લોરથી પધારેલા સ્વામી શરણાનંદ (શરણ સ્વામી)ની ઉપસ્થિતિમાં હવન તથા યજ્ઞ સહિતના કાર્યો થશે

રાજકોટ,તા.૭

નવરાત્રિનો મહોત્સવ ભારતીય સંસ્કૃતિ અને વૈદિક પરંપરાને ઉજાગર કરવાનો અવસર છે. પૂજા, હોમ અને હવન આપણી વૈદિક પરંપરા છે અને એ સાથે નવદુર્ગા માતાની આરાધના પણ આ નવ દિવસો દરમિયાન આસ્થા સાથે થાય છે.

આર્ટ ઓફ લિવિંગ-રાજકોટ પરિવાર પણ વિશ્વ કલ્યાણ અને શાંતિ અર્થે પૂજા અર્ચના કરશે. ૮થી ૧૦ ઓક્ટોબર દરમિયાન ત્રણ દિવસ સુધી પૂજા, હોમ-હવન, આરતી અને મહાપ્રસાદ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સૌને ધાર્મિક આસ્થા સાથે સહપરિવાર પધારવા આમંત્રણ અપાયું છે. ત્રણેય દિવસના તમામ કાર્યક્રમો સેલિબ્રેશન પાર્ટી પ્લોટ, કિંગ્સ ક્રાફ્ટ હોટેલ પાસે, કાલાવાડ રોડ, રાજકોટ ખાતે યોજાશે. કાર્યક્રમ બાબતે મોબાઈલ નં.



૯૪૨૬૦ ૨૮૯૯૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

આર્ટ ઓફ લિવીંગ -રાજકોટ પરિવારના આયોજનમાં હવન અને યજ્ઞ સહિતના કાર્યો બેંગલોરથી પધારેલા સ્વામી શરણાનંદ(શરણુ સ્વામી)ની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવશે.

૮ ઓકટોબર મંગળવારે છઠ્ઠા નોરતાથી કાર્યક્રમનો આરંભ સવારે ૮.૩૦ વાગ્યે મહાગણપતિ હોમ, નવગ્રહ હોમ અને વાસ્તુ હોમ સાથે થશે. બપોરે ૧૨ કલાકે પૂર્ણાહૂતિ અને મંગલ આરતી કરવામાં આવશે, એ જ દિવસે સાંજે ૬ કલાકે મહાસુદર્શન હોમ અને પૂર્ણાહૂતિ સાથે મંગલ આરતી કરવામાં આવશે.

મહા ગણપતિ હોમ ગણેશજીની પૂજા ગણવામાં આવે છે. આરંભ વિધ્નહર્તાથી થાય તેમાં સફળતા મળે છે. નવગ્રહ માનવજીવનને વિવિધ રીતે પ્રભાવિત કરે છે અને તેમનું પૂજન કરવાથી નકારાત્મક અસરો દૂર થાય છે એ ઉપરાંત વાસ્તુ હોમ દિશાઓ અને આસપાસના વાતાવરણમાં સર્જાતી નકારાત્મક ઉર્જાની અસરને વિનારવા માટે કરવામાં આવે છે.

નારાયણ ભગવાનની પૂજાથી અજ્ઞાન દૂર થાય છે એમને રિઝવવા માટે સુદર્શન હોમ કરવામાં આવે છે.

૯ ઓક્ટોબર સાતમા નોરતે સવારે ૮ કલાકે રૂદ્ર પૂજા અને મહારૂદ્ર હોમ થશે. બપોરે સાડા બાર કલાકે પૂર્ણાહૂતિ અને આરતી કરવામાં આવશે. સાંજે ૬ કલાકે ચંડીદેવી કલશ સ્થાપના તથા ચંડી પારાયણ બાદ પૂર્ણાહૂતિ આરતી સાથે થશે

૧૦ ઓક્ટોબર આઠમા નોરતે ગુરુવારના દિવસે સવારે આઠ કલાકથી ચંડીકા હોમ, કન્યા પૂજા, દંપતિ પૂજા, બટૂક પૂજા, સુહાસિની પૂજા, ગૌપૂજા, મહા પૂર્ણાહુતિ આરતી અને મહાપ્રસાદ સાથે કરવામાં આવશે. ચંડીકા હોમ આઠમના દિવસે કરવામાં આવે છે. જીવનની આંતરિક અને બાહ્ય પ્રગતિમાં આવતા તમામ વિધ્નો માટે તે થાય છે.

માં દુર્ગાની પ્રશસ્તિ કરતા ૭૦૦ મંત્રોનો જાપ આ તકે થાય છે અને મંત્રની સાથે અગ્નિમાં ૧૦૮ વખત આહૂતિ આપવામાં આવે છે. હોમ સમગ્ર બ્રમ્હાંડમાં દિવ્યતાનો અનુભવ કરવાની ઉત્તમ પૂજન પ્રક્રિયા છે.

# થેલેસેમીયા મેજર યુવાન જય કોટેચાના જન્મદિને મેડીકલ કેમ્પ સાથે આનંદો ઉત્સવ યોજાશે

## જાણીતા ટેમટોલોજીસ્ટ, હાર્ટ સ્પેશ્યાલીસ્ટ માર્ગદર્શન આપશેઃ સૌરાષ્ટ્ર-કચ્છના થેલેસેમીયાની ઉપસ્થિતિ




રાજકોટ તા.૭

વિવેકાનંદ યુથ કલબ તથા હરીહર કોઓપરેટીવ હાઉસીંગ સોસાયટી દ્વારા અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના ના સહયોગથી જય જીતુલભાઈ કોટેચા (થેલેસેમીયા મેજર યુવાન)ના ૩૪મા જન્મદિન નિમિતે થેલેસેમીયા પીડીત બાળકોમાટે તા.૨૦ ઓકટોબરે હરીહર સોસાયટી, હરીહર કોમ્યુનીટી હોલ, કાલાવડ રોડ ખાતે બપોરે ૩ થી રાત્રીના ૮ સુધી મેડીકલ માર્ગદર્શન સેમિનાર અને આનંદોત્સવ યોજાશે. બાળકોને નાસ્તો, ભોજન અને ગેમ્સ રમાડાશે. આ મેડીકલ માર્ગદર્શન સેમિનારમાં ઉપસ્થિત રહેવા વિવેકાનંદ યુથ કલબના અનુપમ દોશી, મિતલ ખેતાણી, જીતુલ કોટેચા, ડો.રવિ ધાનાણી, કલ્પેશભાઈ પલાણ, સેજલબેન આર. વાઢેર, નીશાબેન કે. ચૌહાણ સહિતનાઓ દ્વારા અપીલ કરવામાં આવી છે.*(તસ્વીરઃ પંકજ શીશાંગીયા)*

### તપસ્વીઓ નવ દિવસ લુખ્ખુ-સુકકુ તેલ અને સબરસ વગર એક જ વખત આહાર કરે છે

# જૈનોની આસો માસની આયંબિલની ઓળી બુધવાર તા. ૯-૧૦થી તા. ૧૭-૧૦ સુધી રહેશે : અનંતા કર્મોની નિર્જરા




નવપદની ઓળી

પ્રભુ મહાવીરે ૧૪,૦૦૦ સાધુ અને ૩૬,૦૦૦ સાધ્વીઓમાંથી ધન્ના અણગારના આયંબિલ તપની પ્રશંસા કરી.

સાધુ વંદનામાં નિત્ય સ્મરણ કરીએ છીએ...

**શ્રી વીરે વખાણ્યો ધન્નો..ધન્નો અણગાર.**

ગ્રંથોમાં આયંબિલ તપનું મહત્વ બતાવતાં અનેક પ્રેરક દ્રષ્ટાંતો આવે છે જેમાં



:સંકલનઃ
મનોજ ડેલીવાલા



મહાવીર સ્વામી

પરમ કૃપાળુ તીર્થંકર પરમાત્મા પ્રત્યુત્તર આપતા ફરમાવે કે...

હે જીવ !

**સંયમ અને તપથી તમારા આત્માને સદા ભાવિત કરતાં રહેજો.**

તપસ્વીઓ નવ - નવ દિવસ સુધી લુખ્ખુ-સુકકુ તેલ અને સબરસ વગરનો દિવસમાં એક જ વખત આહાર કરી આયંબિલ તપની આરાધના કરતાં હોય છે.

આધ્યાત્મિક દ્રષ્ટિએ તો તપ કરવાથી અનંતા કર્મોની નિર્જરા થાય છે પરંતુ આયુર્વેદ અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ પણ આયંબિલ તપને આરોગ્ય માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

તમામ દર્દનું ઔષધ તપ માનવામાં આવે છે...!

આયંબિલ ઓળીના નવ દિવસ દરમ્યાન નવ પદ એટલે કે નમો અરિહંતાણથી લઈ નમો લોએ સવ્વ સાહૂણં તથા સમયક જ્ઞાન,દર્શન,ચારિત્ર અને તપ ધર્મની આરાધના કરતા હોય છે.

સ્થાનકવાસી તિથિ પત્રક પ્રમાણે જૈનોની આસો માસની આયંબિલ ઓળી ૯/૧૦/૨૪ બુધવારથી શરૂ થઈ ૧૭/૧૦ ના પૂર્ણાહૂતિ થશે.

શ્રીપાલ અને મયણાનું દ્રષ્ટાંત સુપ્રચલિત છે.આયંબિલ તપની આરાધના કરવાથી શ્રીપાલની કાયા કંચનવર્ણી બની જાય છે, તેમાં પણ વૈજ્ઞાનિક કારણ રહેલું છે કે ખોરાકમાં સબરસનું પ્રમાણ ઘટવાથી ચામડીના રોગ મટી શકે છે.તામલી તાપસ અને સુંદરીએ દીર્ધ કાલીન સમય સુધી તપની આરાધના કરેલી.

તપના પ્રભાવથી ભરત ચક્રવર્તીના સુંદરી પ્રત્યેના દુષ્ટ ભાવમાં પરીવર્તન આવી ગયેલ.

આયંબિલ તપ કરવાથી રસેન્દ્રિય ઉપર વિજય મેળવી શકાય છે,કારણ કે પાંચ ઈન્દ્રિયમાં રસેન્દ્રિયને જીતવી ખૂબ જ કઠિન છે.

તપથી લોહી શુદ્ધ થાય છે,લાલ રક્ત કણો વધે છે ! પ્રોફેસર જોસેફ હેરેલ્ડ જણાવે છે કે પેટના મોટા ભાગના દર્દોમાં તપ કરવું શ્રેષ્ઠ છે.

ડો. શેલ્ટન કહે છે સૃષ્ટિના જીવોમાં માત્ર મનુષ્ય એવું પ્રાણી છે જે બીમારીમાં પણ ખા-ખા કરે છે,જયારે પશુ,પંખીઓ, પ્રાણીઓ બિમાર પડે ત્યારે સૌ પ્રથમ ખાવાનું છોડી દે છે.

માનસ સાધના મંડળવાળા યોગીજી કહેતાં કે

જો લાંબુ જીવવું હોય તો પેટ ભરીને ન ખાઓ,ઈચ્છા થાય અને ભૂખ હોય તેના ચોથા ભાગનો જ આહાર લેવો.

મિસ શર્મને ખૂબ સરસ વાત કરી કે એક અબજ લોકો જગતમાં અર્ધા ભૂખ્યા સૂએ છે..! અને સવા અબજ લોકો વગર ભૂખે ખા-ખા કરે છે...!

મનોજ ડેલીવાળા કહે છે તપસ્વીઓ તો સંઘ અને શાસનના અણમૂલા રત્નો ગણાય છે.તપસ્વીઓ શાસનની આન - બાન અને શાનમાં વધારો કરે છે.સળંગ નવ દિવસ સુધી તપ થઈ શકતું હોય તો શ્રેષ્ઠ છે પરંતુ કોઈ કારણસર નવ દિવસ ન થઈ શકે તો છુટક-છુટક પણ આયંબિલ તપની આરાધના કરી શકાય છે,જેથી જીવાત્મામાં તપના સંસ્કાર આવે છે.

# બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં રહેવર સ્કૂલની પસંદગી



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ આયોજિત વિજ્ઞાન મેળામાં રહેવર સ્કૂલનો ત્રી સિંચાઈ પધ્ધતિનો નમૂનો સી.આર.સી. ૨૦માંથી વિભાગ ૩ માંથી પસંદ પામીને બ્લોક કક્ષાએ રજૂ થયો. વિદ્યાર્થિની બરેડિયા જેસલ તથા ધોળકિયા સ્વાતિએ શિક્ષક ભાવેશભાઈ ભુવાના માર્ગદર્શન હેઠળ કૃતિ તૈયાર કરી હતી.

# પ્રખ્યાત જવેલર્સ પોપ્યુલર ગ્રુપ દ્વારા આજથી પેલેસ રોડ ખાતે પાયલ મેલાનો શુભારંભ

## રાજશૃંગી કોમ્પ્લેક્ષ બેઝમેન્ટ સ્થિત એકમાત્ર શો-રૂમ પર ૧૨ ઓકટોબર સુધી લ્હાવો

રાજકોટ : હંમેશા કવોલીટીને જ ગ્રાહકોના સંતોષનું માપદંડ સ્વીકારી અદ્વિતીય કલા કૌશલ્યસભર સોના-ચાંદીના આભુષણોથી તહેવાર, વહેવાર અને પ્રસંગોને શોભાવતા પોપ્યુલર ગૃપ દ્વારા આ વર્ષે ફરી ગ્રાહકો માટે ‘પાયલ મેલા’નું આયોજન પેલેસ રોડ, રાજશૃંગી કોમ્પ્લેક્ષ બેઝમેન્ટ સ્થિત શો-રૂમ પોપ્યુલર-ધજવેલ શોપી પર કરવામાં આવેલ છે. તેમજ ૯૨.૫ સિલ્વર જવેલરીની વિશાળ રેન્જ પણ ઉપલબ્ધ રહેશે.

Art in Silver
popular Group
SINCE 1963

‘પાયલ મેલા’ નિમિતે ગ્રાહકો માટે અવનવી ડિઝાઇનો અને વૈવિધ્યસભર પાયલ રજુ કરવામાં આવેલ છે. ઉપરાંત સમગ્ર ભારતની વેરાયટી જેમ કે ટ્રેડીશનલ, રાજસ્થાની, એન્ટીક, જડતર, સ્ટોન, ટીનએજ, બ્રાઇડલ, એન્ગેજમેન્ટ, ગોલ્ડ એન્ડ સિલ્વર તથા કિડ્ઝ સિલ્વર પાયલ રજુ કરવામાં આવેલ છે. આમ આવી રહેલા તહેવારો અને પ્રસંગોના આનંદની ઉજવણી સાથે પોપ્યુલર ગ્રુપ દ્વારા આયોજીત ગુજરાતનો એક માત્ર ‘પાયલ મેલા’ તહેવારોનું વધુ રંગીન બનાવી દેશે.

ભારતીય સંસ્કૃતિમાં પાયલનું વિશિષ્ટ મહત્વ રહેલું છે. સંસ્કૃતિ ઉપરાંત સાયન્ટીફીક રીતે પણ પાયલ મહિલાઓ માટે વરદાન સમાન છે. પાયલ પહેરવાથી પગની પેનીને કસરત તથા શકિત મળે છે. બ્લડ સરકયુલેશમાં સુધારો થાય છે, દુઃખાવામાં રાહત મળે છે તેમજ રોગ પ્રતિકારક શકિત વધારવામાં મદદરૂપ થાય છે. હિન્દુ સંસ્કૃતિ મુજબ સોળ શૃંગારમાંનું એક ગણાયેલ પાયલ પગની શોભા પણ વધારે છે. પાયલ, સાંકળા, છળા, દોરીયા જેવા વિવિધ નામ તેમની ડિઝાઇન અનુસાર પડેલા છે. પોપ્યુલર ગ્રુપ છેલ્લા ૬૨ વર્ષથી લોકોને અવિરત નવીનતમ આભુષણોની ભેટ આપી લોકોમાં મુઠી ઉંચેરૂ સ્થાન ધરાવે છે. સૌરાષ્ટ્ર-ગુજરાત અને અન્ય રાજ્યોમાંથી ખરીદી કરવા આવતા ગ્રાહકો અનેક વર્ષોથી સંતોષ મેળવી રહ્યા છે. પોપ્યુલર ગ્રુપ દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રના ગ્રાહકોને ખાસ કરીને બહેનોને તા. ૬થી ૧૨ ઓકટોબર દરમ્યાન ‘પાયલ મેલા’તેમજ ૯૨.૫ સિલ્વર જવેલરીનો લાભ લેવા નિમંત્રણ પાઠવેલ છે.

‘પાયલ મેલા’ પોપ્યુલર ગૃપના પેલેસ રોડ, રાજશૃંગી કોમ્પ્લેક્ષ બેઝમેન્ટ સ્થિત શો-રૂમ પોપ્યુલર-ધ જવેલ શોપી પર આયોજીત થયેલ છે. આ દરમ્યાન શો-રૂમ સવારે ૧૦:૩૦ થી રાત્રે ૮.૩૦ ખુલ્લો રહેશે.

# સ્ટેન્ડિંગ કમીટીના ચેરમેન જયમીન ઠાકરના પુત્ર ધ્યેયે જન્મદિવસની ઉજવણી સદભાવના વૃધ્ધાશ્રમમાં વડીલો સાથે કરી : અનેરૂ ઉદાહરણ




સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરઅને શ્રીમતી બિંદિયાબેન ઠાકરના સુપુત્ર ધ્યેય ઠાકરે પોતાના ૧૭માં જન્મદિવસની ઉજવણી સદભાવના વૃધ્ધાશ્રમના વડીલો સાથે કરીને નવી પેઢી, સમાજને એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ધ્યેયે સદવભાવના વૃદ્ધાશ્રમના વડીલો સાથે કેક કાપી સૌને મોઢું મીઠું કરાવ્યું હતું સાથે ભોજન કર્યું હતું અને પૂજાનો પણ લાભ લીધો હતો. બાળકોને જો નાનપણથી જ અન્યના માતા-પિતાને રાજી રાખવાના, તેમનું ધ્યાન રાખવાના સંસ્કારો મળશે તો તેઓ પોતાના મોટા પિતાને તો ક્યારેય નહીં છોડે. વૃદ્ધાશ્રમની મુલાકાત ફક્ત મુલાકાત નહીં , પંરતુ સંસ્કૃતિ અને સંસ્કારોનું સિંચન બની રહે તે માટે વડીલો સાથે બેસીને ધ્યેયે એમની વાતો સાંભળી હતી અને પોતાના જીવન વિષેની પણ વાત કરી હતી. આ વિચાર પણ ધ્યેયનો પોતાનો વ્યક્તિગત જ હતો અને પરિવારે પણ તેમાં સહમતી આપી હતી.

### ધી રાજકોટ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો. ઓપ. સોસાયટી લી.

# “અપના બજાર“ રાજકોટનો ૬૨માં વર્ષમાં મંગલ પ્રવેશઃ ૬૧ મી વાર્ષિક સાધારણ સભા સંપન્ન




રાજકોટ, તા.૭

ધી રાજકોટ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કન્ઝયુમર્સ કો. ઓપ. સોસાયટી લીમીટેડ-અપના બજાર - રાજકોટની વાર્ષિક સાધારણ સભા ગત તા.૨૯ના રોજ મળેલ હતી. ૬૧મી વાર્ષિક સાધારણ સભાના ઉપસ્થિત સભાસદોને સંસ્થાનો વાર્ષિક અહેવાલ પ્રસ્તુતિ કરતા સંસ્થાના ચેરમેન વિક્રમસિંહ પરમાર તથા સંસ્થાના પૂર્વ ચેરમેન નટભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તથા આ સંસ્થાના અનેક સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના પરામર્શક ડો. નરેન્દ્રભાઈ દવે સહકારી અગ્રણી (વરિષ્ઠ સંઘ માર્ગ દર્શક અધિકારી) દ્વારા સંસ્થાના વિકાસ માટેનું માર્ગદર્શન આપેલ તેમજ નવનિયુક્ત યુવા ચેરમેન ભાગ્યેશભાઈ વોરા, વાઈસ ચેરમેન દિપકભાઈ ચાવડા, મહાનુભાવ ડો. નરેન્દ્રભાઈ દવે, ડિરેકટર મહેન્દ્રભાઈ શેઠ, અરવિંદભાઈ સોજીત્રા, નટુભાઈ ચાવડા, પંકજભાઈ દેસાઈ, મહેશભાઈ કોટક, નયનાબેન મકવાણા, ફુલાભાઈ શીંગાળા, જયંતભાઈ ધોળકીયા નવનિયુકત પદાધિકારીઓને અભીનંદન પાઠવ્યા હતા. સંસ્થાના પૂર્વ ચેરપર્સન નયનાબેન મકવાણાને ગુજરાત કન્ઝયુમર્સ કો.ઓપ.ફેડરેશનમાં ડિરેકટર પદે નિયુકત થતા સન્માન કરી શુભેચ્છા પાઠવવામાં આવી.

# હેપી મેરેજ બ્યુરોનાં હિમાંશુભાઈ ચિનોયનાં પત્ની જયશ્રીબેનનાં જન્મ દિનની સેવાકીય થકી ઉજવણી

## વૃધ્ધાશ્રમમાં વડીલોને નાસ્તો, પશુ-પંખીઓને ચણ, શ્વાનોને દૂધ-રોટલી બિનવારસી ડેડબોડી માટે કફન વિતરણ

રાજકોટ તા.૭

જય સીયારામ મીત્ર મંડળ ગ્રુપના જીવદયાપ્રેમી અને હેપી મેરેજ બ્યુરોના હિમાંશુભાઈ ચિનોયના ધર્મપત્ની શ્રીમતી જયશ્રીબેન ચિનોયના જન્મ દિનની સેવાકિય કાર્યો થકી ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં જય સીયારામ મીત્ર મંડળના હરીશભાઈ હરીયાણીના સહયોગથી જયશ્રીબેનના જન્મ દિને કબુતરને ૫૦ કીલો ચણ, શ્વાનોને ૪૦ લીટર દૂધ, ૨૦૦ રોટલી, બિસ્કીટ, કાબરને ગાંઠીયા, સિવિલ હોસ્પિટલમં બીનવારસી ડેડબોડીઓને કફન માટે રૂા.૧૧૦૦નું દાન અને દીકરાના ઘર વૃધ્ધાશ્રમમાં ૬૦ વડીલોને નાસ્તો કરાવી સેવાકિય કાર્યો કર્યા હતા.

આ સેવા કાર્યને સફળ બનાવવા હરીશભાઈ હરીયાણી, હિમાંશુભાઈ ચિનોય (મો.૯૮૯૮૦ ૩૨૬૦૦), જયશ્રીબેન ચિનોય, નિલેશભાઈ દાણીધારીયા, કૌશિકભાઈ પોરિયા, પ્રણવભાઈ મકવાણા, વિનુભાઈ મિસ્ત્રીએ જહેમત ઉઠાવી હતી.



# આજે દુર્ગા શપ્તશતીમાં દેવી મહાત્મ્ય વિષય પર વ્યાખ્યાન યોજાશે

સ્વામી પ્રણવાનંદજી સંસ્કૃત પ્રચાર ટ્રસ્ટના નવરાત્ર વ્યાખ્યાનમાળા અંતર્ગત આજે તા.૭ ને સોમવારના રોજ સાંજે ૫:૩૦ થી ૬:૩૦ પ્રા.ડો. હિનાબેન કીકાણી દુર્ગા શપ્તશતીમાં દેવી મહાત્મ્ય વિષય પર વકતવ્ય આપશે. પ્રણવાનંદ સંસ્કૃત ભવન ખાતે જે.જે. રાવલ અધ્યક્ષ ઈંડિયન પ્લેનેટરી સોસાયટીના અદયક્ષ સ્થાને નવરાત્રી વ્યાખ્યાનમાળાનું ઉદઘાટન કરવામાં આવ્યું.

# વકિલ સંદિપ સતાણીનો જન્મદિન

રાજકોટમાં ક્રિમીનલ, સિવીલ અને ફેમીલીમાં પ્રેકટીસ કરતા યુવા ધારાશાસ્ત્રી સંદિપ નટવરલાલ સતાણીનો આજે જન્મદિવસ છે. તેઓ એ એમ.એ. એલ.એલ.બી. એલ એલ એમ. નો ઉચ્ચ અભ્યાસ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પુર્ણ કરેલ છે



હમેશ માટે સામાજીક સેવાકીય કાર્યમાં પોતાનું યોગદાન રહ્યું છે, આજે જન્મ દિવસે તેઓને વડીલો, મિત્રો, પરિવારજનો સિનિયર જુનિયર વકીલમિત્રો તથા શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે. (મોબાઈલ નંબર ૯૭૨૪૭ ૭૭૯૭૯).

# જાણીતા પત્રકાર કેયૂર શાહનો આજે જન્મદિવસ

## “ગ્લોબલ બાઝાર“ સહિત ડિજિટલ અને પ્રિન્ટ પ્લેટફોર્મ્સ પર વિશિષ્ટ ઓળખ

રાજકોટ, તા.૭

શહેરના જાણીતા અને સફળ પત્રકાર કેયૂર શાહનો આજે જન્મદિવસ છે. તેઓએ યશસ્વી જીવનના ૪૦ વર્ષ પૂર્ણ કરી ૪૧ માં વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે.



૨૦૦૨માં મીડિયા ક્ષેત્રમાં પ્રવેશ કર્યા બાદ, કેયૂર શાહે અગ્રણી અખબારોમાં તેમના કાર્યકુશળતાથી સ્થાન જમાવ્યું છે. તેમના પોઝિટિવ અને પ્રભાવશાળી પત્રકારત્વ માટે “ગ્લોબલ બાઝાર“ સહિત ડિજિટલ અને પ્રિન્ટ પ્લેટફોર્મ્સ પર તેઓને વિશિષ્ટ ઓળખ મળી છે. કેયૂર શાહે ઇ-કોમર્સ જગતમાં પણ પ્રવેશ કરીને "KASTURI SPHERE" (www.kasturisphere.in) નામથી પોતાની કંપની સ્થાપી છે, જે Amazon, Flipkart, Jiomart અને Misho જેવા ગ્લોબલ પ્લેટફોર્મ્સ પર બિઝનેસ ઉંચા દરજ્જે લઈ જઈ રહી છે.

તેઓ સામાજિક સેવા અને ચેરીટેબલ પ્રવૃત્તિઓમાં પણ અગ્રેસર છે. આજરોજ તેમના જન્મદિવસ નિમિત્તે ઠેરઠેરથી મો.નં. ૯૬૮૭૬૦૦૦૦૧ પર શુભકામનાઓ મળી રહી છે.

# કિલનિકલ એસ્ટાબ્લિશમેન્ટ રજીસ્ટ્રેશન ઓનલાઈન કરી શકાશે

રાજકોટ, તા.૭

ગુજરાત કિલનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એકટ અન્વયે કિલનિકલ વિભાગનું રજીસ્ટ્રેશન અને રેગ્યુલેશન કરવામાં આવે છે. જે અન્વયે કિલનિકલ એસ્ટાબ્લિશમેન્ટ રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ માટે વિભાગની ઓફિસ ખાતે રૂબરૂ અથવા પોસ્ટ દ્વારા આવેલ એપ્લિકેશન કરી શકાય છે. આ ઉપરાંત આરોગ્ય અને કુટુંબ કલ્યાણ શાખા, ગુજરાત સરકાર દ્વારા વેબ બેઝ ઓનલાઈન ફેસીલીટી અર્થે વેબસાઈટ નિર્માણનું કરવામાં આવ્યું છે. આ સેવાનો લાભ લેવા માટે સાઈટ પર ઓનલાઈન અરજી કરી શકાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, દરેક કિલનિકલ એસ્ટાબ્લિશમેન્ટ માટે રજીસ્ટ્રેશન ફરજિયાત હોય છે. આ અંગે વધુ માહિતી માટે આરોગ્ય અને કુટુંબ કલ્યાણ શાખા, જિલ્લા પંચાયત, રાજકોટ ખાતે સંપર્ક સાધવા આરોગ્ય અધિકારીની યાદીમાં જણાવ્યું છે.

### હાલમાં જ ચાર્જ સંભાળનાર એરફોર્સના વડાનો ચોંકાવનારો ઘટસ્ફોટ

# ભારતીય હવાઈ દળની લડાયક તાકાત ૧૯૬૫ કરતાં પણ ઓછીઃ એરમાર્શલ સિંહ

## લડાયક વિમાનો રાતોરાત ખરીદી શકાતા નથીઃપસંદગીની ટ્રેનીંગ સુધીમાં પણ લાંબો સમય લાગે છેઃ સરકારને ‘ઝડપ’કરવા સલાહ



નવી દિલ્હીઃ વિશ્વમાં ભવિષ્યના યુદ્ધ હવાઈ તાકાત પર જ લડાશે તે હાલ ઈઝરાયેલનાં હમાસ-હિઝબુલ્લાહ સામેના ઓપરેશનથી સ્પષ્ટ થાય છે અને ભાત ખાસ કરીને ચીન અને પાકિસ્તાન જેવા બે સક્ષમ દુશ્મનોનો સામનો કરી રહ્યું છે તે સમયે ભારતીય હવાઈ દળનાં વડા એરમાર્શલ અમરપ્રિતસિંહે ચેતવણીનાં સ્વરમાં કહ્યું કે ૧૯૬૫ બાદ ભારતીય હવાઈ દળની લડાયક તાકાત સૌથી ઓછી થઈ છે. દેશની હવાઈ સેનાને એક સમયે સોવીયેત સંઘ દ્વારા પુરા પડાયેલા મીગ-સહીતનાં વિમાનો હવે તેની આયુ મર્યાદા પુરી કરીને નિવૃત થઈ રહ્યા છે. પરંતુ તેમનું સ્થાન લઈ શકે અને આધુનીક ટેકનોલોજી ધરાવતાં વિમાનોની પૂર્તિમાં વિલંબ થઈ રહ્યો છે.

તેઓએ દેશમાં જ હળવા લડાયક વિમાનોનાં ઉત્પાદનને મલ્ટીરોલ ફાઈટર વિમાનોની આવશ્યકતામાં ઝડપથી આગળ વધવાનું જરૂરી હોવાનું જણાવ્યુ હતું. હવાઈ દળના વડા એરમાર્શલ અમરજીતસિંહે હાલમાં જ તેમનાં આ હોદાનો ચાર્જ સંભાળ્યો છે. તેઓએ કહ્યું કે નવા લડાયક વિમાનોની ખરીદીમાં સમય લાગી રહ્યો છે અને બાદમાં તાલીમ આપવામાં વધુ સમય જરૂરી બનશે જેના કારણે ભારતની ફાઈટર પ્લેનની ૧૯૬૫ ના સમયથી પણ ઓછી થઈ છે. જોકે તેઓએ કહ્યું કે હાલ હવાઈ દળ પાસે છે તેનાથી તે લડવા પ્રતિબદ્ધ છે અને અમારૂ યાન હાલ હવાઈ દળ પાસે જ ક્ષમતા છે.અને જે વર્કફોર્સ છે તેનો શ્રેષ્ઠ ઉપયોગ પર કેન્દ્રીત થયુ છે.

ભારતીય હવાઈ દળની માન્ય લડાયક સંખ્યા ૪૨ સ્કવોડની છે.ઘણા ખરા તે ૩૨ સ્કોવર્ડનમાંજ છે અને પડકારો વધ્યા છે તેની લડાયક વિમાનો મોટી સંખ્યામાં નિવૃત થઈ રહ્યા છે. તેઓએ કહ્યું કે દેશમાં લડાયક વિમાનોનું ઉત્પાદન ખુબ જ ધીમુ નિશ્ચિત સમયથી પાછળ ચાલી રહ્યું છે. જેને ઝડપી બનાવવુ જરૂરી છે. તેની સાથે મલ્ટીરોલવાળા આધુનિક ફાઈટર વિમાનોની જરૂરીયાતની આવતી કાલે જ (ખુબ જ જલ્દી) છે પણ તેના પર કોઈ નિર્ણય લેવાયો નથી.

### છ વર્ષથી નવા લડાયક વિમાનોની ખરીદીમાં કોઈ પ્રગતિ થઈ નથીઃ સ્વદેશી ઉત્પાદનની પ્રક્રિયા પણ ધીમી ચાલે છે

હવાઈ દળે ૨૦૧૮ માં મેક-ઈન-ઈન્ડીયા યોજના હેઠળ ૧૧૪ મલ્ટીરોલ ફાઈટર વિમાનોની ખરીદીની પ્રક્રિયા શરૂ કરી પણ છ વર્ષમાં તેમાં કંઈ પ્રગતિ થઈ નથી.

હવાઈ દળ વડાએ કહ્યું કે લડાયક વિમાનોની જે ઘટ છે તે દર્શાવે છે કે આપણે રાતોરાત ખરીદી કરી શકીએ નહિં. લડાયક વિમાનોને સ્કવોડનમાં સામેલ કરવામાં સમય લાગે છે. પ્રથમ તો આપણી જરૂરીયાત મુજબ પસંદગીની પ્રક્રિયા પણ લાંબી છે અને તેનો ઉપયોગ કરવા માટે ટ્રેનીંગ-વિ. પણ જરૂરી છે. જોકે હાલ જે ઉપલબ્ધ છે તેનાથી લડવા માટે સક્ષમ છીએ.

હાલ હવાઈ દળ પાસે ૩૧ સ્કવોર્ડન છે. જે ૧૯૬૫ બાદની સૌથી ઓછી છે. ૧૯૯૬ માં ૪૧ સ્કવોડન સુધી તાકાત પહોંચી હતી જે ૨૦૧૩ માં ઘટીને ૩૫ થઈ ગઈ હતી અને તેમાં ઘટાડો થઈ રહ્યો છે. ૧૯૭૧ ના યુદ્ધ લડનાર મીગ-૨૧ હજુ પણ વાપરવા પડે છે પણ નિવૃત કરી શકાતા નથી.

તેઓએ ભુતકાળમાંથી બોધપાઠ લેવાની જરૂર દર્શાવી હતી.

### અગાઉ જ વૈશ્વિક કારણોથી પીટાઈ રહેલા શેરબજારને પોલીટીક પ્રેસર આવશે

# શેરબજારને હવે ચૂંટણી પરિણામની પણ ચિંતા

## હરિયાણા-કાશ્મીર ઓકે પણ તેનો પ્રભાવ જો મહારાષ્ટ્રમાં નેગેટીવ પડે તો પ્રત્યાઘાતની ટ્રીગર દબાઈ જશે

નવી દિલ્હી તા.૭

આવતીકાલે જાહેર થનારા હરીયાણા અને જમ્મુ કાશ્મીરની ધારાસભા ચૂંટણીનાં પરિણામોથી રાજકીય અસર થશે. સાથોસાથ શેરબજાર પણ આ પરીણામોને કઈ રીતે લેશે તેની ઉતેજના છે.આ પરીણામો જો શાસક ભાજપ માટે નેગેટીવ હોય તો બજારમાં મહારાષ્ટ્ર અને ઝારખંડની ધારાસભા ચૂંટણીનાં પરીણામો અને તેની સાથે યોજાનારી લોકસભા-વિધાનસભા પેટા ચૂંટણીનાં પરીણામો માટે પણ શાસક પક્ષની ચિંતા વધશે એક તરફ શેરબજાર વૈશ્વીક ઘટનાઓથી ઘેરાયેલુ છે. અમેરીકાની ચૂંટણી પણ હવે એક માસ દુર છે.

ઈઝરાયેલ હવે ઈરાનને કંઈ રીતે જવાબ આપે છે તેના પર નજર છે. અને આ યુદ્ધ ભડકે તેવી તમામ શક્યતાઓ છે અને તેથી ક્રુડતેલનાં ભાવથી લઈને ડોલર સામે રૂપિયાની નબળી સ્થિતિ પણ ચિંતા બની શકે છે.

આ તમામ ફેકટરની શેરબજારમાં કડાકા થયા બાદ હજુ અનિશ્ચિતતા યથાવત છે. જો પરીણામો ભાજપ માટે નેગેટીવ આવે તો તેની સીધી મોદી સરકારના નિર્ણયો પર પડી શકે છે. આગામી વર્ષનાં પ્રારંભમાં દિલ્હીની ધારાસભા ચૂંટણીમાં બિહારમાં પણ રાજકીય ગતિવિધી માં કંઈક રંધાઈ રહ્યું છે. ખાસ કરીને પ્રશાંત કિશોરે તેનો રાજકીય પક્ષ રચી દીધો છે.



ખાસ હવે અહી એનડીએ ઈન્ડીયા-ગઠબંધન વચ્ચે ત્રીજો પક્ષ મેદાનમાં છે. આમ રાજકીય અનિશ્ચિતતા એકબાદ એક રાજયને ઘેરી વળી રહે છે. માર્કેટના નિષ્ણાંત જી ઓકસલીંગમ કહે છે કે લોકસભા ચૂંટણીના પરીણામો માર્કેટે પચાવી લીધા છે તે હવે રાજકીય કરતા જીઓ પોલીટીકલ કારણો પર વધુ આધારીત બની ગયુ છે. અને મહારાષ્ટ્ર સિવાય બાકીનાં તમામ રાજયો નાના છે તેના પરીણામોની અસર નવી વાત હશે.

જોકે મહારાષ્ટ્ર એક મહત્વનું રાજય છે. અને ત્યાં ભાજપ હારે તો નકારાત્મક અસરની હારમાળા સર્જાય હરીયાણામાં કૃષિ નીતીનો મુદ્દો તો મહારાષ્ટ્રમાં ડુંગળી સહીતનાં કૃષિ ઉત્પાદનો માટે અગાઉથી જ કેન્દ્ર સરકારે જાહેરાત કરી પાણી પહેલા પાળ બાંધી છે.

# ચીનમાં એક સમયની લકઝરી હોટલ અત્યારે હવે બની ગઈ છે રેસિડેન્શયલ એપાર્ટમેન્ટઃ ૨૦ હજાર લોકો રહે છે

બેજીંગ:

કોઇ બહુમાળી બિલ્ડિંગમાં વધુમાં વધુ કેટલા લોકો રહી શકે? બે હજાર કે ત્રણ હજાર? પણ ચીનનું એક બિલ્ડિંગ છે જેમાં ૨૦ હજાર લોકો રહે છે. વિશ્વના સૌથી મોટા રેસિડેન્શ્યલ બિલ્ડીંગનો રેકોર્ડ ધરાવતા ચીનના ક્રિઆન્જિઆંગ શહેરનું બિલ્ડીંગ આમ તો માત્ર ૩૯ માળનું જ છે પણ એમાં રેકોર્ડબ્રેક સંખ્યામાં લોકો રહે છે.

આ બિલ્ડીંગનું નામ છે રીજન્ટ ઇન્ટરનેશનલ ૬૭૫ ફૂટ લાંબી અંગ્રેજીમાં એસ શેપની ૩૯ માળની ઇમારતમાં એક આખું ગામ વસેલું છે એમ કહીએ તો ચાલે. ૩૯ માળમાં કુલ ૧૪ લાખ સ્કવેર મીટરનું બાંધકામ થયેલું છે. એમાં હજારો હાઇ-એન્ડ રેસિડેન્શ્યલ એપાર્ટમેન્ટસ છે.

આ બિલ્ડિંગની બીજી ખાસિયત એ છે કે એમાં માત્ર રહેવાસીઓ જ નથી, પણ માગો એ તમામ






સુખસુવિધાઓ પણ છે.

ગ્રોસરી સ્ટોરથી લઇને બાર્બર શોપ, સેલો, કેફે અને હોટલમાં ખાવા જવા માટે પણ તમારે બિલ્ડિંગમાંથી બહાર નીકળવાની જરુર નથી. જો કે હજી એમાં બીજા ૧૦,૦૦૦ લોકો સમાવી શકાય એમ છે એવું કહેવાય છે.




## વડાપ્રધાન મોદીએ ‘આવતી કળાય’ ગરબો લખ્યોઃ નવરાત્રીમાં માઁ દુર્ગાની ભકિતને સમર્પિત

નવી દિલ્હીઃ નવરાત્રીમાં ઉપવાસ સહીતનું અનુષ્ઠાન કરી રહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતાજીની ભકિતને સમર્પિત ‘આવતી કળાય’ ગરબો લખીને તે દેશના ભકતોને સમર્પિત કર્યો છે.

મા દુર્ગા પર લખાયેલા આ ગરબા અંગે વડાપ્રધાને સોશ્યલ મિડિયા પર દેવી દુર્ગાને સમર્પિત ગરબા ગીત અંગે લખ્યુ છે કે આ નવરાત્રીનાં પાવન પર્વનો સમય છે. અલગ અલગ રીતે માં દુર્ગાની ભકિત સાથે જોડાયેલો છે.

શ્રધ્ધા અને આનંદની આ ભાવનામાં આ આવતી કળાય પ્રદર્શીત થાય છે. એક ગરબો જે તેમની શકિત અને કૃપાને અંજલી સ્વરૂપમાં લખ્યો છે અને તેમના આર્શીવાદ હંમેશા આપણા પર બની રહે. આ ગરબાને પૂર્વ મંત્રીએ સ્વર આપ્યો છે. જેને વડાપ્રધાન એક ઉભરતા પ્રતિભાશાળી ગાયકના સ્વરૂપમાં ગણાવ્યા હતા.



### ૧૧ ઓક્ટો.ના અમિતાભ બચ્ચન ૮૨ વર્ષના થશે

## KBCનો સ્પેશિયલ એપિસોડ બિગ બી બર્થ-ડે સ્પેશિયલઃ આમિરખાનની ખાસ હાજરીઃ ડાન્સ-મસ્તી ભર્યો એપિસોડ

મુંબઇ, તા.૭

અમિતાભ બચ્ચન ૧૧ ઓક્ટોબરે ૮૨મી વર્ષગાંઠ ઉજવવાના છે, પણ કૌન બનેગા કરોડપતિ (કેબીસી)ના નવા પ્રોમોમાં તો તેઓ આમિર ખાન અને તેના દીકરા જુનેદ સાથે ઓલરેડી બર્થ-ડે ઉજવતા દેખાય છે.

પ્રોમોની શરુઆત કેબીસીના સ્પર્ધકો બિગ બીને જન્મદિવસની વધામણી આપે છે. એનાથી થાય છે. એક સ્પર્ધક અમિતાભ માટે હૃદયસ્પર્શી કવિતા રજૂ કરે છે તો એક સ્પર્ધક તેમના માનમાં રેપ સોન્ગ ગાય છે. આમિર પણ અમિતાભના ગીત ‘જુમ્મા ચુમ્મા દે દે’ પર ડાન્સ કરીને ઉજવણીમાં જોડાય છે.

આમિર ખાન ત્યારબાદ ઓડિયન્સને પૂછે છે, જબ મેં છોટા થા તબ સુપરસ્ટાર કોન થા? ઓડિયન્સમાંથી અમિતાભ બચ્ચનનું નામ બોલાય છે ત્યારબાદ આમિર બીજો સવાલ પૂછે છે, અબ મેં બુઢા હોને જા રહા હું તબ સુપરસ્ટાર કોન હૈ? ઓડિયન્સમાંથી ફરી અમિતાભ બચ્ચનનું નામ લેવાય છે.





# યોગી આદિત્યનાથનો ‘ક્રિકેટર’ અવતાર

ઉતર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ હિન્દુવાદી તેજાબી ભાષણ અને અભિગમ માટે જાણીતા છે. તેઓનો ક્રિકેટર તરીકેનો અવતાર પણ લોકોને જોવા મળ્યો હતો. સ્પોર્ટસ ટુર્નામેન્ટનાં ઉદઘાટન-ટ્રોફી અનાવરણ વખતે તેઓ ક્રિકેટનું બેટ લઈને મેદાને ઉતર્યા હતા અને સ્ફોટક બેટીંગ સાથે આકર્ષક શોટસ ફટકાર્યા હતા. તેનાથી મેદાનમાં ઉપસ્થિત લોકો પણ ચીચીયારી કરવા લાગ્યા હતા. અનેક દડા ડીફેન્સ કર્યા હતા અને અનેકમાં શોટ માર્યા હતા.

## અર્શદિપ-વરૂણની ઘાતક બોલીંગ અને હાર્દિક-સુર્યકુમારની તોફાની બેટીંગથી ભારતની શાનદાર જીત

ગ્વાલિયર :

અર્શદીપ સિંહે પાવરપ્લેમાં સ્વીંગ અને વરુણ ચક્રવર્તીએ પોતાની ગુગલીનો જાદુ બતાવ્યો હતો. આ બંનેની શાનદાર બોલિંગથી ટીમ ઈન્ડિયાએ રવિવારે પ્રથમ ટી-૨૦માં બાંગ્લાદેશને ૧૯.૫ ઓવરમાં ૧૨૭ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. જે બાદ ૪૯ બોલ બાકી રહેતાં ત્રણ બોલમાં ૧૩૨ રન બનાવીને ટાર્ગેટ હાંસલ કર્યો હતો. સાત વિકેટની વિશાળ જીત સાથે ભારત ત્રણ મેચની શ્રેણીમાં ૧-૦ થી આગળ છે.




### પ્રથમ ટી-૨૦માં ભારતે માત્ર ૧૧.૫ ઓવરમાં જીતનો ટાર્ગેટ હાંસલ કર્યો

**આક્રમક શરૂઆત**

નાનાં લક્ષ્યનો પીછો કરતાં ભારતે પાવર પ્લેમાં બે વિકેટે ૭૧ રન બનાવીને તોફાની શરૂઆત કરી હતી. સંજુ (૨૯) ઇસ્લામની પ્રથમ ઓવરમાં બે ચોગ્ગા સાથે શરૂઆત કરી હતી. અભિષેકે (૧૬) આગલી ઓવરમાં તસ્કિન પર બે ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો પરંતુ તે જ ઓવરમાં તે રનઆઉટ થયો હતો.

**સૂર્યાની તોફાની સ્ટાઈલ**

સૂર્યકુમાર (૨૯ રન) એ આવતાની સાથે જ મુસ્તફિઝુર પર સિક્સર અને ફોર ફટકારીને તોફાની સ્ટાઈલમાં શરૂઆત કરી હતી. ત્યારબાદ તેણે તસ્કીનના બોલ પર બે ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો. આગલી ઓવરમાં મુસ્તાફિઝુર પણ સિક્સર ફટકારી ગયો હતો પરંતુ પછીનો બોલ ડીપ સ્કવેર લેગ પર ઝાકિરના હાથમાં આવ્યો હતો. આ પછી સેમસન પણ મિરાજના બોલ પર મોટો શોટ રમવાના પ્રયાસમાં રિશાદના હાથે કેચ થયો હતો.

**હાર્દિકનો વિસ્ફોટ**

હાર્દિક (અણનમ ૩૯) એ મિરાજ પર ચોગ્ગા સાથે ખાતું ખોલાવીને તોફાની શરૂઆત કરી હતી. પ્રથમ મેચ રમી રહેલાં નીતિશે (૧૬) પણ રિશાદના બોલને દર્શકો સુધી પહોંચાડ્યો હતો. હાર્દિક ૧૦મી ઓવરમાં મુસ્તાફિઝુરના બોલ પર ચોગ્ગો ફટકારીને ભારતની સદી પૂરી કરી હતી. રિશાદ પર સિક્સર લગાવ્યાં બાદ હાર્દિકે તસ્કીનના સળંગ બોલ પર બે ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી ભારતને ૧૧.૫ ઓવરમાં ટાર્ગેટ સુધી પહોંચાડ્યું હતું. હાર્દિક અને નીતિશે ચોથી વિકેટ માટે ૨૪ બોલમાં અણનમ ૫૨ રન જોડ્યા હતાં.

**મિરાજના ૩૫ રન**

અગાઉ મિરાજના અણનમ ૩૫ અને કેપ્ટન શાંતોના ૨૦ રનની મદદથી બાંગ્લાદેશ ૧૨૦નો સ્કોર પાર કરી શક્યું હતું. લિટને (૪) અર્શદીપની ઇનિંગ્સની પ્રથમ ઓવરમાં ચોગ્ગો ફટકાર્યો હતો પરંતુ પછીનાં બોલને હવામાં લહેરાવ્યા બાદ તેણે શોર્ટ કવર પર રિંકુને કેચ આપ્યો હતો. પરવેઝે (૮) હાર્દિક પર સિક્સર ફટકારી હતી પરંતુ અર્શદીપે તેની વિકેટ ઝડપી હતી. બાંગ્લાદેશની અડધી ટીમ ૫૭ રન પર પેવેલિયન પરત ફરી હતી.

**મયંક મેડન ઓવર ફેંકનારો પાંચમો ભારતીય ખેલાડી**

મયંક આંતરરાષ્ટ્રીય ટી-૨૦માં પહેલી જ ઓવર મેડન ઓવર ફેંકનારો પાંચમો ભારતીય ખેલાડી બન્યો હતો. તે અજીત અગરકર (દક્ષિણ આફ્રિકા ૨૦૦૬). ખલીલ અહેમદ (વેસ્ટ ઈન્ડિઝ, ૨૦૧૮), નવદીપ સૈની (વેસ્ટ ઈન્ડિઝ, ૨૦૧૯) અને અર્શદીપ સિંહ (ઈંગ્લેન્ડ, ૨૦૨૨)ની કલબમાં જોડાયો હતો.

**વરૂણ ચક્રવર્તી પણ ચમક્યો**

ત્રણ વર્ષ પછી વરુણ ચક્રવર્તીનું પુનરાગમન શાનદાર હતું. તેને પોતાની કારકિર્દીનું સર્વશ્રેષ્જ પ્રદર્શન આપ્યું હતું. અગાઉ છ મેચમાં માત્ર બે વિકેટ ઝડપનાર ચક્રવર્તીએ ૩૧ રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. આ પહેલાં તેણે નવેમ્બર ૨૦૨૧માં સ્કોટલેન્ડ સામે છેલ્લી મેચ રમી હતી.

## નીતા અંબાણીની બરાબરી કરી શનાયા કપૂરે





સંજય કપૂરની દીકરી શનાયા હજી સુધી કોઇ ફિલ્મમાં તો ચમકી નથી શકી, પણ એક ઇવેન્ટમાં તેણે નીતા અંબાણીની બરાબરી કરીને લોકોનું ધ્યાન ખેંચ્યું છે. બોલીવૂડના ફેવરિટ ફેશન-ડિઝાઇનર મનીષ મલ્હોત્રાએ બાંદરા કુર્લા કોમ્પ્લેક્સના જિયો વર્લ્ડ પ્લાઝામાં નવો સ્ટોર લોન્ચ કર્યો એ પ્રસંગે નીતા અંબાણી અને શનાયા એક જ બ્રેન્ડની મીની બેગ લઇને આવ્યાં હતા. હર્મીઝ કેલી બ્રેન્ડની આ બેગની કિંમત ૧૮ લાખ રૂપિયા છે.

## રતન ટાટાએ પોતાને આઈસીયુમાં દાખલ થયાના સમાચારને અફવા કહી

### રતન ટાટાએ સોશિયલ મીડિયા પર લખ્યું કે ચિંતા કરવાની જરૂર નથી હું રૂટીન હેલ્થ ચેકઅપ માટે હોસ્પિટલમાં આવ્યો છું

મુંબઈ :



ભારતનાં મોટા ઉદ્યોગપતિ અને ટાટા સન્સના ભૂતપૂર્વ ચેરમેન ૮૬ વર્ષીય રતન નવલ ટાટા મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ છે આ સમાચાર પર તેમણે પોતે જ પોતાની તબિયત અંગે અપડેટ આપી હતી.

કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો હતો કે રતન ટાટા બ્રીચ કેન્ડી હોસ્પિટલના આઇસીયુમાં દાખલ છે. તેનું બ્લડ પ્રેશર ઘણું ઓછું થઈ ગયું હતું. લો બીપી થતાં હોસ્પિટલમાં લાવવામાં આવ્યાં હતાં. આ અંગે તેણે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે તે હોસ્પિટલમાં જનરલ ચેકઅપ માટે આવ્યાં હતાં.

રતન ટાટાએ એક નિવેદન જારી કરીને લોકોને તેમનાં સ્વાસ્થ્ય વિશે જાણકારી આપી હતી. તેમનાં નિવેદનમાં રતન ટાટાએ જણાવ્યું હતું કે, ‘‘હું મારા સ્વાસ્થ્યને લઈને ફેલાયેલી તાજેતરની અફવાઓથી વાકેફ છું. હું દરેકને ખાતરી આપવા માંગુ છું કે આ દાવાઓ પાયાવિહોણા છે. મારી ઉંમર અને સંબંધિત તબીબી પરિસ્થિતિઓને કારણે મારી હાલમાં સારવાર ચાલી રહી છે.’’ મેડિકલ ચેકઅપ કરાવવું ચિંતા કરવાનું કોઈ કારણ નથી અને હું લોકોને ખોટી માહિતી ફેલાવવાનું ટાળવા વિનંતી કરુંછું. રતન ટાટાએ પોતાનાં નિવેદનમાં જણાવ્યું કે તેઓ તેમનાં મેડિકલ ચેકઅપ માટે હોસ્પિટલ ગયાં હતાં. તેમની તબિયત બિલકુલ ઠીક છે. તેમણે લોકોને એમ પણ કહ્યું કે તમામ અફવાઓ ખોટી છે.

**રતન ટાટાને પદ્મ વિભૂષણ અને પદ્મ વિભૂષણથી સન્માનિત કરવામાં આવ્યાં છે**

૨૮ ડિસેમ્બર ૧૯૩૭ના રોજ જન્મેલાં રતન ટાટા ટાટા ગ્રુપના સ્થાપક જમશેદજી ટાટાના પ્રપૌત્ર છે. તેઓ ૧૯૯૦ થી ૨૦૧૨ સુધી ટાટા ગ્રુપના ચેરમેન રહ્યાં હતાં અને ઓક્ટોબર ૨૦૧૬ થી ફેબ્રુઆરી ૩૦૧૭ સુધી વચગાળાનાં ચેરમેન તરીકે સેવા આપી હતી. તેમને ભારતના બે સર્વોચ્ચ નાગરિક પુરસ્કારો, પદ્મ વિભૂષણ (૨૦૦૮) અને પદ્મ ભૂષણ (૨૦૦૦) એનાયત કરવામાં આવ્યાં છે.

## માલદીવમાં રૂપે કાર્ડથી પેમેન્ટ શરૂ, યુપીઆઇથી પણ જોડાશે બન્ને દેશઃ મોદી

### હૈદ્રાબાદ હાઉસમાં પીએમ મોદી અને મુઈજ્જુએ અનેક સમજુતી, શિલાન્યસ, ઉદ્ઘાટન કર્યા

નવી દિલ્હી, તા.૭

માલદીવમાં રૂપે કાર્ડથી પેમેન્ટની શરુઆત થઇ ગઇ છે. વડાપ્રધાન મોદી અને માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇજ્જુ આ પ્રકારની લેવડ-દેવડના સાક્ષી બન્યા હતા. આ તકે વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે કેટલાક દિવસ પહેલા માલદીવમાં રૂપે કાર્ડ લોન્ચ કરવામાં આવ્યું હતું.



આવનારા સમયમાં ભારત અને માલદીવ યુપીઆઇથી જોડાઇ જશે. આ સિવાય બન્ને મહાનુભાવોએ માલદીવમાં હનીમાધુ આંતરરાષ્ટ્રીય વિમાન મથકના રનવેનું વર્ચ્યુઅલ માધ્યમથી ઉદ્ઘાટન કર્યું હતું. ભારતે તેના સહયોગથી નિર્મિત ૭૦૦થી વધુ સામાજિક આવાસ એકમો પણ માલદીવને સોંપ્યા. આ ઉપરાંત ભારત અને માલદીવ વચ્ચે અનેક મહત્વની સમજુતીઓ થઇ હતી, બધા નિર્ણયો, શિલાન્યાસ, ઉદ્ઘાટન પીએમ મોદી અને મોઇજ્જુની હૈદ્રાબાદ હાઉસ બેઠક દરમિયાન થયા હતા.

આ તકે પીએમ મોદીએ જણાવ્યું હતું કે ભારત અને માલદીવના સંબંધો સદીઓ જુના છે. અમારી નેખરહુડ ફર્સ્ટ પોલીસી અને સાગર વિઝનમાં માલદીવને મહત્વનું સ્થાન છે.

### સૌરાષ્ટ્રના સિંહણ, તીર્થસ્વરૂપા, વચનસિધ્ધિકા

# પૂ.ઈન્દુબાઈ મ. તીર્થધામના આંગણે બુધવારથી આસો માસની આયંબિલ ઓળીની આરાધના શરૂ

રાજકોટ તા.૭

ગોં.સંપ્ર.ના સૌરાષ્ટ્રના સિંહણ બા.બ્ર.પૂ. શ્રી ઈન્દુબાઈ મહાસતીજી તીર્થધામમાં તા.૯ને બુધવાર આસો સુદ ૬ થી તા.૧૭/૧૦ ગુરૂવાર સુધી શાશ્વતી આયંબીલ ઓળીનુ તપભીનુ આયોજન કરેલ છે જેમા સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ વ્યાખ્યાન, ૧૦-૩૦ થી ૧૧-૩૦ સમુહજાપ, ૧૧-૩૦ થી ૧૨ નવપદ આરાધનાવિધિ, ૯ થી ૧૧ ત્રિરંગી સામાયિક, બપોરે ૧૨ થી ૧ અમૃત આયંબીલ ભોજન તેમજ સાંજે ૭ થી ૮ પ્રતિક્રમણનુ આયોજન કરાયુ છે.



રોજ જુદા જુદા વિષયો પર પૂ.મહાસતીજી પોતાની લાક્ષણિક શૈલીમા વ્યાખ્યાન ફરમાવશે. જેમા આયંબીલ તપનો મહિમા, આયંબીલ તપના ફાયદા, કર્મની હળવાશ, રસ પરિત્યાગ શું છે? શાશ્વતી ઓળીનું મહત્વ શું? વગેરે વિષયો પર વ્યાખ્યાન ફરમાવશે. ૧૨ વાગ્યે શુધ્ધ-સ્વચ્છ જૈન સિધ્ધાંત મુજબ આયંબીલ ભોજન કરાવવામા આવશે. જેમને નાલંદા તીર્થધામમાં આખી ઓળી તેમજ છૂટક આયંબીલ કરવાના ભાવ હોય તેમણે પોતાના નામ તથા પાસ તા.૭ સોમવાર સુધીમાં લખાવી મેળવી લેવાના રહેશે. વ્યાખ્યાન, સામાયિક, જાપ તેમજ પાટલે પ્રભાવના આ દરેક આયોજનમાં જુદા જુદા અનેક દાતાઓ તરફથી બહુમાન કરવામાં આવશે.

નાલંદા સંઘમાં આયંબીલની ઓળીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. છૂટક આયંબીલ તથા આખી ઓળી કરનાર દરેક સાધકે પ્રત્યાખ્યાન નાલંદા ઉપાશ્રયે લેવાના રહેશે.

આ પ્રસંગને આખરી ઓપ આપવા માટે ચંદ્રભકત મંડળ, શાલિભદ્ર ગ્રુપ, સોનલ સાહેલી મંડળ સતત જહેમત ઉઠાવી રહ્યુ થે.

# કાલથી દુર્ગાપૂજા મહોત્સવની ઉજવણીનો પ્રારંભઃ પૂજા, આરતી સહિતના અનુષ્ઠાનો





રાજકોટ તા.૭

આવતીકાલ તા.૮થી ૧૩ સુધી ન્યુ યંગસ્ટાર ગ્રુપ દ્વારા વરિયા પ્રજાપતિ હોલ, બેડીનાકા ટાવર નજીક, લાઈટ બીલ ઓફીસની પાસે દુર્ગા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

આવતીકાલ તા.૮મીના મંગળવારે મેયર નયનાબેન પેઢડિયા, સહદેવભાઈ ડોડીયા, દેવાંગભાઈ માંકડ, સુનિલભાઈ ટેકવાણી, ભાયાભાઈ સાહોલીયા તથા અજયભાઈ પરમારની ઉપસ્થિતિમાં ઉદઘાટન કાર્યક્રમ રાત્રે નવ વાગે યોજવામાં આવેલ છે. તા.૯મીના સાંજે પાંચ વાગે પૂજા, આરતી સહિતના કાર્યક્રમો તા.૧૦ના મહા સપ્તમી પૂજા વગેરે તા.૧૧ મહાઅષ્ટમી, નિમિતે મહા અષ્ટમી બૃહત પૂજા, વગેરે સાંજે ૪-૪૫ કલાકથી શરૂ થશે. તા.૧૨ના મહાનવમી, તા.૧૩ના રવિવારે મહા દશમી-સુસિંદુર ઉત્સવ (માત્ર બહેનો) વગેરે બપોરે ત્રણ વાગે તથા સાંજે ચાર વાગે પ્રતિમા વિસર્જન થશે તેમ આલોકનાથભાઈ, તાપસભાઈ વગેરેએ જણાવેલ છે. ઉપરોકત તસ્વીરમાં મા દુર્ગાની ભવ્ય અને નયનરમ્ય પ્રતિમાજી તથા પંડાલની છે.

### પ્રણામી પાર્ક ગરબીની અનોખી પરંપરા

# ગરબા સાથે સામાજિક સંદેશો આપતા વિવિધ નાટકો જોવા લોકો ઉમટયા






રાજકોટ, તા.૭

રાજકોટ જેના ગર્ભમાં દીવો છે એવો ઘડો એટલે સંસ્કૃતમાં દીપગર્ભો ઘટ', તેમાંથી થયો દીપગલી, પછી ગરભો અને અંતે ગરબો મ તેને માથે રાખી કે વચ્ચે રાખીને થતું વર્તુળાકાર નર્તન પણ કાળક્રમે ગરબો' જ કહેવાયું. જેનો ધબકાર આજે ગરબામાં ઝિલાય છે. આજ રીતે માતાજીને હ્રદયમાં રાખી પ્રણામી પાર્ક કો. ઓપરેટિવ હાઉસિંગ સર્વિસ સોસાયટી દ્વારા દર વર્ષની માફક આ વખતે પણ રાસ ગરબા યોજાયા છે.

જેમાં સોસાયટીની નાની નાની દીકરીઓ દ્વારા અવનવા રાસ રજૂ કરી માતાજીની આરાધના, સાધના, ઉપાસના કરવામાં આવે છે. એટલું જ નહીં અહીં દરરોજ સામાજિક સંદેશાઓ આપતા વિવિધ નાટકો રજૂ કરી લોકોને જાગૃત કરવામાં આવે છે. જેમાં નારીના ભાવ તથા ભાવનાનું સ્વની ભૂમિકાથી સર્વની ભૂમિકાએ પહોંચતું સંવેદન હોય એનું શબ્દલય, ભાવલયને સંગીતની છટા અને છાકને અંકિત કરે એવું કાવ્યમય નિરૂપણ હોય તથા તાળી અને ઠેક સાથે ગરબે ઘૂમવાનો પૂરતો અવકાશ હોય એવું ગીત તે ગરબો. પ્રણામી પાર્ક કો. ઓપરેટિવ હાઉસિંગ સર્વિસ સોસાયટી દ્વારા ખંજરી રાસ, તલવાર રાસ, બેડા રાસ, દીવડા રાસ, ભૂવા રાસ, તાળી રાસ, ગાગર રાસ અને હેલ્લારો વગેરે રજુ કરી શકિતની ભાવવાહિ ભકિત ૮૪ બાળાઓ દ્વારા થઈ રહી છે.

આ ઉપરાંત ''દીકરી વ્હાલનો દરિયો'', ''વ્યસનો વિશેનું નાટક'', ''બાળકો દ્વારા મોબાઈલના દુરૂપયોગ અંગેનું નાટક'' વગેરે નાટકો દ્વારા સામાજિક સંદેશો આપવાનો પણ નવતર અભિગમ અપનાવાયો છે. સોસાયટીના લોકો તેમજ આજુબાજુના વિસ્તારના લોકો મોટી સંખ્યામાં પ્રાચીન રાસ નિહાળવા આવે છે.

### જિનશાસન રક્ષક દેવશ્રી માણિભદ્ર વીરનું વર્ષમાં એક જ વાર પૂજન કરવામાં આવે છે

# કાલે માંડવી ચોક જિનાલય તથા વિમલનાથ દેરાસરે શ્રી માણિભદ્ર વીરના પ્રાગટય દિનની ભવ્ય ઉજવણી

### માંડવી ચોક દેરાસરે પૂજન તથા હવનઃ મણિયાર દેરાસરે અષ્ટપ્રકારી પૂજા,વિમલનાથ જિનાલયે અષ્ટપ્રકારી પૂજા તથા પ્રસાદ

રાજકોટ તા.૭

આવતીકાલ તા.૮મીના મંગળવારે જૈન તિથિ અનુસાર આસો શુદ પાંચમ છે. જિનશાસન રક્ષક શ્રી માણિભદ્ર વીરનું પ્રાગટય પર્વ છે. આવતીકાલે તમામ જિનાલયોમાં જયાં શ્રી માણિભદ્ર વીરની પ્રતિમા બિરાજમાન છે ત્યાં વર્ષમાં એકજવાર થતી પક્ષાલ, કેસર પૂજા, ફૂલ, ધૂમ પૂજા વગેરે અનુષ્ઠાન થશે તેમજ શ્રી માણિભદ્ર વીરનો હવન થશે.

જિનશાસન રક્ષક દેવ શ્રી માણિભદ્ર વીરના ત્રણ સ્થાનકો મુખ્ય છે જે ઉજજૈન, મઘરવાડા તથા આગલોડ તીર્થ છે. આવતીકાલે ત્રણ મુખ્ય સ્થાનકોમાં ભકતોની ભારે ભીડ જોવા મળશે.

રાજકોટમાં માંડવી ચોક દેરાસર (દાદાવાડી) જે ૧૯૮ વર્ષ પ્રાચીન તીર્થ છે અહીં ૧૯૮ વર્ષથી શ્રી માણિભદ્ર વીરની પૂજા અનુષ્ઠાન તથા હવન વર્ષમાં એકજવાર આવતીકાલે યોજાશે. ૧૯૮ વર્ષથી શ્રી માણિભદ્ર વીરનું પૂજન હવન થતુ હોવાથી શ્રી માણિભદ્ર વીરના પ્રભાવના જૈન જૈનેતરોને અનુભવ થઈ



રહ્યો છે. અહીં દર ગુરૂવારે મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે તથા પોતાની માનતા પૂરી કરવા આવે છે. માંડવીચોક દેરાસરમાં બિરાજમાન શ્રી માણિભદ્ર વીરનો મહિમા અપરંપાર છે. આ સ્થાનકમાં ઉજજૈન, આગલોડ તથા મઘરવાડામાં બિરાજમાન શ્રી માણિભદ્ર વીરની અત્યંત દર્શનીય અને નયનરમ્ય પ્રતિમાજી બિરાજમાન છે.

આવતીકાલે માંડવી ચોક દેરાસરે સવારે ગણિવર્ય શ્રી તારકચંદ્રસાગરજી મહારાજ તથા પૂ.વિપુલયશાશ્રીજી મ. આદિની નિશ્રામાં સવારે ૭ વાગે માણિભદ્રવીરનું પૂજન, તથા હવનનું આયોજન કરવામાં આવેલ છે.

**વિમલનાથ દેરાસર**

વિમલનાથ જિનાલય રાજકોટ નાં શ્રી બલસાણા તિર્થ સ્વરૂપ શ્રી વિમલનાથ સ્વામિ જૈન દેરાસર રાજકોટનાં આંગણે આ. દેવ શ્રી જયશેખરસુરીશ્વરજી મ.સા. નાં સાનિધ્યમાં આસો સુદ પાંચમ તા. ૮/૧૦/૨૦૨૪ મંગળવાર નાં માણીભદ્રદાદા નો પ્રાગટ્ય દિવસ ભકિત ઉત્સવ નું આયોજન સવારે ૮:૦૦ કલાકે દાદા ની અષ્ટપ્રકારી પૂજા નું આયોજન કરવામાં આવેલ છે જેનો લાભ નકરો રૂ. ૫૪૦૦/- તેમજ દાદા ને ખેસ-હાર ચડાવવાનો લાભ નકરો રૂ. ૫૪૦૦/-, આરતી/ સુખડી નો લાભ નકરો રૂ. ૫૪૦૦/- (કુલ નકરો. રૂ. ૧૬૨૦૦/-) આ ત્રણેય લાભ લેનાર લાભોથી પરિવારઃ તનય મિલાપ દોશી પરિવાર (હ. નિહંતા મિલાપ દોશી ) એ આ અમૂલ્ય લાભ લીધેલ છે. પૂજન વિધિ સંપન્ન થયા બાદ સવારે ૮:૩૦ કલાકે માણિભદ્ર દાદા નો પ્રસાદ ની વ્યવસ્થા શ્રી સંઘ એ ઉપાશ્રય માટે દેરાસર ની સામે નવી જગ્યા લીધી છે ત્યા રાખેલ છે. દાદા નાં પ્રસાદ નાં લાભાર્થી શ્રીમતિ સરોજબેન બકુલભાઈ મહેતા (મસ્તક વાળા ) હસ્તે દીલીપભાઈ મહેતા પરિવાર. પ્રસાદ વાપરવા માટે શ્રી સંઘ તરફથી વ્યવસ્થા કરવામાં આવેલ છે સૌ ભાવીકો એ લાભ આપવા નમ્ર વિનંતી છે. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે વિપુલભાઈ દોશી મો. નં ૯૨૨૮૭૬૫૬૮૮ના માર્ગદર્શન હેઠળ હરેશભાઈ બાખડા, જસ્મીનભાઈ દોશી, હર્ષવદનભાઈ શાહ, હીતેનભાઈ મહેતા, કપીલભાઈ જસાણી, અનીલભાઈ જસાણી, જીતેન્દ્રભાઈ દોશી, દર્શીતભાઈ મહેતા, ભુપેન્દ્રભાઈ દોશી, અશ્વિનભાઈ શાહ, ફિરોઝભાઈ મહેતા જહેમત ઉઠાવી રહ્યાં છે.

ભાવિકો માટે માણિભદ્ર દાદાના પ્રસાદની વ્યવસ્થા કરાઈ છે.

# હરિઓમ પાર્કમાં જયેશભાઈ મહેતાનું હાર્ટ એટેકથી મોત

રાજકોટ તા.૭

શહેરનાં હુડકો ચોકડી પાસે હરિઓમ પાર્કમાં રહેતાં જયેશભાઈ મહેતાનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હતું. બનાવ પગલે મૃતકના પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

બનાવની વિગત મુજબ હુડકો ચોકડી પાસે હરિઓમ પાર્ક શેરી નં-૧ માં રહેતાં જયેશભાઈ સુરેશભાઈ મહેતા (ઉ.વ.૩૧) તેઓ સવારનાં સવા આંઠ વાગ્યાની આસપાસ પોતાનાં ઘરે હતાં ત્યારે હુમલો આવતા બેભાન થઈ જતાં તાકીદે તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં સારવાર કારગત નીવડે તે પહેલાં જ દમ તોડી દિધો હતો.

મૃતક જયેશભાઈ પેટ્રોલ પંપમાં નોકરી કરતા હતા. અને તેઓને હાર્ટ એટેક આવ્યો હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું.

## ચૂંટણી

(પહેલા પાનાનું ચાલું)

૪૫ થી ૫૦ અને એકઝીટ પોલમાં ૫૫ જેટલી બેઠકો જીતશે તેવુ દર્શાવાતા ભાજપની છાવણીમાં સોપો પડી ગયો હતો છતા ભાજપે બહાદુર ચહેરો બતાવવા કોશીશ કરી છે. તો જમ્મુ-કાશમીરમાં ત્રિશંકુ વિધાનસભાનાં સંકેત મળ્યા છે અને કોંગ્રેસ નેશનલ કોન્ફરન્સનું જોડાણ સૌથી વધુ બેઠકો મેળવી જશે તેવુ ચિત્ર અપાયું છે. ૯૦ બેઠકોની વિધાનસભામાં હવે ત્રીજા સ્થાને રહી શકતા પીડીપી અને ખીશમાં ચૂંટાઈ શકતા અપક્ષ નાના પક્ષો પાસે સરકારની રચનાનું હુકમનું પતુ હશે તેવી શકયતા છે.

જોકે ભાજપે એ પાંચ બેઠકો પર નજર રાખી છે. જેના પર સભ્યોને નિયુકત કરવાની સતા ઉપરાજયપાલ પાસે છે અને કોઈપણ કટોકટીની સ્થિતિમાં તે અપક્ષ કે એન્જીનીયર રાશીદ સહીતના નાના પક્ષોનાં નેતાઓ પર નજર હશે.

હરીયાણામાં જો કોંગ્રેસ સ્પષ્ટ બહુમતી મેળવે તો ભાજપને મોટો આંચકો હશે અને તેની અસર મહારાષ્ટ્ર અને ઝારખંડ પર પણ પડી શકે છે તો વિપક્ષોને લોકસભા ચૂંટણી બાદ નવી તાકાત મળશે હવે કાલ બાદ રાજકીય ગતિવીધી વધશે.

બીજી તરફ મહારાષ્ટ્ર અને હરીયાણામાં તા.૨૬ નવેમ્બર પૂર્વ વિધાનસભા ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ કરવાની ડેડલાઈન ખુદ ચૂંટણી પંચે આપી છે તેથી હવે આગામી દિવસોમાં આ બન્ને રાજયોની ધારાસભા ચૂંટણીનો કાર્યક્રમ જાહેર થશે અને બન્ને રાજયો વચ્ચે પ્રતિષ્ઠાનો જંગ જામશે તો તેની સાથે દેશમાં લોકસભા-ધારાસભાની ખાલી પડેલી ૫૦ બેઠકો ઉપરાંત કાલે આવનારા બે રાજયોનાં પરીણામો પર ખાલી પડી શકતી વધુ બેઠકો પર પેટા ચૂંટણી યોજાશે જેમાં યુપીની ધારાસભાની ૧૧૦ બેઠકોનો સમાવેશ થાય છે. અને સરકાર ત્રણ માસથી આ બેઠકો પર સક્રિય બની છે.

આમ વર્ષના અંત પૂર્વ દેશનાં રાજકારણને નવી દિશા આપતા પરીણામોની ઉતેજના વધી છે.

## રેલવે

(પહેલા પાનાનું ચાલું)

માસ્ટર અખિલેશ કુમારને ઘટના વિશે જાણ કરી હતી.

ટ્રેક પર માટીનાં ઢગલા હોવાની માહિતી મળતાં ગભરાટ ફેલાયો હતો. જેનાં પર રેલ્વે કર્મચારીઓએ સ્થળ પર પહોંચીને ટ્રેક પરથી માટી હટાવી હતી. લગભગ ૨૦ મિનિટ પછી ૦૮:૨૨ વાગ્યે ટ્રેનને ફાટકમાંથી પસાર કરીને રઘુરાજ સિંહ સ્ટેશન લઈ જવામાં આવી હતી. આસિસ્ટન્ટ સ્ટેશન માસ્ટર રઘુરાજ સિંહ અખિલેશ કુમારે જણાવ્યું કે, લોકો પાયલટની સૂચના પર તરત જ કર્મચારીઓને મોકલવામાં આવ્યાં અને ટ્રેક પરથી માટી હટાવીને ટ્રેનને સ્ટેશન પર મોકલવામાં આવી હતી. ટ્રેક પર માટી કેવી રીતે આવી ? આ સંબંધમાં કોઈ માહિતી નથી. ઘટનાની માહિતી ઉચ્ચ અધિકારીઓને આપવામાં આવી છે.

## શાકભાજી-ફુટ

(છેલ્લા પાનાનું ચાલું)

વધારાની આગોતરી આગાહી તથા પ્રવર્તમાન બિઝનેસ સીસ્ટમ સુધારવા માટે પણ અનેક ભલામણ કરવામાં આવી છે. ખાનગી મંડીને પ્રોત્સાહન આપવા, ઓનલાઈન સીસ્ટમ વિસ્તારવા, સહકારી જુથ મંડળીને પ્રોત્સાહન તથા વાયદા શરૂ કરવા સુચવ્યુ છે. આ સિવાય કોલ્ડ-સ્ટોરેજ સોલાર પાવર આધારીત સ્ટોરેજ સુવિધા, પ્રોસેસીંગ કેપેસીટી વધારવા સહીતની ભલામણો છે. ઉત્પાદન વદારા માટે નવી વેરાઈટી વિકસાવવા પણ સુચવ્યુ છે.

## નાગરિક બેંક

(છેલ્લા પાનાનું ચાલું)

કરાશે. ૫ નવેમ્બરે ફોર્મ પાછા ખેંચી શકાશે અને ૧૧ નવેમ્બરે ચૂંટણી યોજાશે. મત ગણતરી ૧૨ નવેમ્બરે થશે અને ૧૫મીએ કો-ઓપરેટીવ ઈલેકશન ઓથોરીટીની મંજૂરી બાદ પરિણામ જાહેર કરવામાં આવશે.

ડાયરેકટરો માટેની ચૂંટણી યોજાયા બાદ ૧૮મીએ હોદ્દેદારોની નિયુકિત માટે પ્રક્રિયા શરૂ થશે અને તેના માટે ફોર્મ ભરી શકાશે. ૧૯મીએ નવનિયુકત ડાયરેકટરોની પ્રથમ બોર્ડ મીટીંગ યોજાશે અને તેમાં હોદ્દેદારોની ચૂંટણી યોજવામાં આવશે.

નાગરિક બેંકની ચૂંટણી જાહેર થતાની સાથે જ કેટલાક મહિનાઓથી સામસામા થયેલા બંને જુથો હવે ખુલ્લેઆમ મેદાને આવે અને ચૂંટણીમાં ઝંપલાવે તેમ માનવામાં આવી રહ્યું છે. નાગરિક બેંક બચાવ સંઘ દ્વારા તો જાહેર કરી દેવામાં આવ્યું જ છે કે નવા ડાયરેકટરો પ્રમાણીક અને નિઃસ્વાર્થ હોય તે માટેના પ્રયત્નો કરવામાં આવશે. મુંબઇ, જુનાગઢ સહિતની બ્રાંચોમાં લોન આપવામાં મોટા પાયે ગરબડ થઇ છે અને રીઝર્વ બેંક પણ તેનાથી ચોંકી છે. બેંકનો ખુલાસો પણ માંગવામાં આવ્યો છે. ઉપરાંત ફ્રોડની વિગતો જાહેર કરવાનું પણ કહેવાયું છે. આ સંજોગોમાં આવતા દિવસોમાં મોટા ધડાકા ભડાકા થવાનો દાવો સંઘના અગ્રણીઓ ચંદુભા પરમાર, વિબોધ દોશી, બાલુભાઇ શેઠ, ઉમેશ દફતરી વગેરેએ કર્યો છે.

## સેન્સેકસ

(પહેલા પાનાનું ચાલું)

શેરબ્રોકરોના કહેવા પ્રમાણે લાંબા વખત સુધી રેકોર્ડબ્રેક તેજીમાં રહેલા માર્કેટમાં કરેકશન અપેક્ષીત ગણવામાં આવતું હતુ હવે ભૌગોલિક ટેન્શનના ગભરાહટને આગળ ધરીને માર્કેટ મંદીમાં નીચે ઉતરી રહ્યું છે. યુધ્ધની સ્થિતિ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી માહોલ અનિશ્ચિતતાભર્યો જ બની રહેવાનું માનવામાં આવી રહ્યું છે.

શેરબજારમાં આજે મોટા ભાગના શેરોમાં ગાબડા પડયા હતા. એકસીસ બેંક, એચડીએફસી બેંક, આઇસીઆઇસીઆઇ બેંક, ઇન્ડુસ ઇન. બેંક, કોટક બેંક, લાર્સન, મારૂતિ, એનટીપીસી, પાવર ગ્રીડ, રિલાયન્સ, સ્ટેટ બેંક, ટાટા સ્ટીલ સહિતના શેરોમાં ગાબડા હતા. મંદી બજારે પણ આઇટીસી, મહિન્દ્રા, ભારતી એરટેલ, બજાજ ફાયનાન્સ જેવા કેટલાક શેરો મજબુત રહ્યા હતા. માર્કેટનો ટ્રેન્ડ નબળો જ હતો. ૪૧૫૪ શેરોમાંથી માત્ર ૫૪૭માં સુધારો હતો જયારે ૩૪૮૦માં ગાબડા હતા.

મુંબઇ શેરબજારનો સેન્સેટીવ ઇન્ડેક્ષ ૭૦૦ પોઇન્ટના ગાબડાથી ૮૦૯૮૫ સાંપડયો હતો જે ઉંચામાં ૮૨૧૩૭ તથા નીચામાં ૮૦૭૨૬ થયો હતો. નેશનલ એકસચેંજનો નિફટી ૨૨૪ પોઇન્ટના ગાબડાથી ૨૪૭૯૦ હતો. જે ઉંચામાં ૨૫૧૪૩ તથા નીચામાં ૨૪૬૯૪ હતો. બીએસઇનું માર્કેટ કેપ ઘટીને ૪૫૨ લાખ કરોડ થયું હતું.

# તા.૨૮મી ડિસેમ્બરે રાજકોટમાં યોજાશે નાઈટ હાફ મેરેથોન ૨.૦

### મેરેથોનમાં ૨૧ અને ૧૦ કિ.મી.ની બે કેટેગરીમાં રાજકોટ સહિત દેશ-વિદેશના સ્પર્ધકો ભાગ લેશેઃ વિજેતાઓને રૂા.૧૩ લાખથી વધુના ઈનામો-ટ્રોફી એનાયત કરાશેઃ સ્પર્ધાના ત્રણ દિવસ પહેલા ત્રિદિવસીય બીબ એક્સ્પોનું પણ ભવ્ય આયોજનઃ ટુંક સમયમાં રજીસ્ટ્રેશન માટે લીંક જાહેર

રાજકોટ, તા.૭

રાજકોટ રનર્સ એસોસીએશન અને રોટરી કલ્બ ઓફ રાજકોટ ગ્રેટરના સંયુકત ઉપક્રમે રાજકોટમાં બીજી વાર યુવાધનને સમાજીક, આરોગ્ય અને પર્યાવરણના સંરક્ષણના વિષયો અંગે જાગરુકતા લાવવાના ઉમદા ઉદ્દેશ સાથે તા. ૨૮ ડિસેમ્બર, શનિવારના રોજ રાજકોટમાં નાઈટ હાફ મેરેથોન ૨.૦ નું ભવ્ય આયોજન રાજકોટ મહાનગરપાલીકા અને રાજકોટ પોલીસના સહયોગથી થવા જઈ રહ્યુ છે. આ નાઈટ હાફ મેરેથોન ડ્રગ્ઝ નિષેધ, ટ્રાફીક નિયમોનું પાલન, કલીન એન્ડ ગ્રીન સીટી અને સાયબર સજાગતા જેવી બાબતો અંગે લોકોમાં અને ખાસ કરીને યુવાઓમાં જાગરુકતા ફેલાવવાના ઉદ્દેશ સાથે યોજાશે. આ મેરેથોન રાજકોટના રેસકોર્સ ખાતેથી રાત્રે દસ કલાકે શરુ થઈ વિવિધ વિસ્તારોમાં ફરી સ્ટાર્ટ પોઈન્ટ પર પૂર્ણ થશે. આ ઈવેન્ટની ગ્રાન્ડ લોન્ચીંગ સેરેમની તાજેતરમાં સરાઝા રેસ્ટોરન્ટ ખાતે રાજકોટના નામંકિત મહાનુભાવો, તેમજ રાજકોટ રનર્સ એસોસીએશન અને રોટરી કલ્બ ઓફ રાજકોટ ગ્રેટરના કમીટી મેમ્બર્સની ઉપસ્થિતીમાં યોજાઇ હતી.

તાજેતરમાં, સરાઝા રેસ્ટોરન્ટ ખાતે યોજાયેલ લોન્ચીંગ સેરેમનીમાં રાજકોટના મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, સ્ટેન્ડિંગ કમિટિનાં ચેરમેન જૈમિનભાઈ ઠાકર સહિત અનેક ક્ષેત્રના નામાંકિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનો પ્રારંભ ભારતીય સંસ્કૃતિ મુજબ દિપપ્રાગટયથી કરવામાં આવ્યો હતો. જેમાં શ્રી જૈમિનભાઈ ઠાકર સાથે ખોડલધામના તુષારભાઈ લુણાગરીયા અને શ્રી રાહુલભાઈ ગિનોયા, આઈ.એમ.એ.ના સેક્રેટરી ડો. અમિષભાઈ મહેતા, ઓમનિટેકના ઉદયભાઈ પારેખ, જી.એમ. ગ્રુપના શ્રી ભાવિનભાઈ જાવિયા અને સીનર્જી હોસ્પિટલના ડો. કિંજલ ભટ્ટ, ડો. મયંક ઠક્કર અને ડો. તેજસ કરમટા ઉપસ્થિત રહ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે આ નાઈટ હાફ મેરેથોન ઓમનિટેક એન્જીનિયરીંગ પ્રા. લી. અને જી. એમ. એન્જીનિયરીંગ પ્રા. લી. ગ્રુપ દ્વારા પ્રયોજીત કરવામાં આવી રહી છે. તેમજ પ્રોફેશનલ મેનેજમેન્ટ દેશના જાણીતા ડો. રાહુલ શર્મા સ્થાપિત સાઈરન્સ ફીટનેસ ફોર ઓલ કંપની દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ મેરેથોનના હેલ્થ પાર્ટનર સીનર્જી હોસ્પિટલ છે.

તા. ૨૮ ડિસેમ્બરના આયોજીત આ મેરેથોનમાં રાજકોટ, સૌરાષ્ટ્ર ઉપરાંત દેશ અને વિદેશમાંથી સ્પર્ધકો ૨૧ કિમી ની હાફ મેરેથોન અને ૧૦ કિમી ડ્રીમ રન એમ બે કેટેગરીમાં દોડવીરો ભાગ લેશે. જેમાં સ્પર્ધકોનુ રીયલ ટાઈમ મોનીટરીંગ અને સમયની નોંધ લઈ વિજેતા ઘોષિત કરવામાં આવશે. વિજેતાઓને રુ. ૧૩ લાખથી વધુના ઈનામો અને ટ્રોફી એનાયત કરવામાં આવશે. આ મેરેથોનમાં નોંધાયેલ રેકોર્ડસ દેશમાં યોજાતી તમામ નામાંકીત મેરેથોનમાં માન્ય ગણાશે. આ વર્ષે ખાસ કરીને રાજકોટની જનતાને પ્રોત્સાહિત કરવા માટે અલગ કેટેગરી બનાવવામાં આવી છે, જે અનુસાર રાજકોટના દોડવીરોને વિશેષ ઈનામો એનાયત કરવામાં આવશે.આ નાઈટ હાફ મેરેથોન સ્પર્ધાના ત્રણ દિવસ પહેલા એટલે કે તા. ૨૫ થી ૨૭ ડિસેમ્બર દરમિયાન રાજકોટ ખાતે સંભવતઃ ગુજરાતનો સૌથી મોટો ૫૫ થી વધુ સ્ટોલ સાથે રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ભવ્ય બીબ એક્સ્પોનું આયોજન થવા જઈ રહ્યું છે. જેમાં દેશભરમાંથી આવેલી નામી કંપનીઓના હેલ્થ અવેરનેસ, રમત-ગમતના સાધનો અને બોડી કેરની વસ્તુઓનું પ્રદર્શન અને વ્યાજબી દરે વેચાણ કરવામાં આવશે. આ નાઈટ હાફ મેરેથોનના અયોજનને સફળ બનાવવા રાજકોટ રનર્સ એસોસીએશનના પ્રમુખ ડો.અજીતસિંહ વાઢેર, ઉપપ્રમુખ ડો. દેવેન્દ્ર રાખોલીયા, મંત્રી ડો. દિપ્તિ મહેતા, સહ-મંત્રી શ્રી રવિ ગણાત્રા, પ્રોજેક્ટ ચેરમેન પુનિતભાઈ કોટક, રોટરી કલ્બ ઓફ રાજકોટ ગ્રેટરના




પ્રેસિડન્ટ શ્રી જયદિપભાઈ વાઢેર, સેક્રેટરી શ્રી આશિષભાઈ જોષી, રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના પૂર્વ પ્રમુખ શ્રી દિપેનભાઈ પટેલ અને પૂર્વ પ્રમુખ શ્રી મેહુલભાઈ નથવાણી સહીતના તમામ હોદ્દેદારોના માર્ગદર્શનમાં રાજકોટ રનર્સ એસો. અને રોટરી કલબ ઓફ રાજકોટ ગ્રેટરના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. ટૂંક સમયમાં જ નાઈટ હાફ મેરેથોનમાં ભાગ લેવા ઈચ્છતા દોડવીરો માટે રજીસ્ટ્રેશનની લીંક જાહેર કરવામાં આવશે.

## ગુબ્બારો

(પહેલા પાનાનું ચાલું)

હવામાં છોડવામાં આવ્યો હતો. ત્યારબાદ તેને ૫૫૦૦૦ ફૂટથી વધુની ઉંચાઈ પર ઈન્વેન્ટરી મિસાઈલનો ઉપયોગ કરીને તોડી પાડવામાં આવ્યો હતો.

એર ચીફ માર્શલ એપી સિંઘ, નાયબ ચીફ ઓફ ધ એર સ્ટાફ તરીકે સમગ્ર કામગીરીનો હવાલો સંભાળતાં હતાં ત્યારે ભારતીય વાયુસેનાએ તેની ક્ષમતા સાબિત કરી હતી. વર્તમાન ડેપ્યુટી ચીફ ઓફ સ્ટાફ એર માર્શલ એસપી ધારકર, ઈસ્ટર્ન એર કમાન્ડર હતાં. તત્કાલીન ડાયરેક્ટર જનરલ એર ઓપરેશન્સ એર માર્શલ સુરત સિંઘ હવે ઈસ્ટર્ન એર કમાન્ડર છે.

૨૦૨૩ ની શરૂઆતમાં, યુએસ એર ફોર્સ એફ -૨૨ એ દક્ષિણ કેરોલિનાના દરિયાકિનારે એક ચાઇનીઝ જાસૂસ બલૂનને ઠાર કર્યો હતો જે ઘણાં દિવસોથી ઉત્તર અમેરિકામાં ફરતો હતો. ભારતનાં આંદામાન અને નિકોબાર ટાપુઓમાં સમાન પ્રકારનો બલૂન જોવા મળ્યો હતો અને એવું માનવામાં આવે છે કે બલૂનનો ઉપયોગ મોટાં વિસ્તાર પર દેખરેખ માટે કરવામાં આવે છે.

જો કે, તે જોવાનાં ત્રણ-ચાર દિવસ સુધી તેની સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. આ પછી તે જતો રહ્યો હતો. એવું પણ માનવામાં આવે છે કે ચાઈનીઝ જાસૂસી બલૂનમાં કોઈક પ્રકારની સ્ટીયરિંગ સિસ્ટમ હોય છે. તેનો ઉપયોગ તે બલુનને સ્થિર કરવા માટે થઈ શકે છે. ભવિષ્યમાં આવી ધમકીઓ સામે પગલાં લેવા માટે ફોર્સ તેની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયા પણ તૈયાર કરી રહ્યું છે.

## નોકરી

(છેલ્લા પાનાનું ચાલું)

ઈન્ડીયા, કેનેરા બેન્ક અને ઈન્ડીયન ઓવરસીઝ બેન્કમાં ભરતી પણ શરૂ કરી છે.બેન્કોએ તેનાં કાયમી કર્મચારીની અછત દુર કરવા આ આઈડીયા અપનાવ્યો છે જેથી વર્તમાન કર્મચારીઓ પર કામનો બોજો ઘટશે તેવુ મેનેજમેન્ટ માને છે. રાષ્ટ્રીયકૃત બેન્કો તેની તગડી વર્કફોર્સ ઘટાડી રહેલ છે બેન્કનાં ઓટોમેશન નાણાકીય વ્યવહારોમાં ડીજીટલનું વધતુ પ્રમાણ વિ.થી બેન્કોમાં જનારાઓની સંખ્યા ઘટી છે. ૨૦૧૪ માં રાષ્ટ્રીયકૃત બેન્કોએ ૮,૪૩,૮૧૩ કર્મચારીઓ હતા જે ૨૦૨૪ માં ૭,૬૪,૬૭૯ થયા છે.

જયારે ખાનગી બેન્કોમાં ૩.૩ લાખ કર્મચારી ૨૦૧૪ માં હતા તેમાંથી ૭.૯૬ લાખ થયા છે જોકે એક દશકામાં ખાનગી બેન્કો ખાસ કરીને સ્મોલ ફાયનાન્સ સહીતની બેન્કો વધી છે.

### નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતની વણથંભી વિકાસ યાત્રાના સફળ ૨૩ વર્ષ પૂર્ણ

# વિકસીત ગુજરાત બાદ વિકસીત ભારતની સંકલ્પ સિધ્ધિ : ૨૩ વર્ષના યોગદાન ઉજાગર કરવા 'વિકાસ સપ્તાહ' મનાવાશે



### ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં વિકાસની રાજનીતિનો નવો અધ્યાય રચાયો

### વર્ષ ૨૦૦૧માં ૭ ઓક્ટોબરે નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી અત્યાર સુધીની ૨૩ વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા જનજનમાં ઉજાગરકરવા દર વર્ષે ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરાશે

### વિકાસ સપ્તાહ દરમિયાન સમગ્ર રાજ્યમાં જનભાગીદારી જોડીને વિવિધ આયોજનો ૨૩ આઈકોનિક પ્લેસ પર વિકાસ પદયાત્રા, શાળા-કોલેજોમાં વિકાસ થીમ આધારીત નિબંધ સ્પર્ધાઓ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૭ઓક્ટોબર ૨૦૦૧ના દિવસે ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા અને વિકાસની રાજનીતિનો એક નવો અધ્યાય શરૂ થયો હતો. ૭ઓક્ટોબર ૨૦૦૧થી ગુજરાતના વિકાસની જે વણથંભી યાત્રા શરૂ થઈ તેને સોમવાર તા.૭ ઓક્ટોબર ૨૦૨૪ના ૨૩વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે.

નરેન્દ્રભાઈ મોદીએ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી લઈને અત્યાર સુધીની ગ્લોબલ ગુજરાતની સંકલ્પ સિદ્ધિની આ બહુવિધ વિકાસ યાત્રા અને જનહિતકારી સુશાસનની ગાથા જન જન સુધી ઉજાગર કરવા દર વર્ષે તા.૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર સુધી સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉમંગભેર ઉજવણી કરાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં મળેલી રાજ્યમંત્રી મંડળની બેઠકે નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના આ વૈશ્વિક અને બહુમુખી વિકાસ માટે આપેલા યોગદાનનો ઋણ સ્વીકાર કર્યો હતો.

### ગુજરાત મનાવશે વિકાસ સપ્તાહ : ભારત વિકાસની પ્રતિજ્ઞા પણ લેવાશે : યુવા સશકિતકરણ-સુશોભન દિવસ-ઉદ્યોગ એકતા દિવસ-પોષણ અને આરોગ્ય દિવસ સહિતના આયોજનો

ગુજરાતની આ સર્વાંગી વિકાસ યાત્રાને વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદી દ્વારા મળી રહેલા સતત માર્ગદર્શન માટે પણ આભાર વ્યક્ત કર્યો હતો અને ૨૦૦૧થી ૨૩ વર્ષ સુધી તેમની પ્રેરણાથી ગુજરાતે વિકાસ અને સુશાસનના જે નવા સીમચિહ્નો અંકિત કર્યા છે તેની ઉજવણી દર વર્ષે વિકાસ સપ્તાહથી કરવાનો નિર્ણય કર્યો હતો.

આ વિકાસ સપ્તાહ દરમિયાન વિવિધથીમ સાથે યોજાનારા કાર્યક્રમોની વિસ્તૃત ભૂમિકા રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આપી હતી. ૭ ઓક્ટોબરથી ૧૫ ઓક્ટોબર દરમિયાન યોજાનારા આ વિકાસ સપ્તાહની ઉજવણીમાં સૌ ગુજરાતીઓને જોડીને રાજ્યના લાંબાગાળાના અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

પ્રવક્તા મંત્રીશ્રીએ કહ્યું કે,આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન જે વિવિધલક્ષી કાર્યક્રમો રાજ્યભરમાં યોજાવાના છે તેમાં જે-તે સ્થળના સ્થાનિક કલાકારોની પ્રસ્તુતિના સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત 'વિકાસ સપ્તાહ' હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો શ્રી નરેન્દ્રભાઈ મોદીની સુશાસન પહેલો અને તેની સમાજ જીવન પર અસરો અંગેના અનુભવો શેર કરી શકશે.

ગુજરાતમાં નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં ૨૩ વર્ષના સુશાસનમાં વિકાસ કામોથી પ્રસિદ્ધ એવા વિવિધ જિલ્લાઓ-શહેરોના ૨૩ જેટલા આઈકોનિક પ્લેસ પર વિકાસ પદયાત્રા દ્વારા રાજ્યના વિકાસમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના મહત્વપૂર્ણ યોગદાનથી લોકોને સુપરિચિત કરાશે.

આરોગ્ય મંત્રીએ આ સંદર્ભમાં જણાવ્યું કે, સ્ટેચ્યુ ઓફ યુનિટી, સાબરમતી રિવરફ્રન્ટ, સુરત ડાયમન્ડ બુર્સ, નડાબેટ, પાવાગઢ, શ્યામજી કૃષ્ણ વર્મા મેમોરિયલ, સ્મૃતિવન, અંબાજી, દ્વારકા સુદર્શન બ્રિજ અને પાલ દઢવાવના આદિવાસી શહીદ સ્મારક સહિતના સ્થળોએ આવી વિકાસ પદયાત્રા યોજાશે.

તેમણે વધુમાં કહ્યું કે, આ વિકાસ સપ્તાહમાં વિદ્યાર્થીઓ અને યુવા શક્તિને પણ જોડવાના બહુઆયામી આયોજનો અંતર્ગત શાળા-કોલેજોમાં વિકાસ થીમ આધારિત નિબંધ સ્પર્ધાઓ પણ યોજાશે. એટલું જ નહિ, વિકાસમાં લોકોની સહભાગિતા માટે ભારત વિકાસ પ્રતિજ્ઞા પણ લેવડાવવામાં આવશે તેમ તેમણે જણાવ્યું હતું.




### ગુજરાતને મળેલી મોટી ભેટ

- ★ GIFT સિટીમાં ભારતના પ્રથમ **ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર ઓથોરિટી** (IFSCA)ના મુખ્યાલયની ઈમારતનો શિલાન્યાસ
- ★ GIFT સિટી ખાતે **ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ** (IIBX)
- ★ ભરૂચમાં **બલ્ક ડ્રગ પાર્ક**નો શિલાન્યાસ
- ★ નવસારીમાં PM મિત્ર-**ટેક્સટાઈલ પાર્કનો** શિલાન્યાસ
- ★ ગુજરાતમાં ભાવનગર ખાતે વિશ્વના પ્રથમ **CNG ટર્મિનલ પોર્ટનો** શિલાન્યાસ
- ★ અમદાવાદ ખાતે **વિશ્વના સૌથી મોટા** નરેન્દ્ર મોદી સ્ટેડિયમનું નિર્માણ

રાજ્યના પ્રખ્યાત જાહેર સ્થળોની દિવલો પર વોલ પેઈન્ટિંગથી ૨૩ વર્ષની વિવિધ ક્ષેત્રોની વિકાસયાત્રાની ઝાંખી પ્રસ્તુત કરાશે. આ ઉપરાંત રાજ્યના મહત્વપૂર્ણ વિકાસ સ્થળોનું સુશોભન અને લાઈટીંગ પણ કરવામાં આવશે.

આ ઉપરાંત સમગ્ર રાજ્યમાં રૂપિયા ત્રણ હજાર પાંચસો કરોડથી વધુ રકમના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ આ વર્ષે વિકાસ સપ્તાહ દરમિયાન કરવામાં આવશે.

ઋષિકેશભાઈ પટેલે કહ્યુ કે, વિકાસ કેવો હોય, કેટલા સ્કેલનો હોય, કેવી ગતિનો હોય અને જનભાગીદારીને વિકાસમાં જોડીને વિકાસની રાજનીતિથી કેવા ઉત્કૃષ્ટ પરિણામો મેળવી શકાય તેનું ઉત્તમ દ્રષ્ટાંત નરેન્દ્રભાઈ મોદીએ ૨૩ વર્ષ દરમિયાન ગુજરાતના સર્વગ્રાહી વિકાસથી પૂરું પાડ્યું છે.

આ ૨૩ વર્ષની સુદીર્ઘ વિકાસ યાત્રાને આવનારા વર્ષોમાં પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દિશાદર્શનમાં હજુ વધુ તેજ ગતિએ આગળ ધપાવવાના સંકલ્પ સાથે રાજ્ય સરકારે દર વર્ષે આવા વિકાસ સપ્તાહ ઉજવવાની નેમ રાખી છે.

તેમણે વિકાસ સપ્તાહ વિશે વધુમાં કહ્યું કે, રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓની થીમ આધારિત દિવસોની ઉજવણી સહિતના આયોજનો પણ કરવામાં આવશે. તેમાં યુવા સશક્તિકરણ દિવસ, સુશાસન દિવસ, ઉદ્યોગ સાહસિકતા દિવસ તથા પોષણ અને આરોગ્ય દિવસની ઉજવણી કરાશે.

નરેન્દ્રભાઈએ મુખ્યમંત્રી તરીકે પરંપરાગત ઢબે સરકાર ચલાવવાને બદલે જનહિતકારી સુશાસન સાથે પ્રજાજીવનની સમસ્યાઓના નિવારણ અને પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે ઉદ્યોગ, કૃષિ અને સેવા એમ ત્રણેય સેક્ટરના સર્વાંગી વિકાસના અભિગમથી ગુજરાતને વિકાસનું રોલ મોડલ બનાવ્યું છે તેની ભૂમિકા પણ પ્રવક્તા મંત્રીશ્રીએ આપી હતી.

તેમણે જણાવ્યું કે,૧૯૬૦માં બૃહદ મુંબઈ રાજ્યથી અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવેલા ગુજરાતના છ દાયકાના વિકાસ સામે નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૦૦૧ થી ૨૦૨૪ સુધીના ૨૩ વર્ષમાં 'ગુજરાત એટલે વિકાસ અને વિકાસ એટલે ગુજરાત' એવી સુદ્રઢ વ્યાખ્યા વિશ્વમાં પ્રસરી છે.

### રૂ.૩૫૦૦ કરોડના વિવિધ વિકાસ કામોના લોકાર્પણ-ખાતમુહૂર્ત

એક સમયે અપૂરતી વીજળી, પાણીની તીવ્ર અછત, પૂરતી આરોગ્ય સેવાઓનો અભાવ, કન્યા શિક્ષણનું ઓછું પ્રમાણ- આવા જે અનેક પડકારો હતા તેને તકમાં પલટવાના સામર્થ્યનું ગુજરાત અને ગુજરાતીઓમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં સિંચન થયું છે.

વિસર્જનમાંથી નવસર્જનની અને કચ્છના અપ્રતિમ વિકાસની સફળગાથા શ્રી નરેન્દ્રભાઈએ સ્મૃતિવન અને મ્યુઝિયમ દ્વારા વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરી છે.

નરેન્દ્રભાઈએ પંચ શક્તિ - ઊર્જાશક્તિ, જળશકિત, જ્ઞાનશકિત, જનશકિતઅને રક્ષાશકિતના પંચામૃત પર ગુજરાતના વિકાસની આધારશીલા મૂકીને પ્રગતિના પંથે આગળ ધપાવ્યું છે.

નરેન્દ્રભાઈ મોદીએ-ભારતના વિકાસ માટે ગુજરાતનો વિકાસ - એ ધ્યેય મંત્ર સાથે ગુજરાતના વૈશ્વિક વિકાસમાં અનેક નવા પરિમાણો અને ઈનિશિએટિવ્ઝ ઉમેર્યા છે.

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, નરેન્દ્રભાઈની વિઝનરી લીડરશીપમાં ૨૦૦૧થી ૨૦૨૪નો ૨૩ વર્ષનો સમગ્ર સમયગાળો ગુજરાતના સુશાસન અને વિકાસનો સંક્રાંતિકાળ બન્યો છે.

હવે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલા સંકલ્પમાં વિકસિત ગુજરાત બનાવવાનું લક્ષ્ય સિદ્ધ કરવું છે.

આ લક્ષ્યાંક સિદ્ધિથી રાજ્યની વિકાસગાથાને વધુ ઉન્નત બનાવવા આગામી સમયમાં દર વર્ષે સુનિયોજિત રીતે વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

## ગુજરાત ત્યારે અત્યારે

| | ત્યારે (2001-02) | અત્યારે | વર્ષ | ગ્રોથ |
|---|---|---|---|---|
| જીએસડીપી | ₹1.23 લાખ કરોડ | ₹22.3 લાખ કરોડ | 2022-23 | 1700+% ગ્રોથ |
| બજેટ | ₹36 હજાર કરોડ | ₹3.3 લાખ કરોડ | 2024-25 (BE) | 850+% ગ્રોથ |
| માથા દીઠ આવક | ₹19,713 | ₹2.73 લાખ | 2022-23 | 1250+% ગ્રોથ |
| રાજ્ય સરકારની કર આવક | ₹9.2 હજાર કરોડ | ₹1.49 લાખ કરોડ | 2024-25 (BE) | 1500+% ગ્રોથ |
| કુલ પિયત વિસ્તાર | 29.94 લાખ હેક્ટર | 61.86 લાખ હેક્ટર | 2022-23 | 100+% ગ્રોથ |
| ખાદ્ય અનાજ ઉત્પાદન | 52.54 લાખ મેટ્રિક ટન | 105.10 લાખ મેટ્રિક ટન | 2022-23 | 100% ગ્રોથ |
| એગ્રિકલ્ચર | ₹18.4 હજાર કરોડ | ₹2.7 લાખ કરોડ | 2022-23 | 1350+% ગ્રોથ |
| વીજળી ઉત્પાદનની ક્ષમતા | 8,750 MW | 52,945 MW | 2023-24 | 500% ગ્રોથ |
| માથાદીઠ વીજ વપરાશ | 963 kWh | 2,479 kWh | 2023-24 (P) | 150+% ગ્રોથ |
| વાહનોની કુલ સંખ્યા | 60 લાખ | 3.24+ કરોડ | 2023-24 | 440% ગ્રોથ |
| મેન્યુફેક્ચરિંગ | ₹44,886 કરોડ | ₹6.7 લાખ કરોડ | 2022-23 | 1400% ગ્રોથ |
| સર્વિસ સેક્ટર | ₹53,444 કરોડ | ₹6.7 લાખ કરોડ | 2022-23 | 1150+% ગ્રોથ |

### સામાજિક અને આર્થિક સમાનતાને પ્રોત્સાહન



- ★ ગરીબોને વચેટિયા કુપ્રથાથી મુક્ત કરવા ૨૦૦૯માં **ગરીબ કલ્યાણ મેળા**નો પ્રારંભ થયો અને આવા ૧૩ મેળાના આયોજન થકી ૧.૬૬ કરોડ નાગરિકોને તેમના લાભ સીધા પ્રાપ્ત થયા.
- ★ ૨૦૦૭માં આદિજાતિના નાગરિકોની ઉન્નતિ માટે **વનબંધુ કલ્યાણ યોજના** શરૂ કરાઇ, જેનાથી તેમને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના માધ્યમથી આજીવિકા, શિક્ષણ, આરોગ્ય અને અન્ય સુવિધાઓ સરળતાથી પ્રાપ્ત થઇ.
- ★ **સાગરખેડુના સર્વાંગી વિકાસ યોજના**ના માધ્યમથી ગુજરાતના દરિયાકાંઠાના ગરીબોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરવામાં આવી.
- ★ SC, ST, OBC, EBC માટે ૨૦૧૨થી **સમરસ છાત્રાલય** યોજનાનો અમલ કરવામાં આવ્યો, જેના માધ્યમથી શહેરોમાં આ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા, જમવા તથા શિક્ષણની સુવિધા પ્રાપ્ત થઇ.
- ★ ૨૦૦૬માં શરૂ થયેલ **સિકલ સેલ એનિમિયા** કંટ્રોલ પ્રોગ્રામના અમલીકરણ અને તે થકી આ રોગના નિયંત્રણ માટે થયેલી કામગીરી બદલ ૨૦૧૦માં ભારત સરકારનો 'પ્રાઇમ મિનિસ્ટર એવોર્ડ ફોર એક્સેલન્સ ઇન પબ્લિક એડમિનિસ્ટ્રેશન' પણ મળ્યો.
- ★ **આદિજાતિ વિસ્તારમાં ઉચ્ચ અભ્યાસ**ની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે શ્રી ગોવિંદગુરૂ યુનિવર્સિટી (પંચમહાલ) અને બિરસા મુંડા ટ્રાઇબલ યુનિવર્સિટી (નર્મદા)ની સ્થાપના કરવામાં આવી.
- ★ આદિજાતિ વિસ્તારોમાં **મેડિકલ કોલેજ અને નર્સિંગ સ્કૂલ** પણ સ્થાપિત થઇ

### આઈકોનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી



- ★ આદિવાસી વિસ્તારોમાં **પ્રગતિપથ,** શહેરી વિસ્તારોમાં **વિકાસપથ,** પ્રવાસન માટે **પ્રવાસીપથ** અને ખેડૂતો માટે **કિસાનપથ** યોજનાઓ અમલમાં આવી. આ ઉપરાંત, અમદાવાદ, રાજકોટ, સુરત અને જામનગર જેવા મહાનગરોની ફરતે **રિંગ રોડ**નું નિર્માણ કરવામાં આવ્યું. વધુમાં ૨૦૦૧-૨૦૦૭ દરમિયાન વિશ્વ બેંકની મદદથી **રાજ્ય ધોરીમાર્ગ** યોજનાનું અમલીકરણ કરવામાં આવ્યું.
- ★ અમદાવાદ ખાતે **મેટ્રો** ફેઝ-૧ (૨૦૨૨) અને ફેઝ-૨ (૨૦૨૪)ના **સાબરમતી મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબનું** લોકાર્પણ કરવામાં આવ્યું.
- ★ સપ્ટેમ્બર, ૨૦૨૨માં મોદીજીએ ગુજરાતને **પ્રથમ વંદે ભારત ટ્રેનની** ભેટ આપી.
- ★ **બુલેટ ટ્રેન** પ્રોજેક્ટ તથા **સુરત મેટ્રો** કામ પ્રગતિ પર છે, જ્યારે **તારંગા હિલથી અંબાજી** આબુ રોડના ૧૧૬.૬૫ કિમી લાંબા રેલવે લાઇન પ્રોજેક્ટને પણ કેન્દ્ર સરકાર દ્વારા મંજૂરી આપવામાં આવી છે.
- ★ ૨૦૨૧માં **કેવડિયા રેલવે સ્ટેશનના** નિર્માણથી સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે રેલ કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવામાં આવી.
- ★ સાબરમતી નદી પર **અટલ ફૂટઓવર બ્રિજ** તથા ગાંધીનગર **રેલવે સ્ટેશન પર** ફાઇવ સ્ટાર **હોટલ 'ધ લીલા'**નું આઇકોનિક નિર્માણ થયું.
- ★ ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર દરિયાઇ વારસાને દર્શાવવા માટે રૂ.૩,૫૦૦ કરોડના ખર્ચે **નેશનલ મેરીટાઇમ હેરિટેજ કોમ્પ્લેક્સ** (NMHC) નિર્માણાધીન છે.
- ★ ગાંધીનગરમાં **મહાત્મા મંદિર** કન્વેન્શન સેન્ટર અને ઓખા-બેટ દ્વારકા ખાતે **સુદર્શન સેતુ** જેવા સિમ્બોલિક સ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું.
- ★ હીરાસર ગ્રીનફિલ્ડ તથા સુરત ખાતે એરપોર્ટ કાર્યરત તથા હવે **ગુજરાત ૩ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ધરાવતું રાજ્ય** બન્યું છે.

### વૈશ્વિક ઓળખ આપતો ઔદ્યોગિક વિકાસ




- ★ ૨૦૦૩માં **SEZ અને ઈન્ડસ્ટ્રિયલ પાર્કના** નિર્માણ માટે વટહુકમ બહાર પાડવામાં આવ્યો હતો.
- ★ **'વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'**ની શરૂઆત, જે આજે રોકાણકારોની વચ્ચે સુરક્ષિત મૂડી રોકાણ માટેના વૈશ્વિક મંચ તરીકે ઓળખ ધરાવે છે.
- ★ ભારતનફા પ્રથમ ડાયમંડ રિસર્ચ અને મર્કન્ટાઇલ સિટી **'સુરત ડાયમંડ બુર્સ'**નું નિર્માણ કરવામાં આવ્યું.
- ★ ૨૦૦૮માં ટાટા નેનો પ્લાન્ટની મંજૂરી સાથે ગુજરાતના વૈશ્વિક **ઓટો હબ** બનાવવાનો પ્રારંભ થયો હતો.
- ★ GIFT સિટી, ધોલેરા SIR, માંડલ બેચરાજી, SIR, દહેજ, પેટ્રોલિયમ-કેમિકલ્સ એન્ડ પેટ્રોકેમિકલ્સ ઈન્વેસ્ટેન્ટ રિજન જેવા અનેક **સેક્ટર સ્પેસિફિક મેન્યુફેક્ચરિંગ કલસ્ટર્સનું** નિર્માણ થયું.
- ★ **સેમિકન્ડક્ટર અને ડિફેન્સ** જેવા આધુનિક ક્ષેત્રોમાં પણ ગુજરાત પ્રગતિ કરી રહ્યું છે. ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે કે જ્યાં ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થવા જઇ રહ્યા છે.
- ★ ભારતે પ્રથમ વખત **G20 દેશોની અધ્યક્ષતા** કરી, જે હેઠળ ગુજરાતમાં પણ ૧૮ બેઠકોનું આયોજન કરવામાં આવ્યું.
- ★ ૪૮ નોન મેજર અને ૧ મેજર એમ કુલ **૪૯ પોર્ટસ થકી** ગુજરાત આજે **દેશના ૪૦% કાર્ગો**ને હેન્ડલ કરે છે.

## શ્રી નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતથી દિલ્હી સુધીની ૨૩ વર્ષોની સ્વર્ણિમ સફર

**7 ઓક્ટોબર, 2001** આ તારીખ **શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગુજરાત** સહિત ભારતીય રાજકારણના ઈતિહાસની મહત્વપૂર્ણ તારીખ છે. નેપથ્યમાં રહીને સંઘના સ્વયંસેવકથી ભાજપના સંગઠનમાં મહત્વની ભૂમિકા નિભાવનાર મોદીજીએ આ દિવસે ગુજરાતમાં સત્તાનુ સુકાન સંભાળ્યુ હતુ. અત્યાર સુધી ચૂંટણીના રાજકારણથી જોજનો દૂર રહેલા મોદીજીએ ૫૧ વર્ષની ઉંમરમાં પહેલી વખત ગુજરાતના ૧૪માં **મુખ્યમંત્રી તરીકે શપથ** લીધા.

મુખ્યમંત્રીનુ સુકાન સંભાળ્યા બાદ **'અગ્નિપથ'** પર ચાલવું તેમની નિયતિ બની ગઈ અને મોદીજીનો સ્વભાવ પણ મુશ્કેલીઓનો મકકમતાપૂર્વક સામનો કરવાનો રહ્યો જ હતો. તેથી તમામ પ્રકારના વિરોધીઓ વચ્ચે તેઓ બસ તેમના માર્ગ પર આગળ વધતા રહ્યા. જેવી રીતે આગમાં તપીને સોનું બને છે, બસ એવી જ રીતે રાજકારણના **'અગ્નિપથ'**ની ભીષણ આગમાં મોદીજીનું વ્યકિતત્વ વધુ નિખરીને ઉભર્યું છે.

જયારે મોદીજી ગાંધીનગરની ખુરશી પર બેઠા, ત્યારે ગુજરાતનુ રાજકીય અને સામાજિક પરિદ્રશ્ય કંઈક એવુ હતુ કે મુખ્યમંત્રી તરીકે શાસન કરવું એક મોટો પડકાર હતો. **કચ્છના પુનઃનિર્માણ**ના વિરાટ પડકારથી લઈને રાજ્યમાં શિક્ષા, સ્વાસ્થ્ય અને કૃષિ જેવા ક્ષેત્રોની કથળી રહેલી સ્થિતિ સિવાય, ઉદ્યોગ અને મૂડીરોકાણ ક્ષેત્રમાં આકરી પ્રતિસ્પર્ધાનો સામનો કરવા માટે મોદીજીએ એક નવી યોજના તૈયાર કરી.

શાસન ચલાવવાની મોદીજીની પોતાની એક અલગ રીત છે. કહેવાય છે કે મુખ્યમંત્રી બન્યા બાદ વહીવટી અધિકારીઓ સાથે પહેલી બેઠકમાં તેઓ શાંત બેઠા રહ્યા અને અધિકારીઓને તેમના વિચારો વ્યકત કરવાનુ કહ્યું. આ રીતે લોકોની ક્ષમતાને ઓળખવાની તેમની રીત ચોંકાવનારી હતી.

મોદીજીએ ગુજરાતમાં તેમની પારીની શરૂઆત સાથે જ સર્વપ્રથમ **સુશાસાન**ની સ્થાપના પર ભાર મૂક્યો. ઔદ્યોગિક રાજ્ય તરીકે **ધુંધળી થયેલી ગુજરાતની છબી**ને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તર પર ચમકાવવા માટે અથાક પ્રયાસો કર્યા. નરેન્દ્ર મોદીજીએ **લોક ફરિયાદો**નુ ટેકનોલોજીના માધ્યમથી સમાધાન કરવા માટે **'સ્વાગત'**ના રૂપમાં એક ઓનલાઈન પ્લેટફોર્મ શરૂ કર્યું. જે તે સમયે દેશમાં આ પ્રકારનો એકમાત્ર કાર્યક્રમ હતો.

અધિકારીઓને તેમણે વાતાનુકૂલિત કચેરીઓમાંથી બહાર નીકળીને **લોકો સાથે સંવાદ** સ્થાપિત કરવાની શીખ આપી. મોદીજીએ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા, ગુણોત્સવ, કૃષિ મહોત્સવ, પશુ આરોગ્ય મેળા, ખેલ મહાકુંભ અને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ જેવા કાર્યક્રમોના માધ્યમથી **ગુજરાતના વિકાસનું એક નવું મોડલ** રજૂ કર્યું.

મોદીજીએ પ્રવાસનની વિરાટ સંભાવનાઓને ધ્યાનમાં રાખીને અનેક કાર્યક્રમ શરૂ કર્યા. **'ખુશ્બૂ ગુજરાત કી'** પ્રવાસન અભિયાનથી ગુજરાતના પ્રવાસન આકર્ષણો દેશ અને વિશ્વ સમક્ષ ઉજાગર કર્યા. લાંબા સમયથી પાણીની સમસ્યાથી ઝઝૂમી રહેલા ગુજરાતમાં તેમણે **આયોજનપૂર્વક કામગીરી** શરૂ કરી. નર્મદા જેવી વિશાળ નદી હોવા છતાં ગુજરાતની આ સ્થિતિથી તેઓ ચિંતિત હતા. **સરદાર સરોવર ડેમના** નિર્માણમાં અનેક વિઘ્નો આવી રહ્યા હતા પણ તેમણે આ મહત્વાકાંક્ષી પરિયોજનાને સાકાર કરવાનો અટલ સંકલ્પ પૂર્ણ કર્યો. આજે નર્મદાના પાણી, સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાત સુધી પહોંચ્યા છે અને **ખેડૂતો માટે વરદાન** સાબિત થયા છે.

ઉલ્લેખનીય છે કે **સતત 4 વખત ગુજરાતના મુખ્યમંત્રી** તરીકે શપથ લેનારા મોદીજીએ ૧૩ વર્ષ રાજ્યની સેવા કરી છે. જે કોઈપણ મુખ્યમંત્રીનો સૌથી લાંબો કાર્યકાળ છે. એક સ્થાયી શાસન અને રાજકીય ઈચ્છાશકિત દ્વારા રાજ્યનો કેવો **અભૂતપૂર્વ વિકાસ** કરી શકાય, તેનું ઉદાહરણ ગુજરાતે સ્થાપિત કર્યું છે. મોદીજીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા એ ઘટનાને ૨૩ વર્ષ પૂર્ણ થઈ ચૂકયા છે. આજે મોદીની દેશના વડાપ્રધાન છે અને **સમગ્ર વિશ્વમાં ભારતનો ડંકો** વાગી રહ્યો છે. પ્રસ્તુત છે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેમણે કરેલા કાર્યો અને વિવિધ ક્ષેત્રોમાં શરૂ કરેલી યોજનાઓ અને કાર્યક્રમોની એક ઝલક.

**ગુજરાત મોડલ:** **ગુજરાતમાં મોદીજીએ શરૂ કરેલી યોજનાનું કેન્દ્રીય સ્તરે અમલીકરણ**

**ગુજરાતમાં ઈન્ફ્રાસ્ટ્રકચર**

**રોડ**

વર્ષ 2023-2024માં 1,32,930 કિ.મી.ના સારી કવોલીટીવાળા રસ્તાઓ જે રાજયમાં ઉત્તમ કનેકિટવિટી પૂરી પાડી રહ્યા છે.



**રેલવે**

★ રેલવે રૂટની લંબાઈ 4842 કિ.મી. (2022-23) અમદાવાદ, ગાંધીનગર, સુરતમાં ચાલી રહેલા મેટ્રો **પ્રોજેકટ્સ**

★ અમદાવાદ અને મુંબઈ વચ્ચે શરૂ થનાર બુલેટ ટ્રેન

**એરપોર્ટ્સ**

★ 17 ઓપરેશનલ એરપોર્ટ અને 4 ઈન્ટરનેશનલ એરપોર્ટ

★ ધોલેરામાં ભારતનું સૌથી મોટુ એરપોર્ટ બનવા જઈ રહ્યુ છે.

**બંદરગાહ**

★ 49 મોટા બંદરગાહ 553.92 મિલિયન ટન કાર્ગોનું સંચાલન કરે છે (2023-24)

★ ભારતના પોર્ટ કાર્ગોનો 40% ગુજરાતના બંદરો દ્વારા હેન્ડલ કરાય છે

**વીજળી**

★ ૫૦ GWથી વધુ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૨૪X૭ અવિરત પુરવઠો પૂરો પાડે છે

★ ૨૫ GWથી વધુ રિન્યુએબલ એનર્જીનું ઉત્પાદન

**કૃષિ અને ખેડૂતોની સમૃધ્ધિ**

★ i-ખેડૂત પોર્ટલ, કૃષિ મહોત્સવ, 0% વ્યાજદરે ખેડૂતોને લોન, ટેકાના ભાવે કૃષિ ઉત્પાદનોની ખરીદી, સોઈલ હેલ્થ કાર્ડ જેવી **કૃષિ ક્ષેત્રની ઉન્નતિ**ને સુનિશ્ચિત કરતી મહત્વપૂર્ણ યોજનાઓ

★ નર્મદા નહેર, સુજલામ્ સુફલામ યોજના અને સૌની યોજના, ટપક સિંચાઈ અને ફુવારા સિંચાઈ પધ્ધતિ જેવી **સિંચાઈની સુવિધાઓ** માટેની યોજનાઓ.

★ **પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ** યોજના દ્વારા વાર્ષિક રૂા.૬,૦૦૦ની સહાયતા સીધી ખેડૂતોના બેંક ખાતાઓમાં જમા થાય છ.

★ રાજયમાં છેલ્લા 23 વર્ષોમાં 69,000 કિ.મી. લાંબા **કેનાલ નેટવર્ક**નુ થયું નિર્માણ

★ આદિવાસી ક્ષેત્રોમાં **સૂક્ષ્મ સિંચાઈ**નો પણ વ્યાપ વધ્યો

★ **સોઈલ હેલ્થ કાર્ડ** યોજના પણ શરૂ કરી, જેનાથી ખેડૂતોને તેમની જમીન માટે કયો પાક શ્રેષ્ઠ છે તેની જાણકારી મળતી થઈ

**પશુપાલન ક્ષેત્રની પ્રગતિ**

★ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે મોદીજીએ **પશુ આરોગ્ય મેળા** અભિયાનનો આરંભ કરાવ્યો

★ 2002-03થી 2023-24 દરમિયાન 81,200થી વધુ મેળા યોજાયા

★ જે અંતર્ગત 3.75 કરોડથી વધુ **પશુઓનું રસીકરણ** તથા 3.26 કરોડથી વધુ પશુઓની **નિઃશુલ્ક સારવાર** થઈ

★ ગુજરાતનુ **દૂધ ઉત્પાદન** 2002માં 60.89 લાખ મેટ્રિક ટન હતુ, જે 2022-23માં 172.80 લાખ મેટ્રિક ટન થયું.

**એનર્જી સિકયોરીટી અને ગ્રીન એનર્જી પ્રોડકશન**

★ કયારેક વીજળીની અછત સામે ઝઝૂમતુ ગુજરાત આજે **એનર્જી સરપ્લસ** રાજય છે.

★ 2012માં **ચારણકા સોલાર પાવર પ્લાન્ટ** મોદીદીએ શરૂ કરાવ્યો. જે આજે ગુજરાતમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે અગ્રણી ભૂમિકા ભજવે છે. આ જ વિચારધારા પર કચ્છ ખાતે **વિશ્વના સૌથી મોટા હાયબ્રિડ રિન્યુએબલ એનર્જી** પાર્કનુ નિર્માણ થઈ રહ્યું છે.

★ ઐતિહાસિક જયોતિગ્રામ યોજના દ્વારા 18 હજારથી વધુ ગામોમાં **24 કલાક થ્રી-ફેઝ વીજ પુરવઠો** પૂરો પાડવામાં આવ્યો.

★ **સોલાર રૂફટોપ યોજના**ના અમલીકરણમાં પણ ગુજરાત દેશનું અગ્રેસર રાજય છે.

**જ્ઞાનશકિત બની વિકાસનું ચાલકબળ**

★ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે મોદીજીએ શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી રથયાત્રા અને ગુણોત્સવ જેવા **ઐતિહાસિક અભિયાનો**નો પ્રારંભ કરાવ્યો.

★ 2007માં દીકરીઓના શિક્ષણ માટે મોદીજીએ **'કન્યા કેળવણી નિધિ'**નુ ગઠન કર્યું, ભેટ-સોગાદોની હરાજીથી ઉભા થયેલા વિશેષ ભંડોળ થકી કન્યા કેળવણીને ઉતેજન આપવામાં આવ્યું.

★ વિશ્વસ્તરીય કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર **'વિદ્યા સમીક્ષા કેન્દ્ર'** શરૂ થયું.

★ ૨૩ વર્ષ પહેલા રાજયમાં **21 યુનિવર્સિટીઓ** હતી, જેની સંખ્યા **108** થઈ છે.

★ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી દ્વારા **યુવા પ્રતિભાઓ**ને નાણાકીય સહાય અને પ્લેટફોર્મ આપવામાં આવ્યું.

★ ચિલ્ડ્રન યુનિવર્સિટી, રક્ષાશકિત યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, બાયોટેકનોલોજી યુનિવર્સિટી, રેલવે યુનિવર્સિટી, ગુજરાત મેરિટાઈમ યુનિવર્સિટી, GTU, IITE, GNLU જેવી **સેકટર સ્પેસિફિક યુનિવર્સિટીઓ**ની રચના કરવામાં આવી.

**જળ સંચય અને સંરક્ષણ**

★ 69,000 કિમી લાંબી કેનાલ નેટવર્કથી માં નર્મદાના પાણીના દરેક ઘર તથા ખેતર સુધી પહોંચાડીને **ટેન્કર રાજનો અંત** આણ્યો.

★ મોદીજીના નેતૃત્વમાં કેન્દ્રમાં સરકારના ગઠનના 17મા દિવસે જ સરદાર સરોવર **ડેમને તેની પૂર્ણ ઉંચાઈ** સુધી લઈ જવા તેમજ તેના પર દરવાજા લગાવવાની **મંજુરી આપી** હતી.

★ 2004માં સુજલામ્ સુફલામ્ યોજના થકી રાજયની ઉતરે આવેલ ભારત-પાકિસ્તાન **બોર્ડર પર નર્મદાના પાણી** પહોંચ્યા

★ સૌરાષ્ટ્ર અને કચ્છના **115 ચેકડેમ્સમાં** સૌની (SAUNI) યોજનાથી **નર્મદાનુ પાણી** ભરાયું

★ ગ્રામ્યસ્તરે જળ **વ્યવસ્થાપન** માટે મહિલાઓની સુકાનીમાં જ પાણી સમિતિઓ બનાવવામાં આવી

★ 2002માં ફકત 26% ઘરોમાં **નળથી પાણી** ઉપલબ્ધ હતું જે આજે ૧૦૦% થયું.

★ વલસાડ જિલ્લાના ૪.૫ લાખ આદિવાસીઓને **એસ્ટોલ પ્રોજેકટથી** પીવાનું પાણી મળ્યું.



## ભારતમાં ઓનલાઇન બિઝનેસ કરતી ફકત ૪% જ કંપનીઓ સાયબર ફ્રોડ સામે સુરક્ષીત સિસ્ટમ ધરાવે છે

# ફેસ્ટીવલ ઓફ સાયબર ફ્રોડ



**તહેવારોનો પ્રારંભ થઇ ગયો છે અને ઓનલાઇન શોપીંગ પણ વધવા લાગ્યું છે ભારતમાં ફેસ્ટીવલ સિઝન દરમ્યાન સાયબર ફ્રોડ કે સાયબર એટેકનું પ્રમાણ ૨૦ થી ૨૫% વધી જાય છે અને હવે આર્ટીફિશ્યલ ઇન્ટેલીજન્સ તેમજ ડીપફેકની મદદથી તે વધુ રીયલ બનીને તમારી સાથે છેતરપીંડી થઇ જાય છે, નાણાની ઉઠાંતરી થાય છે અને તમારી પાસે અંતે ખાલી બેંક એકાઉન્ટ સિવાય ભાગ્યે જ કંઇ રહે છે**

**આ સાયબર ફ્રોડ કે સાયબર એટેકમાં બોગસ ઇ-મેઇલ, ટેક્ષ મેસેજ કે ડીપફેકની મદદથી વોઇસ કોમ્યુનિકેશન આ તમામ ટ્રીકનો ઉપયોગ થાય છે અને એક તરફ તમારી તમામ માહિતી, ખાસ ઓફર કે ગીફ્ટ જેવી લાલચમાં મેળવી લેવાઇ છે, કયુઆર કોડ મારફત પણ સાયબર ફ્રોડમાં ૨૨૬ ટકા જેવો વધારો થયો છે, જાણીતી ઇ-કોમર્સ કંપનીઓની બોગસ વેબસાઇટ તહેવારો દરમ્યાન સૌથી વધુ સક્રિય હોય છે અને તેમાં બનાવટી રીવ્યુની કતાર લગાવીને તમને શોપીંગ કરવા માટે મજબુર કરી દે છે**

**તાજેતરનો એક અહેવાલ કહે છે કે બેંકો ખુદ ડિજીટલ એરેસ્ટનો શિકાર બનવા લાગી છે, છેલ્લા બે વર્ષમાં દેશની ૩૦૦ જેટલી નાની બેંકોએ પોતાની પેમેન્ટ સિસ્ટમ ૮ થી ૨૪ કલાક સુધી બંધ રાખવી પડી અને ટેકનીકલ કારણ અપાયું વાસ્તવમાં તેમની સિસ્ટમ હેક કરી દેવામાં આવી હતી અને રેન્જમવેર મારફત નાણા માટે દબાણ લવાયું હતું જેમાં ૧.૪૬ મીલીયન ડોલરનું પેમેન્ટ પણ થયું હોવાનું નોંધાયુ છે, એઆઇ અને ડીપફેકથી બોગસ સરકારી કચેરીઓ અધિકારીઓ, બોગસ વોરન્ટ બધુ બોગસ ઉભુ કરીને તમને ડિજીટલ એરેસ્ટ કરીને નાણા ચુકવવા મજબુર કરાઇ છે**

જો તમે કોઇને હેપ્પી દિવાલી કહી રહ્યા હોય તો સાથોસાથ સાયબર એટેક સામે પણ તેને સાવધ કરી શકો. વાસ્તવમાં તમને એ જાણીને આશ્ચર્ય થશે કે ભારતીયો વધુને વધુ ડિજીટલ થઇ રહ્યા છે છતાં પણ ડિજીટલ ડહાપણની કમી પણ તેટલી જ જોવા મળી રહી છે. ફેસ્ટીવલના સમય દરમ્યાન એક સમયે ઘરમાંથી ચોરી કે તેવી ઘટનાઓ વધતી હતી પરંતુ હવે તહેવારોના સમય દરમ્યાન સાયબર એટેક કે સાયબર ફ્રોડમાં ૨૦ થી ૫૦ ટકા જેટલો વધારો થઇ રહ્યો છે. તેમાં ફકત સામાન્ય વ્યકિત નહીં કંપનીઓ પણ નિશાન બની રહી છે. જોકે ભારતમાં ફકત ચાર ટકા જ કંપનીઓ એવી છે કે સાયબર ફ્રોડ સામે પોતાને પૂરી રીતે સુરક્ષીત રાખે છે અને રેન્જમવેર એટેક એ મોટી કંપનીઓ માટે ખુબ જ ચિંતા થઇ ગઇ છે. ચેક પોઇન્ટ દ્વારા હાલમાં જ રીલીઝ થયેલા એક રીપોર્ટમાં જણાવાયું છે કે ૨૦૨૪ના બીજા કવાર્ટરમાં એટલે કે જુલાઇથી સપ્ટેમ્બર દરમ્યાન ભારતમાં સાયબર એટેકનું પ્રમાણ ૪૬ ટકા વધી ગયું છે અને તેમાં ઓગષ્ટ માસમાં દેશની ૩૦૦ જેટલી નાની બેંકોએ પોતાની ઓનલાઇન પેમેન્ટ સિસ્ટમ એક દિવસ માટે બંધ કરવી દેવી પડવી હતી કારણ કે તેના પર રેન્જમવેર એટેક થયો હતો. મોટા ભાગની બેંકો આ માહિતી જાહેર કરતી નથી ટેકનોલોજી કારણોસર તેમની સિસ્ટમને બંધ કરવામાં આવી છે તેમ કહી ૮ થી ૨૪ કલાક સુધી તેઓ સિસ્ટમને સુરક્ષીત કરવા માટે મથે છે. ફકત બેંકો જ નહીં હજુ થોડા દિવસ પહેલા જ હેકર્સે દિલ્હીની ઓલ ઇન્ડિયા ઇન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સની વેબ સિસ્ટમ પર હુમલો કર્યો હતો અને તેની આરોગ્ય સેવાને થોડા સમય માટે ખોરવી નાંખી હતી. જોકે નાની કંપનીઓ પર થતા આ સાયબર ફ્રોડ કે સાયબર એરેસ્ટના કારણે કંપનીઓને તેમના ડેટા રીકવર કરવા માટે ૧.૩૫ મિલિયન જેવી તગડી રકમ ચૂકવવી પડી હતી. જેમાં હેકર્સ હવે નાના ગ્રુપને વધુ ઝડપથી નિશાન બનાવી રહ્યા છે કારણ કે તેમની સિકયુરીટી નબળી હોય છે.

પરંતુ હવે દુનિયાભરમાં આ પ્રકારે ફિશીંગ એક સમાંતર બિઝનેસ બની ગયો છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ તેમાં આર્ટીફિશ્યલ ઇન્ટેલીજન્સ અને ડીપફેકએ મુશ્કેલી વધારી છે. મોટા ભાગના યુઝર્સને પાસવર્ડની બહુ ચિંતા થતી નથી. પરંતુ એકવાર તમારી સમગ્ર સિસ્ટમ એટલે કે તમારા મોબાઇલ ફોનની અંદર રહેલી બેંકીંગ એપ અને તમારા ઇન્વેસ્ટમેન્ટના ડેટાને હેક કરીને તમને ડિજીટલ એરેસ્ટથી જકડી રાખે પછી વનટાઇમ પાસવર્ડ મારફત તે આ પ્રકારે નાણા મેળવી લે છે. વાસ્તવમાં હેકર્સ અને સ્કેમર્સ હવે વધુ ઝડપી અને વધુ ઇનોવેટીવ થયા ગયા છે. એટલું જ નહીં બેંકો અને અન્ય સાથેના વ્યવહારોના જે ડિજીટલ ડેટાનું સર્જન થાય છે તે ડાકવેબમાં વેંચાવા લાગ્યા છે જયાંથી આ હેકર્સ આ પ્રકાર તમારા ડેટા મેળવીને તમારી આર્થિક સધ્ધરતા અંગે માહિતી મેળવી લે છે.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

ખાસ કરીને તહેવારોના સમયમાં આ પ્રકારના ફ્રોડ વધી જાય છે. ડેટા સિકયુરીટી કાઉન્સીલ ઓફ ઇન્ડિયાના સીઇઓ વિનાયક ગોડસેના જણાવ્યા મુજબ સાયબર એટેકમાં હેકર્સ પાસે આર્ટીફિશ્યલ ઇન્ટેલીજન્સ પાસે વધુ ટુલ આવી ગયા છે કે તમને છેતરવામાં સૌથી સરળ બની ગયા છે. બોગસ સરકારી કચેરી, બોગસ અધિકારીઓ, બોગસ વોરંટ, તમારા એકાઉન્ટની ડિટેલ આ તમામથી લઇને એક ફ્રોડ મોડેલ તૈયાર થાય છે અને પછી તેમાં તમને સપડાવી દેવામાં આવે છે. ખાસ કરીને ઇ-કોમર્સ અને ટ્રાવેલની વેબસાઇટના ડેટા ખુબ જ સરળતાથી ઉપલબ્ધતા થવા લાગ્યા છે અને તહેવારો સમયે લોકો પાસે નાણાની જોગવાઇ પણ વધુ હોય છે. જેને કારણે વેબ ટ્રાફિક પણ વધી જાય છે.

ટ્રાવેલમાં એઆઇની મદદથી ક્રિમીનલ એ પોતાની વેબસાઇટ પર બોગસ રીવ્યુ પેદા કરે છે અને તેના આધારે વધુને વધુ બુકીંગ મેળવવા માટે લલચાવે છે. કોઇ વ્યકિત હોટલ, ફલાઇટ કે વેકેશન પેકેજનું બુકીંગ કરાવે પછી જયારે ખરેખર તેને ટ્રાવેલનો સમય આવે ત્યારે જ ખ્યાલ આવે છે કે તેના નાણા ચોરાઇ ગયા છે. સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ તેમાં મહત્વની ભૂમિકા ભજવે છે. અનેક લોકોને ટ્રાવેલ કે વૈભવી ખર્ચ અંગે સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરવાની આદત હોય છે. જેના આધારે પણ તેઓ ટાર્ગેટ શોધી લે છે. ખાસ કરીને એઆઇ પાવરથી જે ફીશીંગ એટેક થાય છે તે ઝડપથી ટાર્ગેટને સાધી શકે છે અને ખુબ જ સરળતાથી તેને જાળમાં લઇ શકાય છે. આ ઉપરાંત હવે ઇન્ટરનેટ ઓફ થીંગ તેમાં જોડાયું છે. ખાસ કરીને તમારા હોમ એપ્લાયન્સથી બિલ્ડીંગ મેનેજમેન્ટ સિસ્ટમમાં તેઓ ઘુસણખોરી કરીને સાયબર એટેક કરી શકે છે.

તહેવારો આવતા જ ઓનલાઇન ફેસ્ટીવલ શોપીંગ સિઝન શરૂ થઇ જાય છે અને સાયબર સિકયુરીટી ફર્મ મેકફીના જણાવ્યા મુજબ ૪૩ ટકા ભારતીયો આ સમય દરમ્યાન શોપીંગ માટે તુટી પડે છે અને સાયબર ક્રિમીનલ તેનો લાભ ઉઠાવે છે. બોગસ વેબસાઇટ અને તમને મોકલાતા ફિશીંગ ઇમેઇલ મારફત ચોકકસ સાઇટ પર જવા તમને ખેંચી લેવાય છે. તહેવારોના સમય દરમ્યાન ૫૪ ટકા લોકોએ સ્વીકાર્યુ કે તેઓ એક યા બીજા સમયે આ પ્રકારના ઓનલાઇન સ્કેમનો ભોગ બની ચૂકયા છે. કયુઆર કોડનો ઉપયોગ કરતા સમયે પણ સાવધાની જરૂરી છે. આ સર્વે કહે છે કે ફેબ્રુઆરી અને ઓકટોબર માસમાં કયુઆર કોડ સ્કેમમાં ૨૨૬ ટકાનો વધારો થયો છે. ખાસ કરીને જે લોકપ્રિય ઓનલાઇન પોર્ટલ છે તેના જેવા જ પોર્ટલ તહેવારોની સિઝન દરમ્યાન સૌથી વધુ જોવા મળે છે અને તમે શોપીંગની જરાપણ પ્રયત્ન કરો એટલે તુર્ત જ તમારા મેઇલ કે ઇલેકટ્રોનિક ગેઝેટમાં તેની માહિતી આવવા લાગે છે. એટલું જ નહીં વોઇસ કોમ્યુનિકેશન થાય છે તમને કોઇ સર્ફિંગમાં મુશ્કેલી હોય તો પણ તે તુર્ત જ દુર કરી દેવાના નામે તમને સાથે લઇ લે છે. વેબસાઇટ પર ફેક રીવ્યુ ગીફ્ટ કાર્ડ ઓફર અને ઓર્ડર કન્ફર્મના બોગસ ઇમેઇલ આ બધુ એક પછી એક એવી રીતે થાય છે કે ભાગ્યે જ વિચારવાનો સમય મેળવી શકો છે અને અંતે ફેસ્ટીવલ તમારા માટે એક કાયમી કડવી યાદ બની જાય છે.



## ચેન્નાઈમાં એર શો દરમિયાન ભારે ભીડ અને ગરમીથી પાંચ લોકોના મોત

ચેન્નાઈમા મરીના બીચ પર રવિવારે વાયુસેનાએ એર શોનુ આયોજન કર્યું હતુ. આ શો જોવા માટે ભારે ભીડ એકત્ર થઈ હતી. જેના કારણે બીચ પર ભાગદોડ જેવી સ્થિતિ પેદા થઈ ગઈ હતી. બળબળતી ગરમી અને ભારે ભીડના કારણે તબીયત બગડવાથી પાંચ લોકોના મોત નીપજયા હતા અને ૨૩૦ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવા પડયા હતા. શોના કારણે નજીકના લાઈટ હાઉસ મેટ્રો સ્ટેશન અને વેલાચેરીમાં ચેન્નાઈ એમઆરટીએસ રેલવે સ્ટેશને ભારે ભીડ થઈ ગઈ હતી. શો પૂરો થયા બાદ માર્ગો પર ભારે ટ્રાફીક જામ થઈ ગયો હતો જેના કારણે લોકોને ઘર પહોંચવામાં કલાકો લાગ્યા હતા.

### ઈઝરાયલ પર હમાસના હુમલાને એક વર્ષ પુરૂ, હજુ સંઘર્ષ ખતમ નથી દેખાતો

# એક વર્ષમાં ઈઝરાયલે ગાઝાને દર સપ્તાહે ૧૬૦ વાર નિશાન બનાવ્યું

**એક વર્ષમાં યુધ્ધનુ ક્ષેત્ર વધ્યું: ગાઝાનો જીડીપી ૮૧ ટકા ગગડયો: ગાઝામાં ૨.૦૧ લાખ લોકો બેરોજગાર બન્યા: ૨૦ લાખ લોકો બેઘર બન્યા: ઈઝરાયલમાં ૪૬ હજાર વ્યવસાયો બંધ પડયા: ગાઝામાં ૪૨ હજારથી વધુ લોકોના મોત**





ન્યુયોર્ક (અમેરિકા) તા.૭

ઈઝરાયલ પર હમાસના હુમલાને આજે ૭ ઓકટોબર એક વર્ષ પુરૂ થઈ ગયુ છે. આ સંઘર્ષે તબાહીની એક એવી શરૂઆત કરી જે લાંબા સમય સુધી ખતમ થાય તેવુ નથી દેખાતુ. એક રીપોર્ટ અનુસાર આ હુમલા બાદ ઈઝરાયલે ગાઝા બાદ દર સપ્સાહે ૧૬૦ હુમલા કર્યા હતા.

અમેરિકાના થીંક ટેન્ક સેન્ટર ફોર સ્ટ્રેટેનિક એન્ડ ઈન્ટરનેશનલ સ્ટડીઝના રીપોર્ટ અનુસાર ગાઝામાં હજુ પણ યુધ્ધ ચાલુ છે અને ઈઝરાયલ હવે લેબેનોનમાં હિઝબુલ્લાહ અને ઈરાન સાથે પણ સંઘર્ષ કરી રહ્યુ છે. આ ચોતરફો સંઘર્ષ સમગ્ર મધ્ય પૂર્વને પોતાની ઝપટમાં લઈ શકે છે. સપ્ટેમ્બરમાં ઈઝરાયલ અને હિઝબુલ વચ્ચે ભીષણ સંઘર્ષ જોવા મળ્યો. હિઝબુલ્લાહના હુમલાના જવાબમાં ઈઝરાયલે ૧૫ થી ૨૮ સપ્ટેમ્બર સુધી લેબેનોનના એક હજારથી વધુ વાર નિશાન બનાવેલુ.

જયારે ઉર્જા સુવિધા પર જોવા મળ્યો. હિઝબુલ્લાહના હુમલાના જવાબમાં ઈઝરાયલે ૧૫ થી ૨૮ સપ્ટેમ્બર સુધી લેબેનોનના એક હજારથી વધુ વાર નિશાન બનાવેલુ

જયારે ઉર્જા સુવિધા પર ઈઝરાયલી હુમલાને ધ્યાનમાં રાખીને ઈરાનના તેલમંત્રીએ રવિવારે મુખ્ય નિકાસ ટર્મિનલ ખરગ દ્વીપની મુલાકાત લીધી હતી. આ દરમ્યાન નૌસેના કમાન્ડરની પણ મુલાકાત લીધી હતી. ઈઝરાયલના સંભવિત હુમલાને ધ્યાનમાં રાખતા આ મુલાકાતને ઘણી મહત્વની માનવામા આવે છે.

**યુધ્ધનુ ક્ષેત્ર વધ્યું:** ૪.૫ ગણી વધી હિંસાની ઘટનાઓ આ મહિને વધી હતી. ૨૭-૮૪ કિલોમીટરનુ ક્ષેત્ર યુધ્ધભૂમિમાં બદલાયુ, જે ગત મહિને ૩-૪ કિલોમીટર હતી.

**ગાઝાને નુકશાન:** ગાઝાની ૮૧ ટકા જીડીપી ગગડી હતી. ૨.૦૧ લાખ લોકો એક વર્ષમાં બેરોજગાર બન્યા, ૨૦ લાખ લોકો બેઘર બન્યા.

**ઈઝરાયલની હાલત પણ બગડી:** ૪૬ હજાર વ્યવસાય બંધ થયા. ૬૦ હજાર અન્ય વ્યવસાયોની બંધ થવાની આશંકા છે. આ વર્ષના અંત સુધીમાં. ૮૫ હજારથી વધુ ફિલીસ્તીની મજુરોની નોકરી ગઈ. ૪૨ હજારથી વધુ લોકોના ગાઝામાં મૃત્યુ નીપજયા.

યુધ્ધ વિશ્લેષક મેરવ જોનજેન કહે છે - યુધ્ધ પુરૂ ન થવાનુ કારણ ઈઝરાયલી અને હમાસ નેતાઓનો રાજનીતિક ઉદ્દેશ પૂરા ન થવાનુ છે. નેતન્યાહુના નેતૃત્વવાળી દક્ષિણપંથી સરકારની પ્રાથમિકતા સતા જાળવી રાખવાની છે અને તેના માટે ગાઝા પર નિયંત્રણ જરૂરી છે.


### પશ્ચિમ એશિયામાં તનાવથી ક્રુડ ઓઈલની કિંમતોમાં ઉછાળા વચ્ચે...

# RBI દ્વારા આજથી એમપીસીની બેઠકઃ રેપો દર ૬.૫ ટકા પર જ યથાવત રહેવાની અટકળો

**વ્યાજદરોમાં કપાતની આશા નહીંવતઃ એમપીસીની બેઠક પર શેરબજારની પણ નજર**

મુંબઈ તા.૭

પશ્ચિમ એશિયામાં તનાવ વધવાથી ક્રુડ ઓઈલની કિંમતમાં ઉછાળો આવ્યો છે તેની અસર આવનારા દિવસોમાં ઘરેલુ સ્તરે મોંઘવારી વધવા તરીકે દેખાઈ શકે છે. માનવામા આવે છે કે આ પરિસ્થિતિઓને જોતા આરબીઆઈ આ સપ્તાહે યોજાનારી મૌદ્રિક નીતિ સમીક્ષાની બેઠકમાં મુખ્ય વ્યાજ દર (રેપોરેટ)ને ફરી એકવાર યથાવત રાખી શકે છે.




પહેલા વિશેષજ્ઞોએ આશા રાખી હતી કે અમેરિકી ફેડ દ્વારા ખૂબ જ રાહ જોવાતી વ્યાજદરમાં કપાતની શરૂઆત બાદ આરબીઆઈ પણ આ સીલસીલો (દોર) જલદી શરૂ કરી શકે છે. આરબીઆઈ ગવર્નર શકિતકાંત દાસ ૯મી ઓકટોબરે ત્રણ દિવસ ચાલનારી બેઠક માટે નિર્ણયોની જાહેરાત કરી શકશે.

વિશેષજ્ઞોએ અનુમાન લગાડયુ છે કે બહારના સભ્યોની નિયુકિત છતાં એમપીસી (મૌદ્રિક નીતિ સમિતિ) મુખ્ય વ્યાજદર રેપોરેટ યથાવત રાખશે. વિશેષજ્ઞોનુ કહેવુ છે કે રીટેલ ફૂગાવો હજુ પણ ચિંતાનો વિષયક બન્યો છે અને પશ્ચિમ એશિયા સંકટ વધુ બગડવાની સંભાવના છે, જેની અસર ક્રુડ ઓઈલ પર પડશે.

એમપીસીના ચેરમેન આરબીઆઈ ગવર્નર શકિતકાંત દાસ બુધવારે પરિણામોની જાહેરાત કરશે. રીઝર્વ બેંકે ફેબ્રુઆરીથી ૨૦૨૩થી રેપોરેટને ૬.૫ ટકા પર યથાવત રાખ્યો છે.

### બેઠક પર શેરબજારની પણ નજર

આરબીઆઈનો રેપોરેટ પર નિર્ણય પશ્ચિમ એશિયાનો સંઘર્ષ અને વિદેશી પોર્ટફોલિયોના રોકાણકારો (એફપીઆઈ)ની ગતિવિધિઓથી આ સપ્તાહે સ્થાનિક શેરબજારોની દિશા નકકી થશે. વિશ્લેષકોએ આ રાય આપી છે.

### ખાદ્ય મોંઘવારીની ચિંતા યથાવત

વિશેષજ્ઞોનુ કહેવુ છે કે રીટેલ મોંઘવારી ગત બે મહિનાથી આરબીઆઈના ક્ષેત્રે ચાર ટકાના ક્ષેત્રમાં બનેલી છે. પણ ખાદ્ય મોંઘવારીને કારણે ચિંતા યથાવત છે.


### અમેરિકા, જાપાને વ્યાજદર ઘટાડયાઃ

હાલમાં જ અમેરિકી ફેડરલ રીઝર્વ વ્યાજદરમાં ૦.૫ ટકાનો ઘટાડો કર્યો છે અને આગળ પણ કપાત ચાલુ રાખવાના સંકેત આપ્યા છે. જાપાને પણ વ્યાજદરો ઘટાડયા હતા.

# અદાલતો પાસે તત્કાલ-ન્યાયની કોઈ જાદુઈ છડી નથીઃ પ્રક્રિયા મુજબ જ જવુ પડેઃ હાઈકોર્ટ

કોલકતા તા.૭

દેશમાં બનતા દુષ્કર્મ અને તેના જેવી ધૃણાસ્પદ ઘટનાઓમાં આરોપીઓને તાત્કાલીક ફાંસીના માચડે ચડાવવા સહીતની માંગ સાથે વધતા જતાં જનઆક્રોશ સામે એક તરફ પોલીસદળ અને સરકાર પર દબાણ વધે છે અને ન્યાયતંત્ર સામે પણ ઝડપથી ન્યાયની આશા રખાય છે. તેની સામે રૂક-અર્થ જેવા વિધાનમાં કોલકતા હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ કે તાત્કાલીક ન્યાય આપી શકાય તેવી કોઈ જાદુઈ છડી અદાલતો પાસે નથી.



**પ.બંગાળમાં ૮ વર્ષની બાળા પર સંભવિત દુષ્કર્મ અને હત્યાની ઘટનામાં લોક આક્રોશ સામે 'સંયમની'સલાહ આપી**

પ.બંગાળનાં જોયનગરમાં બે દિવસ પૂર્વે 'ગુમ' થયેલી ધોરણ ૪ માં અભ્યાસ કરતી એક બાળાનો મૃતદેહ ખુબ જ ખરાબ હાલતમાં મળ્યો હતો તેની હત્યા કરવામાં આવી હતી અને સંભવીત દુષ્કર્મ પણ થયુ હોવાનુ જણાયુ હતું. જેમાં સ્થાનિક લોકોએ આક્રોશ દર્શાવીને દેખાવ-ધરણા કરતાં અને તોડફોડ ચાલૂ કરતાં પોલીસને બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી.પોલીસે એક ૧૯ વર્ષનાં સ્થાનીક યુવક મોસ્તકીન સરદારની આ કેસમાં હત્યાનાં આરોપમાં ધરપકડ કરી પણ દુષ્કર્મ અંગે મેડીકલ પુરાવા મેળવવા અને બાળાના કુટુંબીજનોની વાત મુજબ મેજીસ્ટ્રેટની હાજરીમાં પોસ્ટમોર્ટમ વિ.ની પ્રક્રિયામાં સ્થાનીક ટ્રાયલ કોર્ટે મંજુરી નહી આપતા હાઈકોર્ટમાં અપીલ કરી હતી અને માંગ કરી કે સ્થાનીક કોર્ટનાં આદેશને રદ કરવામાં આવે. હાઈકોર્ટનાં ન્યાયમુર્તિ તિર્થંકર ઘોષે રવિવારે ખાસ સુનાવણી રાખીને મેજીસ્ટ્રેટની હાજરીમાં પોસ્ટમોર્ટમમાં કોઈ સમસ્યા નહીં હોવાનું જણાવી મંજુરી આપી હતીર પણ પોલીસે આ કેસમાં પોકસોની કલમ ન ઉમેરી તેની ટીકા કરતા જણાવ્યુ છે ઈન્કવેસ્ટની તપાસના પુરાવામાં આ શકયતા દર્શાવાઈ છે. પોલીસે હવે ઓટોપ્સીની રાહ જોવી જોઈએ નહિં અને આરોપીને પોકસો હેઠળ ચલાવવા આદેશ આપ્યો હતો.

જોકે હાઈકોર્ટમાં બાળાના કુટુંબીજનોની માંગણી પર પ્રતિભાવ આપતા કહ્યું કે હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ સમક્ષ લોકો તાત્કાલીક ન્યાય ઝંખે છે તેઓ જેની અપરાધી માનતા હોય તેને અમો તુર્તજ શિક્ષા કરીએ તેવી ઈચ્છા હોય છે પણ અમારી પાસે તાત્કાલીક ન્યાયની કોઈ જાદુઈ છડી નથી. ન્યાય એ એક તબકકાવારની પ્રક્રિયા છે કોર્ટનું કામ તેની સમક્ષ રજુ થતા રેકોર્ડ પુરાવા વિ. પર આધારીત છે અને અરજદાર કે બચાવ કરનારા સાથે અદાલતની કોઈ વ્યકિતગત લીંક હોતી નથી તે સમજવુ જોઈએ.

હાઈકોર્ટે બાદમાં પોલીસને પોકસો કલમ ઉમેરવા અને આરોપીને રેગ્યુલર નહી પોકસો કોર્ટમાં રજુ કરવા આદેશ આપ્યો હતો.


ગુજરાત સરકાર



# વિકાસ સપ્તાહ

ભારતના માનનીય વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી
શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 23 વર્ષ પહેલાં
**7 ઑક્ટોબર 2001**ના રોજ પ્રથમવાર
મુખ્યમંત્રી તરીકે શપથ લીધા.

# 23 વર્ષ...
## સફળ અને સક્ષમ નેતૃત્વના



24 કલાક વીજળીની સંકલ્પના થઈ સાકાર

ઊર્જાશક્તિ, જળશક્તિ, જ્ઞાનશક્તિ, જનશક્તિ અને રક્ષાશક્તિના પંચામૃતથી થઈ રહ્યું છે ગુજરાત વિકસિત

ગરબા, ધોરડો અને સ્મૃતિવન થયાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિથી સુશોભિત

સૌથી ઊંચા સ્ટેચ્યુ, સૌથી મોટા સ્ટેડિયમથી બન્યાં ગૌરવાન્વિત

ગિફ્ટ, ડાયમંડ બુર્સ અને ધોલેરા બની રહ્યા છે વિકાસના નિમિત્ત

રિન્યુએબલ ઊર્જાના પર્યાય તરીકે સ્થાપિત

દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત

પ્રો-પીપલ ગવર્નન્સ, પોલિસી ડ્રિવન સ્ટેટ તરીકે સંસ્થાપિત





**વિકસિત ભારતના નિર્માણ માટે ગુજરાત છે સમર્પિત**



### ભારતમાં ઓનલાઇન બિઝનેસ કરતી ફકત ૪% જ કંપનીઓ સાયબર ફ્રોડ સામે સુરક્ષીત સિસ્ટમ ધરાવે છે

# ફેસ્ટીવલ ઓફ સાયબર ફ્રોડ



**તહેવારોનો પ્રારંભ થઈ ગયો છે અને ઓનલાઇન શોપીંગ પણ વધવા લાગ્યું છે ભારતમાં ફેસ્ટીવલ સિઝન દરમ્યાન સાયબર ફ્રોડ કે સાયબર એટેકનું પ્રમાણ ૨૦ થી ૨૫% વધી જાય છે અને હવે આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ તેમજ ડીપફેકની મદદથી તે વધુ રીયલ બનીને તમારી સાથે છેતરપીંડી થઈ જાય છે, નાણાની ઉઠાંતરી થાય છે અને તમારી પાસે અંતે ખાલી બેંક એકાઉન્ટ સિવાય ભાગ્યે જ કંઈ રહે છે**

**આ સાયબર ફ્રોડ કે સાયબર એટેકમાં બોગસ ઈ-મેઈલ, ટેક્ષ મેસેજ કે ડીપફેકની મદદથી વોઈસ કોમ્યુનિકેશન આ તમામ ટ્રીકનો ઉપયોગ થાય છે અને એક તરફ તમારી તમામ માહિતી, ખાસ ઓફર કે ગીફટ જેવી લાલચમાં મેળવી લેવાઈ છે, કયુઆર કોડ મારફત પણ સાયબર ફ્રોડમાં ૨૨૬ ટકા જેવો વધારો થયો છે, જાણીતી ઈ-કોમર્સ કંપનીઓની બોગસ વેબસાઈટ તહેવારો દરમ્યાન સૌથી વધુ સક્રિય હોય છે અને તેમાં બનાવટી રીવ્યુની કતાર લગાવીને તમને શોપીંગ કરવા માટે મજબુર કરી દે છે**

**તાજેતરનો એક અહેવાલ કહે છે કે બેંકો ખુદ ડિજીટલ એરેસ્ટનો શિકાર બનવા લાગી છે, છેલ્લા બે વર્ષમાં દેશની ૩૦૦ જેટલી નાની બેંકોએ પોતાની પેમેન્ટ સિસ્ટમ ૮ થી ૨૪ કલાક સુધી બંધ રાખવી પડી અને ટેકનીકલ કારણ અપાયું વાસ્તવમાં તેમની સિસ્ટમ હેક કરી દેવામાં આવી હતી અને રેન્જમવેર મારફત નાણા માટે દબાણ લવાયું હતું જેમાં ૧.૪૬ મીલીયન ડોલરનું પેમેન્ટ પણ થયું હોવાનું નોંધાયુ છે, એઆઈ અને ડીપફેકથી બોગસ સરકારી કચેરીઓ અધિકારીઓ, બોગસ વોરન્ટ બધુ બોગસ ઉભુ કરીને તમને ડિજીટલ એરેસ્ટ કરીને નાણા ચુકવવા મજબુર કરાઈ છે**

જો તમે કોઈને હેપ્પી દિવાલી કહી રહ્યા હોય તો સાથોસાથ સાયબર એટેક સામે પણ તેને સાવધ કરી શકો. વાસ્તવમાં તમને એ જાણીને આશ્ચર્ય થશે કે ભારતીયો વધુને વધુ ડિજીટલ થઈ રહ્યા છે છતાં પણ ડિજીટલ ડહાપણની કમી પણ તેટલી જ જોવા મળી રહી છે. ફેસ્ટીવલના સમય દરમ્યાન એક સમયે ઘરમાંથી ચોરી કે તેવી ઘટનાઓ વધતી હતી પરંતુ હવે તહેવારોના સમય દરમ્યાન સાયબર એટેક કે સાયબર ફ્રોડમાં ૨૦ થી ૫૦ ટકા જેટલો વધારો થઈ રહ્યો છે. તેમાં ફકત સામાન્ય વ્યકિત નહીં કંપનીઓ પણ નિશાન બની રહી છે. જોકે ભારતમાં ફકત ચાર ટકા જ કંપનીઓ એવી છે કે સાયબર ફ્રોડ સામે પોતાને પૂરી રીતે સુરક્ષીત રાખે છે અને રેન્જમવેર એટેક એ મોટી કંપનીઓ માટે ખુબ જ ચિંતા થઈ ગઈ છે. ચેક પોઈન્ટ દ્વારા હાલમાં જ રીલીઝ થયેલા એક રીપોર્ટમાં જણાવાયું છે કે ૨૦૨૪ના બીજા કવાર્ટરમાં એટલે કે જુલાઈથી સપ્ટેમ્બર દરમ્યાન ભારતમાં સાયબર એટેકનું પ્રમાણ ૪૬ ટકા વધી ગયું છે અને તેમાં ઓગષ્ટ માસમાં દેશની ૩૦૦ જેટલી નાની બેંકોએ પોતાની ઓનલાઈન પેમેન્ટ સિસ્ટમ એક દિવસ માટે બંધ કરવી દેવી પડવી હતી કારણ કે તેના પર રેન્જમવેર એટેક થયો હતો. મોટા ભાગની બેંકો આ માહિતી જાહેર કરતી નથી ટેકનોલોજી કારણોસર તેમની સિસ્ટમને બંધ કરવામાં આવી છે તેમ કહી ૮ થી ૨૪ કલાક સુધી તેઓ સિસ્ટમને સુરક્ષીત કરવા માટે મથે છે. ફકત બેંકો જ નહીં હજુ થોડા દિવસ પહેલા જ હેકર્સે દિલ્હીની ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સની વેબ સિસ્ટમ પર હુમલો કર્યો હતો અને તેની આરોગ્ય સેવાને થોડા સમય માટે ખોરવી નાંખી હતી. જોકે નાની કંપનીઓ પર થતા આ સાયબર ફ્રોડ કે સાયબર એરેસ્ટના કારણે કંપનીઓને તેમના ડેટા રીકવર કરવા માટે ૧.૩૫ મિલિયન જેવી તગડી રકમ ચૂકવવી પડી હતી. જેમાં હેકર્સ હવે નાના ગ્રુપને વધુ ઝડપથી નિશાન બનાવી રહ્યા છે કારણ કે તેમની સિકયુરીટી નબળી હોય છે.

પરંતુ હવે દુનિયાભરમાં આ પ્રકારે ફિશીંગ એક સમાંતર બિઝનેસ બની ગયો છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ તેમાં આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ અને ડીપફેકએ મુશ્કેલી વધારી છે. મોટા ભાગના યુઝર્સને પાસવર્ડની બહુ ચિંતા થતી નથી. પરંતુ એકવાર તમારી સમગ્ર સિસ્ટમ એટલે કે તમારા મોબાઈલ ફોનની અંદર રહેલી બેંકીંગ એપ અને તમારા ઈન્વેસ્ટમેન્ટના ડેટાને હેક કરીને તમને ડિજીટલ એરેસ્ટથી જકડી રાખે પછી વનટાઈમ પાસવર્ડ મારફત તે આ પ્રકારે નાણા મેળવી લે છે. વાસ્તવમાં હેકર્સ અને સ્કેમર્સ હવે વધુ ઝડપી અને વધુ ઈનોવેટીવ થયા ગયા છે. એટલું જ નહીં બેંકો અને અન્ય સાથેના વ્યવહારોના જે ડિજીટલ ડેટાનું સર્જન થાય છે તે ડાકવેબમાં વેંચાવા લાગ્યા છે જયાંથી આ હેકર્સ આ પ્રકાર તમારા ડેટા મેળવીને તમારી આર્થિક સધ્ધરતા અંગે માહિતી મેળવી લે છે.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

ખાસ કરીને તહેવારોના સમયમાં આ પ્રકારના ફ્રોડ વધી જાય છે. ડેટા સિકયુરીટી કાઉન્સીલ ઓફ ઈન્ડિયાના સીઈઓ વિનાયક ગોડસેના જણાવ્યા મુજબ સાયબર એટેકમાં હેકર્સ પાસે આર્ટીફિશ્યલ ઈન્ટેલીજન્સ પાસે વધુ ટુલ આવી ગયા છે કે તમને છેતરવામાં સૌથી સરળ બની ગયા છે. બોગસ સરકારી કચેરી, બોગસ અધિકારીઓ, બોગસ વોરંટ, તમારા એકાઉન્ટની ડિટેલ આ તમામથી લઈને એક ફ્રોડ મોડેલ તૈયાર થાય છે અને પછી તેમાં તમને સપડાવી દેવામાં આવે છે. ખાસ કરીને ઈ-કોમર્સ અને ટ્રાવેલની વેબસાઈટના ડેટા ખુબ જ સરળતાથી ઉપલબ્ધતા થવા લાગ્યા છે અને તહેવારો સમયે લોકો પાસે નાણાની જોગવાઈ પણ વધુ હોય છે. જેને કારણે વેબ ટ્રાફિક પણ વધી જાય છે.

ટ્રાવેલમાં એઆઈની મદદથી ક્રિમીનલ એ પોતાની વેબસાઈટ પર બોગસ રીવ્યુ પેદા કરે છે અને તેના આધારે વધુને વધુ બુકીંગ મેળવવા માટે લલચાવે છે. કોઈ વ્યકિત હોટલ, ફલાઈટ કે વેકેશન પેકેજનું બુકીંગ કરાવે પછી જયારે ખરેખર તેને ટ્રાવેલનો સમય આવે ત્યારે જ ખ્યાલ આવે છે કે તેના નાણા ચોરાઈ ગયા છે. સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ તેમાં મહત્વની ભૂમિકા ભજવે છે. અનેક લોકોને ટ્રાવેલ કે વૈભવી ખર્ચ અંગે સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરવાની આદત હોય છે. જેના આધારે પણ તેઓ ટાર્ગેટ શોધી લે છે. ખાસ કરીને એઆઈ પાવરથી જે ફીશીંગ એટેક થાય છે તે ઝડપથી ટાર્ગેટને સાધી શકે છે અને ખુબ જ સરળતાથી તેને જાળમાં લઈ શકાય છે. આ ઉપરાંત હવે ઈન્ટરનેટ ઓફ થીંગ તેમાં જોડાયું છે. ખાસ કરીને તમારા હોમ એપ્લાયન્સથી બિલ્ડીંગ મેનેજમેન્ટ સિસ્ટમમાં તેઓ ઘુસણખોરી કરીને સાયબર એટેક કરી શકે છે.

તહેવારો આવતા જ ઓનલાઈન ફેસ્ટીવલ શોપીંગ સિઝન શરૂ થઈ જાય છે અને સાયબર સિકયુરીટી ફર્મ મેકફીના જણાવ્યા મુજબ ૪૩ ટકા ભારતીયો આ સમય દરમ્યાન શોપીંગ માટે તુટી પડે છે અને સાયબર ક્રિમીનલ તેનો લાભ ઉઠાવે છે. બોગસ વેબસાઈટ અને તમને મોકલાતા ફિશીંગ ઈમેઈલ મારફત ચોકકસ સાઈટ પર જવા તમને ખેંચી લેવાય છે. તહેવારોના સમય દરમ્યાન ૫૪ ટકા લોકોએ સ્વીકાર્યુ કે તેઓ એક યા બીજા સમયે આ પ્રકારના ઓનલાઈન સ્કેમનો ભોગ બની ચૂકયા છે. કયુઆર કોડનો ઉપયોગ કરતા સમયે પણ સાવધાની જરૂરી છે. આ સર્વે કહે છે કે ફેબ્રુઆરી અને ઓકટોબર માસમાં કયુઆર કોડ સ્કેમમાં ૨૨૬ ટકાનો વધારો થયો છે. ખાસ કરીને જે લોકપ્રિય ઓનલાઈન પોર્ટલ છે તેના જેવા જ પોર્ટલ તહેવારોની સિઝન દરમ્યાન સૌથી વધુ જોવા મળે છે અને તમે શોપીંગની જરાપણ પ્રયત્ન કરો એટલે તુર્ત જ તમારા મેઈલ કે ઈલેકટ્રોનિક ગેઝેટમાં તેની માહિતી આવવા લાગે છે. એટલું જ નહીં વોઈસ કોમ્યુનિકેશન થાય છે તમને કોઈ સર્ફિંગમાં મુશ્કેલી હોય તો પણ તે તુર્ત જ દુર કરી દેવાના નામે તમને સાથે લઈ લે છે. વેબસાઈટ પર ફેક રીવ્યુ ગીફટ કાર્ડ ઓફર અને ઓર્ડર કન્ફર્મના બોગસ ઈમેઈલ આ બધુ એક પછી એક એવી રીતે થાય છે કે ભાગ્યે જ વિચારવાનો સમય મેળવી શકો છે અને અંતે ફેસ્ટીવલ તમારા માટે એક કાયમી કડવી યાદ બની જાય છે.

## જાહેર સ્થળો પરથી ૬૦૦ થી વધુ ‘‘અનધિકૃત ધાર્મિક બાંધકામો‘‘ દૂર કરવામાં આવ્યા : સરકારની હાઈકોર્ટમાં રજૂઆત

ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચે તેના ૧ ઓક્ટોબરના આદેશમાં સરકારને જાહેર સ્થળો, જાહેર શેરીઓ, જાહેર ભાગો અને અન્ય જગ્યાઓમાંથી ‘‘અનધિકૃત ધાર્મિક માળખાં‘‘ની ઓળખ અને દૂર કરવા અંગેનો ‘‘પ્રગતિ અહેવાલ‘‘ રેકોર્ડ પર મૂકવા જણાવ્યું હતું. હાઈકોર્ટ દ્વારા રાજ્યમાં અનધિકૃત બાંધકામો અને અતિક્રમણને લગતી ૨૦૦૬ની અરજીની સુનાવણી ચાલી રહી છે.

હાઈકોર્ટે તેના આદેશમાં ૨૦૦૬ની સ્પેશિયલ લીવ પિટિશન (SLP)માં જારી કરાયેલા સુપ્રીમ કોર્ટના નિર્દેશોના પાલનમાં થયેલી પ્રગતિ દર્શાવવા માટે કોર્ટના ૨૨ જુલાઈના આદેશને ધ્યાનમાં રાખીને ગૃહ વિભાગના સચિવની એફિડેવિટમાં કરેલી રજૂઆતોની નોંધ લીધી હતી.

અદાલતના તાજેતરના આદેશમાં નોંધવામાં આવ્યું છે કે, ‘‘એવું જણાવવામાં આવ્યું છે કે અનધિકૃત ધાર્મિક માળખાઓની ઓળખ માટેના પગલાં શરૂ થઈ ગયા છે અને વાસ્તવિક જમીની વાસ્તવિકતા, આવા બાંધકામોને કારણે થતા જાહેર અવરોધની તીવ્રતાના આધારે પ્રાથમિકતામાં આવા બાંધકામોને દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. અને ૦૧.૦૭.૨૦૨૪ થી ૧૦.૦૯.૨૦૨૪ ના સમયગાળા દરમિયાન આવા અનધિકૃત ધાર્મિક માળખા દ્વારા આવરી લેવામાં આવેલ વિસ્તાર, લગભગ બે મહિનામાં, તમામ ૬૦૪ ધાર્મિક બાંધકામો દૂર કરવામાં આવ્યા છે, જેમાંથી ૩૧૮ જિલ્લા વિસ્તારોમાં અને ૨૮૬ મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં હતા‘‘ .

કોર્ટને જણાવવામાં આવ્યું હતું કે ૮૭ ધાર્મિક સંરચનાઓનું સ્થળાંતર કરવામાં આવ્યું છે અને જાહેર શેરીઓ, સાર્વજનિક ઉદ્યાનો અને અન્ય સાર્વજનિક સ્થળો પરથી ૬ માળખાને નિયમિત કરવામાં આવી છે.

ત્યારબાદ કોર્ટે કહ્યું, ‘‘ઉપરોક્તની નોંધ લઈને, અમે આ બાબતને ૦૩.૧૨.૨૦૨૪ ના રોજ બપોરે ૦૧:૦૦ વાગ્યે પોસ્ટ કરીએ છીએ જેથી જાહેર શેરીઓ, જાહેર ભાગો અને અન્ય સ્થળોએથી અનધિકૃત ધાર્મિક માળખાઓની ઓળખ અને તેને દૂર કરવા અંગેનો પ્રગતિ અહેવાલ અમારી સમક્ષ લાવવામાં આવે. જાહેર સ્થળોએ આ આદેશના પાલનમાં ગુજરાત સરકારના ગૃહ વિભાગના સચિવનું વ્યકિતગત સોગંદનામું આગામી નિયત તારીખે દાખલ કરવામાં આવશે.

## કરાંચી એરપોર્ટ પાસે આત્મઘાતી હુમલો: ૪ ચીની નાગરિકોના મોત

### બોમ્બ વિસ્ફોટમાં ૧૭થી વધુ પાક. નાગરિકો ઘાયલ: હુમલાની જવાબદારી બલુચ લિબરેશન આર્મીએ સ્વીકારી: ચીનની તાકીદે કાર્યવાહીની માંગ



કરાંચી (પાકિસ્તાન) તા.૭

આ અંગેની વિગત મુજબ પાકિસ્તાનના કરાંચી એરપોર્ટ પાસે ગઈકાલે રવિવારે રાત્રે એક ભીષણ બોમ્બ વિસ્ફોટમાં ૪ ચીની નાગરિકના મોત થયા છે જયારે ૧૭ લોકો ઘાયલ થયા છે. આ હુમલાની બીએલએ - બલુચ લિબરેશન આર્મીએ જવાબદારી લીધી છે. બોમ્બ વિસ્ફોટ બાદ અનેક કારોમાં આગ લાગી હતી. ચીની દુતાવાસે ઘટનાની જાણકારી મેળવી હતી.

પાકિસ્તાનના કરાચી એરપોર્ટ નજીક રવિવારે રાત્રે એક મોટો હુમલો કરાયો. અહીં પોર્ટ કાસિમ ઈલેક્ટ્રિક પાવર કંપની (પ્રાઈવેટ) લિમિટેડના ચીનના કર્મચારીઓને લઈ જતા કાફલા પર હુમલો થતાં બે ચીની નાગરિકોના મૃત્યુથી હડકંપ મચી ગયો છે. આ સાથે અનેક પાકિસ્તાની નાગરિકો પણ ઘાયલ થયા હતા.

ચીનના દૂતાવાસના નિવેદન અનુસાર પાકિસ્તાનમાં ચીની દૂતાવાસ અને કોન્સ્યુલેટ જનરલે હુમલાની સખત નિંદા કરી હતી અને બંને દેશોના નિર્દોષ પીડિતો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને ઘાયલો અને તેમના પરિવારો પ્રત્યે ભારે દુઃખ વ્યકત કર્યું હતું. બીજી બાજુ ચીન તરફથી આ મામલે તાત્કાલિક તપાસ અને કાર્યવાહીની માગ સાથે ગુનેગારોને સખત સજા તથા પાકિસ્તાનમાં ચીની નાગરિકો, સંસ્થાઓ અને પ્રોજેક્ટ્સની સુરક્ષા માટે તમામ જરૂરી પગલાં લેવાની માગ કરવામાં આવી હતી. અહેવાલ અનુસાર આ બ્લાસ્ટમાં લોકો ઘાયલ થયા હતા. વિસ્ફોટ બાદ વિસ્તારમાં ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. લગભગ તો આખા શહેરના રહેવાસીઓએ વિસ્ફોટનો અવાજ સાંભળ્યો હતો. વિસ્ફોટ સ્થળની નજીકમાં રસ્તા પર ભીષણ આગના દશ્યો દેખાયા હતા. પાકિસ્તાની ભાગલાવાદી આતંકવાદી જૂથ બલૂચિસ્તાન લિબરેશન આર્મી (BLA) મજીદ બ્રિગેડે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી.

## સરકારી આવાસમાંથી તેજસ્વી બેડ, વોશ બેસીન અને એસી ઉઠાવી ગયાનો ભાજપનો આરોપ

### ભાજપના આરોપથી બિહારમાં રાજકારણ ગરમાયું

## પશ્ચિમ બંગાળની કોલસાની ખાણમાં બ્લાસ્ટમાં ૭ ના મોત : અનેક ઘાયલ

### બીરભૂમની કોલસાની ખાણમાં બ્લાસ્ટ બાદ ખાણના અધિકારીઓ ભાગી ગયા : બચાવ કામગીરી હાલ ચાલું

## ‘તું મારી ઘરવાળી સાથે કેમ વાતો કરે છે’ તેમ કહી યુવાનને પાડોશી પોકળ બંધુએ મારમાર્યો

### કોઠારીયા મેઈન રોડ ગોકુલ રેસ્ટોરન્ટની સામે કારમાં લઈ જઈ આરોપી બંધુએ યુવાનને ફડાકા ઝીંકી લમધાર્યો: આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી

રાજકોટ. તા.૭

કોઠારીયા મેઈન રોડ ગોકુલ રેસ્ટોરન્ટની સામે કારમાં લઈ જઈ પાડોશી આરોપી બંધુએ યુવાનને તું મારી ઘરવાળી સાથે કેમ વાતો કરે છે’ તેમ કહી ઢોર મારમારતાં આજીડેમ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.

બનાવ અંગે કોઠારીયા મેઈન રોડ પર મંગલ પાર્ક સોસાયટી શેરી નં.૩ માં રહેતાં જલ્પાબેન કૌશિકભાઈ ભેસાણીયા (ઉ.વ.૩૬) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે વિજય પોકળ, કલ્પેશ પોકળનું નામ આપી જણાવ્યું હતું કે, તેણી ઘરે બેસી ઈમિટેશનની મજૂરી કામ કરે છે. તેમને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે જેમાં મોટો દીકરો જસ્મીન (ઉ.વ.૧૭) ગઈકાલે બપોરના સમયે તેણી ઘરે હતી ત્યારે જસ્મીન ઘરે આવેલ અને વાત કરેલ કે, આપણા પાડોશમાં રહેતા વિજય પોકળ તથા કલ્પેશ પોકળ બંનેએ તેને મારેલ છે, જેથી તેણીએ દીકરાને કેમ મારેલ છે તેમ પૂછતા જણાવેલ કે, આજે બપોરે પોણા બારેક વાગ્યે તે ઘરે હતો ત્યારે વિજય પોકળનો ફોન આવેલ અને કહેલ કે, બહાર આવ આપણે ગેરેજે ગાડી લેવા જવું છે, જેથી હું આપણા ઘરથી આગળ આવેલ દ્વારકાધીશ હોટલ પાસે ગયેલ અને ત્યાં આરોપી બંને ભાઈઓ કાર લઈ ઊભા હતા જેથી હું કારમાં બેસી ગયેલ અને તેમના કોઠારીયા મેઈન રોડ ગોકુલ રેસ્ટોરન્ટની સામે આવેલ જય ગોપાલ નામના ગેરેજ ખાતે ગયેલ હતાં.

ત્યાં જઈ વિજયને કહેલ કોની ગાડી લેવા જવાનું છે તો આરોપીએ કહેલ કે, કોઈની પણ ગાડી લેવા જવાની નથી, તું મારી ઘરવાળી સાથે કેમ વાતો કરે છે તેમ કહી ગાળો આપવા લાગેલ અને ચાર ફડાકા મારી દીધેલ હતાં. તેમજ ત્યાં ગેરેજ પાસે રહેલ લાકડાનો ધોકો લઈ વિજય ફટકારવા લાગતાં પગના ભાગે ઈજા પહોંચી હતી. તેમજ કલ્પેશે પણ માર મારેલ હતો. દરમિયાન ત્યાં લોકો દોડી આવેલ અને વિજયના પત્નીએ કહેલ કે, અમારે બંને વચ્ચે એવું કશું નથી અને વાતો પણ કરતા નથી તેમ છતાં બંને ભાઈઓએ ઝઘડો કરવા લાગેલ અને મારમાર્યો હતો. બાદમાં આરોપીઓ ચોકમાં ઊભાં હોય જેથી ફરીયાદીએ મારા દીકરાને કેમ મારેલ તેમ કહેતા કલ્પેશ પોકળે કહેલ કે, હજુ તો માર મારેલ છે અને હવે બીજી વાર ધ્યાન રાખજે નહીંતર જાનથી મારી નાખીશ તેમ કહી નાસી છૂટ્યા હતાં. બાદમાં તેણીએ ઈજાગ્રસ્ત પુત્રને ૧૦૮ મારફતે સારવારમાં ખસેડ્યો હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી હતી.

## જમ્મુ કાશ્મીરને પૂર્ણ રાજયનો દરજજો આપવાની અરજી સુપ્રીમમાં દાખલ

કેન્દ્રની મોદી સરકાર દ્વારા જમ્મુ કાશ્મીરને કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવ્યો તેની સામે હવે સુપ્રીમમાં કાનુની જંગ શરૂ થયો છે અને રાજયને પુનઃ પૂર્ણ રાજયનો દરજજો આપવાની માંગ સાથેની અરજી સુપ્રીમમાં દાખલ થઈ છે.

---

## નીતિન સરકારને ઉથલાવવાનું ષડયંત્ર : ફલોર ટેસ્ટ માંગીને જંગી નાણાથી ધારાસભ્યો ખરીદવા તૈયારી હતી

બિહારમાં નીતિનકુમાર સરકારને ઉથલાવવા માટે ધારાસભ્યોની ખરીદ-વેચાણની તૈયારી હતી અને હવાલા દ્વારા જંગી નાણા એડવાન્સ પણ મોકલાયા હતા. આર્થિક અપરાધ વિરોધી શાખાએ આ ષડયંત્ર ઝડપી પાડયું છે અને તેની તપાસ ઈડીને સોંપી છે. ૧૯ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી વચ્ચે આ સોદો થયો હતો અને તેમાં ૧૨ ફેબ્રુઆરીના વિશ્વાસ મત સમયે તે અમલમાં મૂકાવાનો હતો.

---

## એચડીએફસી બેંકે વ્યાજદરમાં પાંચ બેઝીક પોઈન્ટનો વધારો કર્યો

બુધવારે રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તેની નવી વ્યાજદર નીતિ જાહેર કરવાની છે તે સમયે ખાનગી ક્ષેત્રની એચડીએફસી બેંકે તેના મુળ ધિરાણ દરમાં પાંચ બેઝીક પોઈન્ટનો વધારો કર્યો છે જેના કારણે તમામ લોન મોંઘી થશે. કન્ઝયુમર લોન ૯.૪૫ ટકા થઈ જશે.

## પૈસાની લેતી દેતી મામલે દિલીપ જંજવાડિયા પર બે શખ્સોનો હુમલો

### જકાતનાકા પાસે બનેલો બનાવ: યુવક રાજકોટ સિવિલમાં દાખલ

રાજકોટ તા.૭

શહેરનાં મોરબી રોડ જકાતનાકા પાસે ૧૯ વર્ષના યુવાન દિલીપ જંજવાડિયા પર પૈસાની લેતી દેતી મામલે બે શખ્સોએ હુમલો કર્યો હતો. હાલ યુવક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

બનાવની વિગત મુજબ મોરબી રોડ જકાતનાકા સૂર્યમુખી હનુમાન મંદિર પાસે રહેતો દિલીપ અજયભાઈ જંજવાડિયા (ઉ.વ.૧૯) નામનો યુવક ગઈ કાલે સાંજે ઘર નજીક હતો ત્યારે નિર્મળ ગમારા અને રોહિત ઝાપડાએ ઝઘડો કરી ઢીકા પાટુનો માર મારી નાસી ગયા હતા. બાદ ઈજાગ્રસ્ત હાલતમાં દિલીપને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. યુવક છૂટક મજુરી કામ કરે છે. પૈસાની લેતી દેતી મામલે હુમલો કર્યો હોવાનું યુવકનાં પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે બી ડિવિઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## આજી-૨ ડેમના દરવાજા બંધ કરાયા

રાજકોટ તા. ૭

રાજકોટ તાલુકાના આજી-૨ ડેમમાં વરસાદની આવક ઘટતા અગાઉ બે દરવાજા ૦.૧૫ મીટર ખોલેલા હતા, જે હાલ બંધ કરાયા છે. આથી ડેમના વિસ્તારમાં આવેલા અડબાલકા, બાઘી, દહીંસરડા, ડુંગરકા, ગઢડા, હરીપર, ખંઢેરી, નારણકા, સખપર, ઉકરડા સહિતના ગામોના ગ્રામજનોના લોકોએ નોંધ લેવી.

## અવસાન નોંધ

**રાજકોટ:** મુળ માણાવદર, હાલ રાજકોટ નિવાસી હસમુખભાઈ મગનલાલ શુકલના મોટા દિકરા વિપુલભાઈ તેમજ અ.સૌ. ઉષાબેનની દિકરી માનસી તેમજ જસ્મીન, સ્વાતીબેનની ભત્રીજી, તે હેત, વૈશાલી, હેતલ, હર્ષ, પ્રિયાંશી, માનવની બહેન તા.૬ને રવિવારના રોજ કૈલાસવાસી થયેલ છે.

**રાજકોટ:** વાણંદ નાથાભાઈ ઠાકરશીભાઈ શીશાંગીયા (ઉ.વ. ૭૪, મુળ ખરેડી, હાલ રાજકોટ)નું તા.૬ને રામચરણ પામેલ છે. તે જીતેન્દ્રભાઈ, મનીષભાઈ, જીજ્ઞેશભાઈના પિતા તેમજ સ્વ. ચીમનભાઈ, સ્વ. ધીરજલાલ તથા શાંતિલાલના ભાઈ તેમજ ભાવેશકુમાર ચંદુભાઈ વાજાના સસરાનું બેસણું તા.૧૦ને સાંજે ૪ થી ૬ એમના નિવાસસ્થાને બંને પક્ષનું સાથે રાખેલ છે.

## અદાલતો પાસે તત્કાલ-ન્યાયની કોઈ જાદુઈ છડી નથી: પ્રક્રિયા મુજબ જ જવુ પડે: હાઈકોર્ટ



### પ.બંગાળમાં ૮ વર્ષની બાળા પર સંભવિત દુષ્કર્મ અને હત્યાની ઘટનામાં લોક આક્રોશ સામે ‘સંયમની’સલાહ આપી

કોલકતા તા.૭

દેશમાં બનતા દુષ્કર્મ અને તેના જેવી ધૃણાસ્પદ ઘટનાઓમાં આરોપીઓને તાત્કાલીક ફાંસીના માચડે ચડાવવા સહીતની માંગ સાથે વધતા જતાં જનઆક્રોશ સામે એક તરફ પોલીસદળ અને સરકાર પર દબાણ વધે છે અને ન્યાયતંત્ર સામે પણ ઝડપથી ન્યાયની આશા રખાય છે. તેની સામે રૂક-અર્થ જેવા વિધાનમાં કોલકતા હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે તાત્કાલીક ન્યાય આપી શકાય તેવી કોઈ જાદુઈ છડી અદાલતો પાસે નથી.

પ.બંગાળનાં જોયનગરમાં બે દિવસ પૂર્વે ‘ગુમ’ થયેલી ધોરણ ૪ માં અભ્યાસ કરતી એક બાળાનો મૃતદેહ ખુબ જ ખરાબ હાલતમાં મળ્યો હતો તેની હત્યા કરવામાં આવી હતી અને સંભવીત દુષ્કર્મ પણ થયુ હોવાનું જણાયુ હતું. જેમાં સ્થાનિક લોકોએ આક્રોશ દર્શાવીને દેખાવ-ધરણા કરતાં અને તોડફોડ ચાલૂ કરતાં પોલીસને બળપ્રયોગ કરવાની ફરજ પડી હતી. પોલીસે એક ૧૯ વર્ષનાં સ્થાનીક યુવક મોસ્તકીન સરદારની આ કેસમાં હત્યાનાં આરોપમાં ધરપકડ કરી પણ દુષ્કર્મ અંગે મેડીકલ પુરાવા મેળવવા અને બાળાના કુટુંબીજનોની વાત મુજબ મેજીસ્ટ્રેટની હાજરીમાં પોસ્ટમોર્ટમ વિ.ની પ્રક્રિયામાં સ્થાનીક ટ્રાયલ કોર્ટે મંજુરી નહી આપતા હાઈકોર્ટમાં અપીલ કરી હતી અને માંગ કરી કે સ્થાનીક કોર્ટનાં આદેશને રદ કરવામાં આવે. હાઈકોર્ટનાં ન્યાયમુર્તિ તિર્થકર ઘોષે રવિવારે ખાસ સુનાવણી રાખીને મેજીસ્ટ્રેટની હાજરીમાં પોસ્ટમોર્ટમમાં કોઈ સમસ્યા નહીં હોવાનું જણાવી મંજુરી આપી હતીર પણ પોલીસે આ કેસમાં પોકસોની કલમ ન ઉમેરી તેની ટીકા કરતા જણાવ્યુ છે ઈન્કવેસ્ટની તપાસના પુરાવામાં આ શકયતા દર્શાવાઈ છે. પોલીસે હવે ઓટોપ્સીની રાહ જોવી જોઈએ નહિં અને આરોપીને પોકસો હેઠળ ચલાવવા આદેશ આપ્યો હતો.

જોકે હાઈકોર્ટમાં બાળાના કુટુંબીજનોની માંગણી પર પ્રતિભાવ આપતા કહ્યું કે હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ સમક્ષ લોકો તાત્કાલીક ન્યાય ઝંખે છે તેઓ જેની અપરાધી માનતા હોય તેને અમો તુર્તજ શિક્ષા કરીએ તેવી ઈચ્છા હોય છે પણ અમારી પાસે તાત્કાલીક ન્યાયની કોઈ જાદુઈ છડી નથી. ન્યાય એ એક તબકકાવારની પ્રક્રિયા છે કોર્ટનું કામ તેની સમક્ષ રજુ થતા રેકોર્ડ પુરાવા વિ. પર આધારીત છે અને અરજદાર કે બચાવ કરનારા સાથે અદાલતની કોઈ વ્યકિતગત લીંક હોતી નથી તે સમજવુ જોઈએ. હાઈકોર્ટે બાદમાં પોલીસને પોકસો કલમ ઉમેરવા અને આરોપીને રેગ્યુલર નહી પોકસો કોર્ટમાં રજુ કરવા આદેશ આપ્યો હતો.